વર્ષ : ૭, અંક : ૨, સળંગ અંક : ૮૭, મે - ૨૦૧૯
દર માસની પંદર તારીખે પ્રગટ થતું માસિક

સત્પંથ પ્રકાશ









અમૃત મહોત્સવ અંક



અમૃત મહોત્સવ સંઘ મેળા પ્રસંગે પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય નાનકદાસજી મહારાજ
તેમજ નવનિયુક્ત મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજી ગુરુનાનકદાસજી તથા
યોગતપોનિષ્ઠ સંતશ્રી પ્રેમદાસબાપુ

છૂટક કિંમત : ૯=૦૦ રૂ. / વા. લ. ૧૦૦=૦૦ રૂ.

વર્ષ : ૭, અંક : ૨, સળંગ અંક : ૮૭, મે - ૨૦૧૯
દર માસની પંદર તારીખે પ્રગટ થતું માસિક

સત્પંથ પ્રકાશ









અમૃત મહોત્સવ અંક



અમૃત મહોત્સવ સંઘ મેળા પ્રસંગે પ.પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય નાનકદાસજી મહારાજ તેમજ નવનિયુક્ત મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજી ગુરુનાનકદાસજી તથા યોગતપોનિષ્ઠ સંતશ્રી પ્રેમદાસબાપુ

છૂટક કિંમત : ૯=૦૦ રૂા. / વા. લ. ૧૦૦=૦૦ રૂા.


realpatidar.com
Transform Spaces Into Beautiful Places
ફર્નિચર
સેનેટરી વેર અને સી.પી. ફીટીંગ
ગ્રેનાઈટ માર્બલ
ટાઈલ્સ : વોલ અને ફલોર
લક્ષ્મી
બીલ્ડીંગ સોલ્યુશન
કિચન પ્રોડક્ટસ
પેઈન્ટસ
સોલાર પ્રોડક્ટસ
સીમેન્ટ અને સ્ટીલ તેમજ બીલ્ડીંગ મટીરીયલ્સની તમામ જરૂરીયાતો એક જ સ્થળેથી
હાર્ડવેર અને ડોર
EXCLUSIVE DISPLAY GALLERY
BRANDS ASSOCIATES WITH US
CERA Style Gallery
Exclusive CERA Display Centre
KANSAI NEROLAC
COLOR STYLERS
JOHNSON BATHROOMS
ESSCO
Dulux
Kay2 TMT BARS
Nilkamal
FURNITURE IDEAS
exxaro TILES SHOPPEE
JK LAKSHMI CEMENT
RAMCO
PRAVESH
Godrej
લક્ષ્મી એન્ટરપ્રાઈઝ, ગ્રીડ પાસે, બારડોલી રોડ, કબીલપોર, નવસારી.
PH. (02637) 239390, 97234 54880/1 TOLL FREE NO.: 1800 833 0002
realpatidar.com
૨

અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)










અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)

















અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)



અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)



અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)

















અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા ખાતે (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)



સત્પંથ પ્રકાશ

વર્ષ : ૯, અંક : ૨, સળંગ અંક : ૮૭, મે - ૨૦૧૯

:: સ્થાપકશ્રી ::
શ્રી શામજીભાઈ કે. પટેલ - વડાગામ

:: સંપાદકશ્રી ::
શ્રી શાંતિભાઈ ડી. પટેલ - મુંબઈ

:: સત્પંથ પ્રકાશન સમિતિ ::

:: પ્રમુખશ્રી ::
શ્રી મનોજભાઈ એન. પટેલ - વડોદરા

:: મંત્રીશ્રી ::
શ્રી જશુભાઈ કે. પટેલ - વિઠ્ઠલપુરા લાટ

:: સહ મંત્રીશ્રી ::
શ્રી સુરેશભાઈ એમ. પટેલ - અમદાવાદ

:: સદસ્યશ્રીઓ ::
પ્રિ. શ્રી સુરેશભાઈ એસ. પટેલ - ખેડબ્રહ્મા
શ્રી જેઠાલાલ કે. સેંઘાણી - માંડવી
શ્રી નારણભાઈ ડી. પટેલ - પૂના
શ્રી અંબાલાલ પી. પટેલ - રામાપીરકંપા
શ્રી અમૃતલાલ જે. રૂડાણી - નાના અંગીયા
શ્રી હર્ષદકુમાર જે. પટેલ - પીરાણા લાટ

:: સલાહકારશ્રીઓ ::
શ્રી સામજીભાઈ એલ. ધોળુ - વડોદરા
શ્રી કરશનભાઈ વી. પટેલ - ધનસુરા

:: સત્પંથ પ્રકાશ - લવાજમ દર ::

		ભારતમાં		વિદેશમાં
વાર્ષિક	:	૧૦૦=૦૦	:	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	:	૨૫૦=૦૦	:	૧૮૦૦=૦૦
આજીવન (૨૫ વર્ષ)	:	૮૫૦=૦૦	:	૪૦૦૦=૦૦

:: પ્રકાશક ::
સત્પંથ પ્રકાશન સમિતિ,
પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ-૩૮૨૪૨૫.

E-mail : satpanthprakash@gmail.com

Website : www.nishklankinarayan.com

કુરીયર્સ : મારૂતિ કુરીયર્સ, બારેજા - અમદાવાદ.
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા.

સંપર્ક : પ્રકાશન ઓફિસ પ્રેરણાપીઠ, પીરાણા મો. ૯૭૧૪૯૭૬૦૦૬
ચેતન પટેલ - પ્રકાશન ઓફિસ મો. ૯૪૨૮૭૬૮૭૮૭
ધર્મેન્દ્ર પટેલ - બુક સ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦

ડીઝાઈન : મનીષકુમાર કોષ્ટી - અમદાવાદ. (મો.) ૭૮૭૪૮૫૦૨૮૨
કુમકુમ ગ્રાફીક્સ, શીવ ચેમ્બર્સ, સી.ટી.એમ., અમદાવાદ-૨૬.

મુદ્રક : સનરાઈઝ પ્રિન્ટર્સ : જી-૯, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ સામે, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૨૫૩૮૫૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૭ સળંગ અંક : ૩૦૭

પ્રાર્થના


સત્પંથ ધર્મ કાજે, નવ કરવું મોડું રે,
જીવન રહ્યું છે ઓછું રે...
જીવન આખું અર્પું શ્રી નકલંકજીને રે,
તો યે પડતું ઓછું રે...
સમગ્ર જીવન સત્પંથ ધર્મ કાજે રે,
હું તો મન મૂકીને દોડું રે...

મનસા વાચા, કર્મણાથી સેવા તારી કરું રે,
જીવન આખું હૃદયથી સત્સંગ કરું રે,
કરું મનથી નિર્ધાર પાકો રે,
તન્દ્રામાં નથી જીવવું રે.
સમગ્ર જીવન, સત્પંથ ધર્મ કાજે રે,
હું તો મન મૂકીને દોડું રે...

જીવનમાં સદ્ગુણો કદી નવ છોડું રે,
સર્વ અવગુણો ત્યાગુ, સત્પંથ ધર્મ કાજે રે,
દોડુ વિશ્વ-મહી તમ કાજે રે,
હામ હું કદિ નવ હારું રે,
સમગ્ર, જીવન, સત્પંથ ધર્મ કાજે રે,
હું તો મન મૂકીને દોડું રે...

- ગિરીશભાઈ અંધારિયા, 'ગિરુ', ભાવનગર.

●●●



અનુક્રમણિકા

 ● બીજાને આપીને ખાવ, થોડું હોય તો પણ બીજા માટે કાઢી રાખવો. ●

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમ ॥

પરમેશ્વર ક્યારેય કોઈપણ કર્મને નિષ્ફળ કરતા નથી અને કોઈ નિશપરાધીને દંડ દેતા નથી. આ જન્મમાં અને પૂર્વ જન્મમાં પ્રત્યેક માનવીને માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

આજ કાલ સમાજમાં વિચિત્ર સ્થિતિ થઈ ગઈ છે. લોકોને ન તો ઈશ્વરની ઉપર વિશ્વાસ છે અને ન તો તેમના કર્મફળની વ્યવસ્થા ઉપર છે. ફળ સ્વરૂપે તેઓ ઉચ્છૃખલ અને સ્વેચ્છા ધારી થઈ રહ્યા છે. દંડશે તેનો કોઈ ને ભય નથી આવતા જન્મમાં શું થશે તેની ચિંતા નથી તો પછી રોકનાર કોણ રહી ગયા ? વિવેક બુદ્ધિ પણ શા માટે સાથ આપે ? જે સારુ લાગ્યું જ્યાંથી કોઈ લાભ દેખાયો જ્યાં મઝા આવી. બસ તે બાજુ આગળ વધવા લાગ્યા.

પોતાની સ્વાર્થપૂર્તિ માટે કોઈનું અહિત કરવું પડે તો કોઈ ભય અને સંકોચ નથી કે કોઈ લાજ શરમ નથી. આ બધુ તો પશુઓ પણ કરે છે. ભોજન અને પ્રજનનથી વધારે કોઈ વાતની ચિંતા નથી.

માનવીને ભગવાને આટલી બધી કૃપા અને વરદાન આપ્યાં છે તેનો જો તેઓ સદુપયોગ કરી શકે નહી તો પછી માનવ યોનિમાં આવવાથી શો લાભ મળ્યો ? પાછલા જન્મોના પાપકર્મોની સજા તો ભોગવવી જ પડે છે. તેના કારણે આ જન્મોનાં પાપ કર્મોની સજા તો ભોગવવી જ પડે. તેના કારણે આ જીવનમાં દુઃખ અને મુશ્કેલીઓ ઉઠાવવી પડે છે. થોડું પ્રાંયચિત કરવાનું તો આપણાથી થઈ શકતું નથી ઉલટાનું વધુ પાપકર્મોમાં ફસાઈએ છે. પરિણામ એ થાય છે કે બાકીનું જીવન પણ નાટકીય થઈ જાય છે અને આવતા જન્મમાં ન જાણે કયા રૂપમાં દંડ ભોગવવો પડશે. આ સત્ય ઉપર વિચાર અને મનોમંથન કરવું જોઈએ. તો વિચારી લેજો. આ જ્ઞાન આપણને પણ લાગું પડે છે.

આપણા પ્રેરણાપીઠમાં નવીન ઉતરાધીકારી (પેટાકાકા) મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજી મહારાજશ્રીની નિમણૂક ને આપણે સૌએ વધાવી તેમજ તા. ૧૬ થી ૨૧, દિકરાઓની અને દિકરીઓની ૨૧ થી ૨૬ સુસંસ્કાર બાલ બાલીકા શિબીરનું આયોજન થઈ રહ્યું છે અને બાલ બાલીકાઓના જીવનમાં ધર્મ પ્રત્યેની ભાવના જીવનમાં સંસ્કારનું સિંચન કરવામાં આવશે. જેનો સર્વેએ લાભ લેવા બાલ બાલીકાઓને શિબિરમાં મોકલવા અનુરોધ છે. તેમજ પ્રેરણાપીઠ પીરાણામાં યોગ-પ્રાર્થના - યોગ સાધનાનું આ માસમાં આયોજન થઈ રહેલ છે જેની વિગત આપવામાં આવેલ છે.

શાંતિભાઈ ડી. પટેલ
મુંબઈ

●●●

''સદ્‌ગુરુની આજ્ઞા

- પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ, પ્રેરણાપીઠ પીરાણા

સદ્‌ગુરુ ગુરુ બહુ અંતરો જો દિવસ અરુ જાણ
ગુરુ બતાવે વૈકુંઠ તો સદ્‌ગુરુ દે નિજ ધામ

ગુરુ અને સદ્‌ગુરુમાં ફરક છે. ગુરુ વૈકુંઠનો માર્ગ બતાવે છે તો સદ્‌ગુરુ બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે. મુક્તિનો માર્ગ બતાવે છે. ગુરુ તો અનેક હોય પણ સદ્‌ગુરુ તો જે બારે કળાથી યુક્ત હોય તે જ ખરા સદ્‌ગુરુ કહેવાય. વૈદશાસ્ત્રમાં સદ્‌ગુરુની બાર કળા નીચે મુજબ દર્શાવી છે.

પૂર્ણ ચંદ્ર પ્રમાણે નિર્મળ હોય સૂર્ય પ્રમાણે તેજસ્વી હોય અગમ્ય રૂપ બતાવનાર હોય. અગમ નિગમ જાણનાર હોય જેમના પગમાં પદ્‌મ હોય જેમના જમણા પગના અંગૂઠાંમાં તીર્થ જેટલો મહિમા હોય. જેમની આંખમાં ઊંઘ હોતી નથી. અને સર્વે જગતને એક રૂપથી જુએ છે. જેમના પગ જમીનને અડતા નથી એટલે જેમની ગતિ પ્રમાણે છે. જે સત્ત્વ રજસ તમસ આદિ ગુણોથી પર હોય એટલે કે ચૌદ ભુવનની અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે. અને જન્મતાં જ બધા વેદ બોલી બતાવે છે. જેમની શક્તિ દેવ અને દાનવો કરતાં વધારે હોય, જે જિતેન્દ્રિય હોઈ બધાની મનોકામના પૂરી કરે છે. આ પ્રમાણે બારે કળાથી યુક્ત હોય તેજ સદ્‌ગુરુ-યુગગુરુ કહેવાય. એવા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણને મન ચિંતામણી એટલે મન ને ઓળખી મનનાં લક્ષણો ઓળખીને ભક્તિ કરવાનું સમજાવેલું છે. મનનું લક્ષણ બીજાને માન આપવાનું છે. તેથી પોતે માન રહિત થઈ જાય છે અને સર્વ સૃષ્ટિ સાથે સમદષ્ટિનો ભાવ જાગે છે. સમદષ્ટિનો ભાવ પ્રગટે ત્યાંથી બ્રહ્મજ્ઞાનની શરૂઆત થાય છે. આપણા દેહમાં સાહેબને જાગૃત કરવાનું કહે છે કે

સદ્‌ગુરુ સાહેબને કરું રે પ્રણામ,
સમરું એક નિરંતર નામ.

સદ્‌ગુરુમાં રહેલ સાહેબ. (આત્મા) તેજ સાહેબ આપણામાં રહેલ છે તે સાહેબને નિર્મળ મનથી નિરંતર સમરવાનું કહે છે.

સાહેબ સમરી નિત્ય જ્ઞાને મલીયે
સઘળા મનનાં કુલક્ષણ ટાળીએ.

સદ્‌ગુરુમાં સાહેબને નિત્ય જ્ઞાનથી ભક્તિથી જાણવાનું કહેલ છે. તે ક્યારે બનશે કે જ્યારે મનનાં કુલક્ષણો ટળી જશે, કે મનના કુલક્ષણો શું છે? ક્યાં છે? મન શું છે? તે તમામ જ્ઞાન મન ચિંતામણીમાં સદ્‌ગુરુએ બતાવેલ છે.

મન ચિંતામણી જ્ઞાનનો એવો ભંડાર છે. જેથી દરેક પંક્તિમાં જ્ઞાનની ગંગા વહે છે.

ચંચલ મન તો થર થાયે,
ઋષિવર કરવો સ્મરણ ઉપાયે.

સદ્‌ગુરુએ આજ જ્ઞાનમાં કહ્યું કે મારા ઋષિવરો તમારું ચંચળ મન જે મન આમતેમ ભટકતું રહે છે. જપ ધ્યાન કે ભક્તિમાં સ્થીર નથી અને આપણે કરેલ ભક્તિનું ફળ મળતું નથી તે મનને સ્મરણ કરવાથી કે જપ ધ્યાનમાં મનને એકાગ્ર કરી મન ચિંતામણીમાં બતાવેલ જ્ઞાનથી સ્થિર કરી સ્મરણ કરવાનું કહે છે.

આ પુસ્તિકાને એક ચિતથી વાંચતા કે શ્રવણ કરતાં સંસાર ભાવથી મુક્ત થઈ. બ્રહ્મ સાગરમાં ડૂબકી મારતા હોઈ એ તેવાં અનેરો આનંદ થાય છે. બ્રહ્મજ્ઞાનનો અભ્યાસ પછી આપણા જીવનમાં જ્ઞાનનો ઓતપ્રોત થી જ્ઞાનને જીવન મય જીવન જ્ઞાન મય બનાવી દઈએ તોજ મન એકાગ્ર બની મુક્તિ - સુખ-દુ:ખોથી મુક્ત બનાવી શકાશે. જેને ભક્તિ માર્ગ ઉપર પૂરી નિષ્ઠાથી ચાલવું હોય તેમણે ભીતરના ભેદ મન ચિંતામણીના માર્ગથી ઉકેલી જ્ઞાન મેળવવું જોઈએ. હરિના ધ્યાનમાં લીન કરાવે.

એટલે આપણા પ.પૂ. પ્રેરણાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ આપણને સમજાવે છે કે આપણા સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે મન ચિંતામણીનું જે જ્ઞાન આપણને દીધેલ છે. તે ભગવત ગીતાના અઢાર અધ્યાયનું જ્ઞાન પામ્યાનો સંતોષ થાય છે. સુખ કે દુ:ખના સર્વે સંજોગોાં ભક્તિ માર્ગમાં અચળ રહેવાનું આ ઉત્તમ જ્ઞાન છે.

●●●

સદ્‌ગુરુનો દિવ્ય સંદેશ

-પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ્રેરણાપીઠ - પીરાણા

નારાયણે બ્રહ્માને કહ્યું જ્ઞાન,
આદિ અંત મધ્યે મુજને જાણ.
એવા અનુભવે આજ અંતર આણ,
બ્રહ્માએ લઈ ગત નારાયણ.
બ્રહ્માએ નારદને કહ્યું જ્ઞાન,
પામ્યા દેવ ઋષીવર નિધાન.
નારદે વેદમ વ્યાસને કહ્યું,
મુનિવરનું મન પ્રસન્ન થયું.
વ્યાસે સુખદેવજીને કહ્યું સ્મરણ,
જે જીવનો થાયે ઓધારણ.
તું હી સાચા સાહેબ હો...

જીવપણું મુકાએ સદા, સુખદેવજીએ કહ્યું જ્ઞાન,
જનક વિદેહી થકી પામીયા, પરમ જ્ઞાન નિધાન.

જ્યારે મહાભારતનું યુદ્ધ થવાનું હતું તે વખતે યુદ્ધથી પહેલા અર્જુને કૃષ્ણને કહ્યું મારો રથ રણ સંગ્રામમાં વચ્ચે ઊભો રાખો જેથી હું જોઈ શકું કે મારે કોની સાથે લડવાનું છે. કૃષ્ણે યુધ્ધ રણ મેદાનની વચ્ચે રથ ઉભો રાખ્યો ત્યારે અર્જુને જોયું કે સામા પક્ષે કૌરવો જે કાકાના છોકરા હતા ભીષ્મપિતા જે દાદા હતા સદા પાંડવોનું હીત ચાહતા હતા. બાળપણમાં તેના ખોળામાં રમ્યા હતા. દ્રોણગુરુ જેની પાસેથી વિદ્યા શીખ્યા હતા કૃપાચાર્ય હતા, અશ્વત્થામા હતો. શલ્યમામા હતો. આ બધાને જોઈ અર્જુન ઢીલો પડી જાય છે તેનાં ગાત્રો ગળી જાય છે અને કૃષ્ણને કહે છે મારે યુદ્ધ નથી કરવું. હવે કૃષ્ણ સમજાવવા માટે અર્જુનને ગીતાનું જ્ઞાન આપ્યું અને કહે છે આ જ્ઞાન પહેલાં મે સૂર્યને કહ્યું હતું સૂર્યે મનુને કહ્યું હતું મનુએ ઈશ્વાને કહ્યું હતું પણ કાળે કરીને તે લુપ્ત થઈ ગયું હતું. હું તને ફરીથી આ જ્ઞાન કહું છું. તેવીજ રીતે

આ મનચિંતામણિનું જ્ઞાન પ્રથમ નારાયણે બ્રહ્માને કહ્યું હતું. કે આ સૃષ્ટિનો આદિ હું છું મધ્યમાં હું છું અને અંતે પણ હું જ હોઈશ. સૃષ્ટિનું આદિ બીજ હું છું. કહેવાનો મતલબ અદ્વૈત્તવાદનો છે કે આ બધાં જુદાં જુદાં રૂપો દેખાય છે તે મારાં જ રૂપો છે. આ જ્ઞાન નારાયણે બ્રહ્માને કહ્યું હતું. આ જ્ઞાન નારાયણ પાસેથી બ્રહ્માએ લીધું પછી બ્રહ્માને નારદને આ જ્ઞાન કહ્યું આ જ્ઞાનથી નારદ દેવ ઋષીવર (દેવર્ષી)નું પદ પામ્યા. નારદ દેવર્ષી થયા પછી નારદે આ જ્ઞાન વેદમ્ વ્યાસને કહ્યું. આ જ્ઞાન સાંભળી વ્યાસ મુની મુનીવરનું પદ પામ્યા અને તેનું મન પ્રફુલ્લીત થઈ ગયું તેવું આ જ્ઞાન છે. વ્યાસ ભગવાને આ જ્ઞાન તેના પુત્ર સુખદેવજીને કહ્યું. તેનાથી શુખદેવજીના જીવનો ઓધાર થયો. આ રીતે આ જ્ઞાન સુખદેવજી પછીથી ભાગવત સપ્તાહ દ્વારા પરિક્ષિત રાજાને કહે છે અને તે પણ મૂક્તી પામે છે. આ રીતે આ જ જ્ઞાન આ જગતમાં એકના મોઢાં થકી બીજાને ત્રીજાને એમ અનેકને કહે છે અને જે આ જ્ઞાન સાંભળે છે અને તે પ્રમાણે અમલ કરે છે તેનો આજે પણ ઉદ્ધાર થાય છે.

તુંહી સાચા સાહેબ હો.

સુખદેવજી મોટા થયા એટલે તેને ગુરુ કરવા પડે આ જવાબદારી તેના પિતાની હતી. એટલે વ્યાસમુનિએ શુખદેવજીને ગુરુ કરવા જનકરાજા પાસે મોકલ્યા જનક રાજાનો અપાર વૈભવ હતો પણ રાત્રે સુતા હતા ત્યારે પોતાની પથારી ખુબ સુંદર હતી પણ ઊપર ખુલ્લી લટકતી તલવાર હતી જે ઘોડાના વાળથી બાંધેલી હતી ક્યારે નીચે પડે તે કહેવાય નહિં તો રાત્રે તેને ઊંઘ કેવી રીતે આવે અને સુતા ત્યારે એક હાથ તેની પત્ની ઊપર અને બીજો હાથ અગ્નીની બાજુમાં હતો સહેજ આઘા પાછા થાય તો હાથ દાજી જાય. માટે જનક રાજાને વિદેહી કહેવામાં આવે છે. તે દેહ કરતાં આત્માં જ રમણ કરતાં હતા.

જનક વિદેહી સુખદેવજીના ગુરુ હતા. સુખદેવજીએ જનક રાજા પાસેથી આત્મજ્ઞાન મેળવ્યું. કે દીનપણામાં ન રહેવું અને આત્મવત રહેવું. આત્મા શુદ્ધ છે. ચૈતન્ય છે જ્યારે જીવ ઉપર આવરણો ચડેલાં છે.

●●●

● પતિમાં ઈશ્વરની ભાવના નહી રાખો તો મૂર્તિમાં ઈશ્વરનો ભાવ થશે નહીં. ●

''સદ્‌ગુરુ ઉપદેશ

-અંબાલાલ પી. પટેલ, લક્ષ્મીપુરાકંપા-બાયડ

સદ્‌ગોર કહે રે, પ્રભાતે રવિ ઊગ્યા,
તે નવ ખંડે હુઆ પ્રકાશ રે...
જ્યાં જોઈએ ત્યાં તેટલો, એમ અંતર પિયુજી કે પાસ રે...

સતગોર કહે છે રાત્રી પુરી થાય એટલે સવાર પડે છે અને સૂર્ય ઊગે છે. આ સૂર્ય ઊગે એટલે નવે ખંડમાં પ્રકાશ ફેલાય છે અંધારુ દૂર થાય છે. સૂર્ય ઊગ્યા પછી દીવાની જરૂર પડતી નથી. પછી જ્યાં જોઈે ત્યાં નવે ખંડમાં પ્રકાશ ફેલાય છે. ઘરમાં વગડામાં પર્વત ઉપર, શહેરમાં, ગામમાં બધે જ લાખો-કરોડો, દીવા કરીએ તો પણ બધી જગ્યાએ આટલો પ્રકાસ ન ફેલાવી શકીએ તેમ ભક્તિ કરતાં પરિપૂર્ણતા આવે ત્યારે આપણા શરીરમાં જુદા જુદા અનુભવ થાય છે નાદ સંભળાય છે પછી પ્રકાશ દેખાય છે. અને અંદર એટલો બધો ખજાનો છે કે તેનો પાર નથી તેના સ્વામી બનાય છે અને જેમ સૂર્યનું બહાર અજવાળું થાય છે તેમ અંદર સૂર્યનું જેવું અજવાળું થાય છે. બહાર એકજ ચંદ્ર અને સૂર્ય છે, જ્યારે આ શરીરમાં ચંદ્રલોક (અનેક ચંદ્રો) અને સૂર્યલોક છે તેનું અંદર અજવાળું થાય છે પ્રકાશ થાય છે ત્યારે અંદર રાત મટી સવાર થઈ એમ કહેવાય છે. અંદર નવે ખંડમાં પ્રકાશ થાય છે આખું શરીર પ્રકાશથી ભરાઈ જાય છે. જાગતાં શરીરમાં ચેતના આવે છે. શરીરનાં બધાં અંગો ઉપાંગો, મગજ કાર્યરત થઈ જાય છે. તેનાથી વિશેષ જ્યારે અંદર આત્માનો પ્રકાશ થાય છે ત્યારે નવે ખંડમાં હાથ, પગ અને આખા શરીરમાં પ્રકાશ ફેલાય છે. અને આનંદની અનુભૂતિ થાય છે.

આનંદ અપાર મારા પ્રભુના દરબારમાં.

●●●

ગોરવાણી

ખુરાસાનના દલ ચાલશે, હવે આની મેળાવશે.
પશ્ચિમથી દલ ચાલશે, સૈન્ય સંખ્યા નહી પાર.
ધોડે ધોડે તબલ બાજસે, તારે ઊલટે ખુરાસન.
ધીલડીના અલિગડ ગરજશે, પ્રભુ ભાજસે ઊંચ મુલસ્થાન,
પશ્ચિમથી પંચાલ ગામ, તીહા ચે સ્વામીનું અવતાર.
આરંભ હોસે અષાઢમા, સંચર્યા શ્રાવણ માસ.
દળરે ભાદરવાસલી ચાલસે, મેળા આશ્વિન માસ.
સ્વામીને જમણે હાતે ખડ્ગ છે, વેદ જાવેરે હાથ.
દૈત્ય દાનવાને સહારશે, દેવતાને તારસેરે સાર.
લોહોડા વોડા નહી માનસે, આખીર ેહી એંધાન.
બ્રહ્મણ સંધ્યા મેલસે, સમજો જાન પછાન.
નિગુરાને પડસે પસ્તાવડો, વાસવ સર્વહી વસસે.
એણે દિને જેણે નહી ઓળખ્યા, સત ચુકા ગંવાર.
એમ બોલ્યા ગુરુ ઈમામશાહ, આજ દસમો નિકલંકી અવતાર.
કાલિંગા ઊપર સવારી કરસે, એ સત સાચુ જાણજો સાર.

●●●

 ● ભોગ વધશે તો પાપ વધશે, ભોગ ઘટશે તો પાપ ઘટશે. ●

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ રચિત

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

(શ્રી રામ અવતાર)

સત્યયુગમાં સદ્‌ભક્ત પ્રહલાદને યુગગુરુ બ્રહ્મપુત્ર નારદ મુનિ પાસેથી જે પ્રમાણે ગુહ્યજ્ઞાનની પ્રાપ્તિ માતાના ગર્ભવાસમાં જ થઈ હતી અને એ યોગે આગમન થનાર નરસિંહ નારાયણની સ્મરણ ભક્તિ કરીને એ જ નામ પર નિર્ભર રહીને હિરણ્યકશ્યપુએ અનન્વિત કરેલ છળને ન ગણકારતાં પોતાને ઈચ્છિત ધ્યેયસહ મુક્તિ પ્રાપ્ત કરી લીધી હતી. એ જ પ્રમાણે ત્રેતાયુગમાં ભક્તિમતિ સતી તારામતિ થઈ હતી. તેણે પોતાના પતિ અને પુત્રની સાથે સાત કોટિ જીવાત્માઓને મુક્તિનો માર્ગ મેળવી આપ્યો.

ત્રેતાયુગમાં અધર્મનો ઉચ્છેદ, સદ્‌ભક્તોનું પાલન-સંરક્ષણ કરવા માટે અને જગતના આદર્શભૂત કાળમાં જ્યારે રાવણ કુંભકર્ણ વગેરે દુષ્ટ દાનવ-રાક્ષસો મસ્તક ઊંચુ રાખી ફરતા હતા. એ કાળમાં વાલ્મીકિએ કથન કરેલ આગમ અવતાર-શ્રી રામ અવતારનો સંધી પ્રકાશ પ્રસરેલ હતો. અવતાર પ્રગટ થયો નહોતો, પણ શ્રી પરશુરામ અવતારનું કાર્ય પૂર્ણ થયા પછી શ્રી રામ અવતારનું કાર્ય શરૂ થયેલ હતું.

એવા સમયમાં અયોધ્યામાં સૂર્યવંશી રાજા હરિશ્ચંદ્ર રાજા રાજ કરતો હતો.

હરિશ્ચંદ્ર રાજાના જ નગર પાસે ગંગા નદીના કિનારા પર એક સુંદર વૃક્ષ રાજીત આશ્રમ હતો. આશ્રમ ભવ્ય, દિવ્ય સુંદર, સુગંધી ફળફૂલોથી નિત્ય કંડારાયેલો, વૃક્ષ-લત્તાઓથી પરિપૂર્ણ હતો. એ આશ્રમનો મુખ્ય સંચાલન કર્તા વીરલોચન નામનો તપસ્વી બ્રાહ્મણ હતો.

યુગધર્માનુસાર એ આશ્રમમાં પૂજા, અર્ચના, ઈશ્વર સાધના, જ્ઞાન ચર્ચા વગેરે થતી હતી. તે જગ્યાએ વિશેષતઃ મધ્યરાત્રીના સમયે યુગગુરુ વસિષ્ઠ આવીને કુંભ, કળશ, મહાપૂજા કરીને યુગધર્માનુસાર યજ્ઞયાગ કરતા અને ત્યારે દેવસભા એ જગ્યાએ મળતી હતી. ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, વરુણ, વાયુ, અગ્નિ, યમ, ધર્મ, કુબેર, અશ્વિનીકુમાર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, મહર્ષિ, દેવર્ષિ વગેરે સર્વ એ જગ્યાએ પ્રગટ થઈ મંત્રાહુતિ દ્વારા આપેલ પોતપોતાના હવિર્ભાગ ગ્રહણ કરીને સદ્‌ભક્તોને કૃપા આશીર્વાદ આપીને પ્રસ્થાન કરતા.

આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રગટ ભગવાનનું એ સાક્ષાત્ વાસ્તવિક સ્થાન બનેલું હતું. આવા એ દેવકુલ આશ્રમમાં આ બધા દેવતાઓનાં પૂજન-અર્ચન વગેરે થતાં હતાં કારણકે એ સર્વ દેવસભા ગુપ્ત રીતે થતી હતી. રાવણ જેવા દુષ્ટ પ્રવૃતિના રાક્ષસને ખબર પડવાથી એ આશ્રમને નષ્ટ કરીને ઉધ્વંસ કરશે એટલે આ બધી ગુપ્તતા રાખવામાં આવતી હતી.

એ પુણ્યકારક આશ્રમમાં એ યુગની તારક શક્તિ સતી તારામતિનો જન્મ થયો. સદ્‌ભક્ત વીરલોચન અને એની પરમ પ્રેમાળ અર્ધાંગના સતી સત્યકીર્તિ એ બંનેના પુણ્યોદયથી એમને ત્યાં એ પવિત્ર નિર્મળ ઉજ્જવળ ચારિત્ર્યવાન કન્યાનો લાભ થયો હતો. બંને પતિ-પત્ની અતિશય આનંદથી, પ્રેમથી એ બાળકીનો લાડકોડથી ઉછેર કરતાં હતાં. બાળકીમાં જન્મજાત ધાર્મિક પ્રવૃત્તિ, પૂજા, ધ્યાન, સ્મરણ, ચિંતન, એકાંત સેવન વગેરે સદ્‌ગુણો જોઈને બધાં ધન્યતા અનુભવતાં અને લાડથી તારાને પ્રેમ કરતાં.

કાળાંતરે પોતાના સદ્‌ગુણોથી બાળ તારામતિએ બધાંને તૃષ્ટ કર્યા હતા. ધીમે ધીમે તારામતિએ બધું દેવસભાની સેવાનું કાર્ય પોતાના ઉપર લઈ લીધું. દેવસભાનાં બધાં સેવા કાર્ય એ પોતે પોતાના હાથથી કરીને બધાંને સંતોષીત કરતી. સદ્‌ગુરુ વસિષ્ઠે તારામતિના સેવા કાર્યથી સંતુષ્ઠ થઈને સત્પંથ ધર્મની

દીક્ષા આપી. બીજમંત્ર 'શ્રી રામ' આ જપ તારામતિને આપ્યો અને રામચરિત્રનું આગમ વર્ણન કરીને એને સંપૂર્ણ આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. એ યોગે તારામતિને દિવ્ય ગતિનું જ્ઞાન પ્રાપ્ત થયું.

આ જ્ઞાન સાધના કરતાં કરતાં તારામતિએ ધીમે ધીમે બાલ્યા, કિશોરી, કૌમાર્ય વગેરે અવસ્થા ઓળંગીને તારૂણ્યમાં પદાર્પણ કર્યું. શરીર સૌષ્ટવ સાથે સાથે સેવા, પરોપકાર, કારુણ્ય, કર્તવ્ય, સહનશીલતા વગેરે અનેકવિધ ગુણોના વિકાસથી દિવ્ય તેજોમય એના મુખાવિંદ પર પ્રસરેલ હતું.

એક દિવસ તારામતિ પુષ્પવાટિકામાં દેવોની પૂજા કરવા માટે ફળ અને ફૂલ ભેગાં કરતી હતી તે વખતે નજીકના રસ્તેથી પસાર થતા અયોધ્યાના રાજા હરિશ્ચંદ્રની અચાનક દૃષ્ટિ તેના ઉપર પડી. રાજા તારામતિનું રૂપ લાવણ્ય અને તેજસ્વીતા જોઈને ક્ષણભર તો એ ત્યાંજ સ્તંભીત થઈ ગયો. રાજાને લાગ્યું કે આ કોઈ સ્વર્ગની અપ્સરા હોવી જોઈએ અથવા વનદેવી પ્રગટ થઈને વનવિહાર કરે છે કે શું! સેવક પાસે બધી તપાસ કરાવી અને પછી તારામતિના પિતાને બોલાવીને રાજાએ કહ્યું: 'હે વીરલોચન, તમારી પુત્રીની માગણી કરવા માટે મેં તમને બોલાવ્યા છે.'

આ સાંભળીને વીરલોચન આશ્ચર્યચકિત થયો. એ બોલ્યો: 'મહારાજ, તમે અયોધ્યાના નરેશ ક્ષત્રિય છો અને અમે તો ગરીબ બ્રાહ્મણ! તમારા કુળશીલ કીર્તિને કલંક ન લાગવા દેશો એ જ આ પામરનું કહેવું છે.'

રાજા બોલ્યા: 'વીરલોચન! તેની ચિંતા તમે ન કરશો. અમે ક્ષત્રિયો ઉકરડામાંથી પણ રત્ન શોધી કાઢીએ છીએ. તો પછી તમારા જેવા ધર્મ પ્રવિણ્ય મહાત્મા જોડે સંબંધ બાંધવાથી કીર્તિને કલંક લાગશે નહીં પણ વૃદ્ધિગત જ થશે. તમારી પુત્રી સાથે લગ્ન કરીને હું તેને પટરાણી બનાવીશ. તેને કોઈ પણ પ્રકારનો શ્રમ પડવા દઈશ નહીં, એટલે કે મહેલમાંથી પણ બહાર જવા દઈશ નહીં.'

રાજાની ઈચ્છા જાણીને વીરલોચને વાતને નકારી નહીં. મૂક સંમતિ આપી. વીરલોચને ઘેર આવીને તારામતિને બધી હકીકત કહી. એ જાણીને તારામતિએ સદ્‌ગુરુ વસિષ્ઠની આરાધના કરીને કહ્યું: 'ગુરુ મહારાજ! એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે કે મારા હાથે દેવસભાનાં સેવાકાર્ય જેટલા નિયતથી થતાં હતાં તેટલાં હવે થશે કે કેમ, કે પછી તેમાં વિઘ્ન પડશે કે શું? ત્યારે હવે મારી દેવસેવાની મનોકામના તમે જ પૂર્ણ કરો.

ગુરુજીએ કહ્યું: 'પુત્રી, તું બિલકુલ ચિંતા કરીશ નહીં. તારી બધી મનોકામના પૂર્ણ થશે. તારા હાથે પતિ સેવા થશે અને દેવસભાની પણ સેવા થશે, તેની વ્યવસ્થા હું કરું છું.' આમ કહીને ગુરુજીએ તારામતિને એક શ્યામવર્ણ હંસલો ઘોડો આપ્યો અને એના શરીરના દિવ્ય પ્રતાપની સમજ આપી.

સમયાનુસાર તેનું લગ્ન કાર્ય થયા પછી ગુરુ વસિષ્ઠને વંદન કરતાં તારામતિએ વિનંતી કરીને કહ્યું કે: 'મહારાજ, તમે મારું રક્ષણ કરજો.'

અત્યંત પ્રેમથી આશીર્વાદ આપીને ગુરુજીએ કહ્યું: તારા સત્ત્વનું રક્ષણ થશે જ, ચિંતા ન કરીશ. આજ સુધી મેં તને ઉપદેશેલા જ્ઞાન સત્‌ધર્મને તારા જીવનમાં તું ઉપયોગમાં લેજે, શ્રી રામનું સ્મરણ નિત્ય કરજે અને ઘરમાં બધાંની સાથે પ્રેમથી વર્તીને પતિની પ્રીતિ સંપાદન કરજે, ટૂંક સમયમાં જ પરમ ભક્ત કુલદીપક એવો પુત્ર તારા ઉદરે જન્મશે. પતિની સેવામાં નિત્ય રહેજે, રાત્રે નિરાંતના સમયે દેવસભાની સેવા કરજે, કોઈપણ પ્રકારનું આળસ કરીશ નહીં. ભગવાન શ્રી રામ અને તારી આ ગુરુભક્તિ તારા સત્ત્વનું રક્ષણ કરશે.' ગુરુ મહારાજના કૃપાશીર્વાદ, પ્રેમનો સંદેશો અને માતાપિતા તેમજ દેવસભાને વંદન કરીને તેમના આશીર્વાદ લઈ તારામતિએ પોતાના સંસારમાં પદાર્પણ કર્યું. યથા યોગ્ય સમયે તારામતિને પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. તેનું નામ રોહિદાસ અથવા રોહિતકુમાર એમ રાખ્યું.

●●●

જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું

- પ.પૂ. બ્રહ્મદર્શી સંતશ્રી જયભગવાનબાપા 'સંતકુટીર' લક્ષ્મણપુરાકંપા, તા. વડાલી

પરમ પૂજ્ય બ્રહ્મદર્શી સંતશ્રી જયભગવાનબાપા 'સંતકુટિર'લક્ષ્મણપુરાકંપા તા.વડાલી

'લાજ મત ધરો મારા હરિજન,
ભક્તિ કરો તમે નિર્મળ મને'

નિર્મળ મન ત્યારે થાય બધા સાથે નમે. અભિમાન છે ત્યાં સુધી એ નમી શકતો નથી. તો અભિમાન પડવાનું સાધન છે. આપણને અંતરો રખાવે છે, ભક્તિથી દૂર રખાવે છે, બધાય સાથે એકતા કરવા ના આપે એ અભિમાન છે. તો આ અભિમાન આપણે મૂકી દેવું જોઈએ.

'તરને કો આધિનતા બુડને કો અભિમાન
જો ચાહે તરને કુ તો છોડ દે અભિમાન'

તો હમણાં તું તરી જઈશ. નાનો થા નાના માં કેટલી મજા આવે. રોડું હોય તો પગમાં ઠેશ લાગે. પણ ભૂકો થઈ જાય પછી અડે ? નાનો થઈ જા, તો આપણે ભૂકા જેવા થઈ જઈએ, માટી જેવા. ઈમામશાહ મહારાજે માટીને કબૂલ કીધી છે. માટી જેવા જીણા થાઓ, તો આ જીવાત્મા પથ્થર જેવો થાય છે તો એ પથ્થર જેવા આપણે ન બનવું, માટી જેવા નરમ બનવું, તો સત્ય અને અસત્યનો વિચાર કરીએ.

'ખટ દર્શનમાં શુન પૂજાય,
સત ધર્મકા કોઈ મરમ ન પાય.'

સત ને આપણે શોધવું છે. આપણે સત પાસે જવું છે, સત એ પરમાત્મા છે, નારાયણ છે. 'મિટે મોક્ષ મુગટની વાટ' જે મોક્ષમાં લઈ જાય છે. તો એ દેહ થી ઓળખાશે. આ દેહ જતો રહેશે તો શાનાથી ઓળખાશો ? તો એ શરીર સાધન છે.એ સાધનને આપણે વ્યવસ્થિત રાખીએ, આપણામાં જે અંદર રોગ હોય, દુઃખ હોય રાગ, દ્વેષ, ઈર્ષા અભિમાન એ બધાને કાઢી નાખીએ.

સંતો આ જગતમાં આ જીવાત્માઓનો ઉદ્ધાર કરે છે.આપણે તો એક જીવ નો ઉદ્ધાર કરવો છે, એમાં વાર કેટલી લાગે ? સહેજમાં થઈ જાય આ સમજવાનું છે, આ સમજીને કરવાનું છે. જુઓ આટલા દિવસ આપણે મોજ શોખ ખૂબ કર્યા ને વાપર્યું, ને બધું માણ્યું, પણ હવે મન ને વાળો. હવે મનને કહીએ કે જેમ તેમ રખડવા નહિ મળે હવે તેને સીધું ચાલવું પડશે.

આપણે સત્યના ઘરે જવું છે. સત્ય એ આપણું ઘર છે, એ ઘરમાં આપણે પહોંચવું છે. આટલા દિવસ ભલે તને છૂટ હતી. બધા મોજ શોખ તે કર્યા, લાલન-પાલન કર્યું, ધંધા કર્યા, છોકરાને ધંધા-રોજગાર કરી આપ્યા, પણ હવે સત્યમાં જોડાઈ જવુ પડશે. આટલું આપણે નહિ કરીએ ત્યાં સુધી કુટાવુ પડશે.

કર્તાના ભૂલ્યા ત્રેતામાં, ત્રેતાના ભૂલ્યા દ્વાપરમાં, એમને એમ ચાલ્યા જ આવશું આનો અંત નહિ આવે. ઈમામશાહ મહારાજે અનંતનું ભરણું કે છેલ્લી બાકી અનંત કરોડી ના ભરણામાં તો જે જીવાત્મા સતને માર્ગે ચાલશે તો એ સતપંથી એ સતમાં પહોંચી જશે. સત એજ પરમાત્માનું ધામ છે અમરાપુરી છે એ અમરાપુરી માં બધા જીવાત્માઓ જાય એને કોઈ અટકાવે નહિ.પણ આપણે અહીયા થી પરવાનો લેવો પડે છે, ચોખ્ખું થવું પડે તો એ સદગુરુ પાસેથી આપણને આ માર્ગ મળે તો આ લક્ષ્યમાં રાખીએ કરવા માટે આપણે અહીયા આવ્યા છીએ.

અખા ભગતે કહ્યું છે,'કથા સુણી સુણી ફૂટ્યા કાન,તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' 'વ્યાસની કથા કરવાને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે, જે જણ્યા વાંજયાંની પેર, તો કાં વાંચેની ઘેર' તો આ બધો સ્વાર્થ લેવાનો હોય છે ભક્તિનો માર્ગ છે એ નિષ્કામમાર્ગ છે. એ પરમાર્થ કરવું છે, માણસને તો એ નિષ્કામભાવથી કર્મ કરવું પડે. કોઈ

માણસનું કામ કાઢવું હોય તો નિષ્કામભાવથી કાઢવું જોઈએ. તો ભગવાન એમાં રાજી થાય, આત્માનું કલ્યાણ કરવું હોય તો એમાં પણ કોઈને પૈસા દેવાય નહિ.તમે આ મેળવી લેજો,હૃદયમાં ઉતારજો, જીવન તમારું ધન્ય બનાવજો. જેટલું સત્ય હોય એટલું તમે રાખજો, સત્યનું પાલન કરજો.

જીવાત્મા કોઈ અધિકારી હોય તો એને લઈ આવો,ચાલો આપણે ભેગા થઈને કામ કરીએ. કોઈ આફત પડી હોય તો આપણે બધા ભેગા મળીને કામ કરીએ છીએ તેમ કરવું જોઈએ. ન કરવું એમ પણ નથી હવે અધિકારી વગર જો એની વાટ આપણે જોઈએ, ક્યારે પરિપક્વ થાય અને એને આ જ્ઞાન પીરસીએ, તો એ જોવા બેસીએ તો એ જીવાત્મા ક્યારે નીકળે ? પણ અધિકારી થાય કે ન થાય, જ્ઞાનમાં બેસાડી સમજાવવું, સમજાવવું અને સમજાવવું. અધિકારી હોય કે ના હોય ગમે તે જીવાત્મા હોય પણ એને સમજાવવું. તે ગમે તેનો શિષ્ય હોય ગમે તે નાત જાત નો હોય પણ એને સમજાવવું, તો ભક્તિમાં વાડા આવે નહિ. આ વાડા થી બાદ છે. આ બ્રહ્મજ્ઞાનમાં કોઈ વાડો આવે નહિ, આમાં એકજ ચેતન છે. એ સિવાય બીજું કોઈ નહિ.તો આવો ભાવ રાખવો.

બ્રહ્મને સર્વે તરફ હાથ પગ છે. સર્વે તરફ નેત્રો છે. સર્વે બાજુ કાન છે અને તે લોકમાં સર્વેને વ્યાપી ને રહે છે. તે બ્રહ્મ સર્વ ઈન્દ્રિયોના ગુણો અથવા વિષયરૂપે ભાસે છે. સર્વે ઈન્દ્રિયોને તથા તેમના વિષયોને જાણે છે.છતાં તે સર્વ ઈન્દ્રિયોથી રહિત છે અને આસક્તિ નથી છતાં સર્વનું ધારણ પોષણ કરનાર છે. તે નિર્ગુણ હોવા છતાં, ગુણોના ભોગ કરનાર છે. તે બ્રહ્મ ભૂતોની બહાર અને અંદર પણ છે. તેમજ સ્થાવર તથા જંગમમાં પણ છે. તે સૂક્ષ્મ પણ છે. તે સૂક્ષ્મ હોવાથી જાણવાને અશક્ય છે. કારણ કે જીવતા ગુરુ વિના અજ્ઞાનના કારણે દૂર છે. જ્ઞાનથી પાસે છે.

●●●

ભજન

- રાણા શકુન્તલાબેન એસ.- ખંભાત

જનમ જનમનો સાથ છે તમારો અમારો
અમારો તમારો...
શેઠ તમે છો ઈમામશાહ ને ચાકર હું તમારો
જનમ જનમનો સાથ છે...
માયા એ મન મુકી એવી મુજને લુંટી
લક્ષ ચોર્યાસીના ફેરામાં હું પડી વિખુટી
જનમ જનમનો સાથ છે...
સગપણ સાચુ આપણું સદ્‌ગુરુએ સમજાવ્યું
અવળા જીવન વ્હેણને સવળા રસ્તે વાળ્યું
જનમ જનમનો સાથ છે...
હું સેવક થઈને માગું સેવાનું સુખ માગું
જુઠી જગ જંજાળથી હવે હું તો ભાગું
જનમ જનમનો સાથ છે...
શેઠ તમે છો ઈમામશાહને ચાકર હું તમારો
જનમ જનમનો સાથ છે...

●●●

''ચલતી ચક્કી દેખકે દિયો કબીરો રોઈ ।''
દો પાટન કે બીચમે (યહાં) અવચલ રહા ન કોઈ ॥

- પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ, નાયાજી મહારાજ, કુકમા

જેટલા દાણા નાંખે એ ઘંટીમાં દળાઈ જાય. પણ જે બહેનો-ભાઈઓએ જોયું હશે એમને ખ્યાલ આવશે કે જેટલા દાણા પેલો ખીલો હોય એની બાજુમાં આવી જાય એ વર્ષો વહી જાય તોય એમને એમ પડ્યા હોય. એમ જેટલાં સંસારમાં દાણા સંતોની આજુબાજુ આવી જાય એમને માયા પીસી શકતી નથી. **પણ કોઈ સંત કે પાસ પહુંચ જાઈંગા. વર્ના તો સબ પીસ જાતે હૈ. જગતમેં બડે બડે ચલે ગયે આ માયા-પીસી શકતી નથી.**

માયાના બે પ્રકાર

હવે જ્ઞાનની વ્યાખ્યા જ્ઞાન કોને કહેવાય ! બહું સરસ વ્યાખ્યા આપી. મારી અને તમારી દષ્ટિમાં જ્ઞાન એટલે બહું સરસ બોલી શકે. બહું ભાષણ કરી શકે ખૂબ વાણીમાં પ્રભુત્વ હોય, દાખલા દૃષ્ટાંતો આપી શકે અને આમ માણસને હલવા ન દે, એટલે વકતૃત્વ શક્તિ હોય તો લોકો કહે શું જ્ઞાન છે ? પણ હકીકતમાં આ જ્ઞાન નથી. બોલી જવું અને સરસ રીતે વાકછટા વાપરવી ઠીક છે. પણ તમે ત્યાં અટકી ન જાવ, એને તમે જ્ઞાન ન માની લ્યો. જ્ઞાનની પહેલી શરત છે. જ્યાં બિલકુલ અહંકાર નથી. જ્ઞાન માનવીને ભારે ન બનાવે - હળવો બનાવે જ્ઞાન માનવીને બંધનમાં ન નાખે - મુક્ત બનાવે. જ્ઞાનની શરત એ છે કે માણસ અભિમાનથી મુક્ત થાય અને બીજું દરેકમાં ઈશ્વર દેખાય. બધામાં ન દેખાય તો જ્ઞાન નહિતર જ્ઞાની નહી, અમુક જગ્યાએ ઈશ્વર દેખાતો હોય તો સાચા અર્થમાં એ માણસ જ્ઞાની છે. અમુક જગ્યાએ ઈશ્વર ન દેખાય તો તે જ્ઞાની નથી.

જ્ઞાન થયા પછી આવી દષ્ટિ આવવી જ જોઈએ. આ જ્ઞાનની વ્યાખ્યા છે એમ પછી વૈરાગ્યની વ્યાખ્યા, જગત એ સર્વ શ્રેષ્ઠ વૈરાગી છે જે તણખલાની માફક ત્રણેય ગુણને ત્યાગી છે. તમામ સિદ્ધિઓને ત્યાગી શકે. અને છતાંય અહંકાર ન આવે. નહીંતર ત્યાગને પાછો અહંકાર શરૂ થાય. આ બિમારી બહું કઠિન છે. ભાઈ ત્યાગીને એમાંથી મુક્ત થવાતું નથી થવાનું ઘણાની પાસે બહુ પૈસા હોય તો અહંકાર કરે એ સમજી શકાય પણ એ પૈસા છોડી દે પછી એને પૈસા છોડવાનો અહંકાર શરૂ થઈ જાય. એ ત્યાગ કરી નાખ્યો એટલે બીમારી બહું સૂક્ષ્મ છે, ભાઈ રામ બચાવે હું બહું સરળછું હું બહું નમ્ર છું એ પણ અહંકાર છે. એ અંદર છે પ્રગટ નહીં ઘણા નથી કહેતા ? હું તો... બસ સમજવાનું કે તકલીફ છે. કાંઈક માથું ઝુકે, શરીર ઝુકે સારી વસ્તુ છે પણ હૈયું નહી ઝુકે તો તુમ નિષ્ફળ હો જાયોગે., હૈયું ઝૂકે - તબ તક ખડે હો તો ભી તુમ્હારે નમસ્કાર કબૂલ હો ગયા. વૈરાગ્ય એટલે બધુ ત્યાગ્યા પછી પણ અહંકાર થી મુક્તિ તમામ સિદ્ધીઓ તણખલાની માફક છૂટી જાય અને ત્રણેય ગુણ એટલે સત્વગુણ રજોગુણ અને તમોગુણ - હા સત્વગુણ અને રજોગુણ તો માણસ છોડી શકે. પણ તમોગુણ કેમ છૂટે ? છ કલાક કે ચાર કલાક નિદ્રા લઈએ છીએ. એ તમોગુણનો પ્રભાવ છે તમોગુણ ન હોય તો હું અને તમો સૂઈ ન શકીએ અને આને તમોગુણ ને પણ છોડી દે છે ? રામજી કહે દાખલા બીજે ક્યાંય જોવા જવું ? તું જ ઉભો છે. ભૂત ચૌદહ સાલકી નિદ્રા છોડ દી હૈ વૈરાગીનું દષ્ટાંત મારે બીજું કયું આપવાનું હોય ? મૂર્તિમંત વૈરાગ્ય તો મારા ચરણમાં બેઠા છે. આવા પરમ વૈરાગ્ય ત્યાગવાના પણ અહંકાર ન આવે. અને પછી ઈશ્વર જીવનો તફાવત ત્રણ વસ્તુ તે જ જાણે એનુ નામ જીવ હું કોણ છું એની જેને ખબર નથી,. આ જગત એટલે શું એની જેને ખબર નથી એનું નામ જીવ અને જેવાં કર્મ કરે એ પ્રમાણે બંધન અને મુક્તિ આવે અને છતાંય જે બિલકુલ તટસ્થ રહે એનું નામ પરમાત્મા.

'ક્રમશ'

કોઈ આપણું અપમાન કરે છે, તો તેનાથી ખરેખર આપણો ઉપકાર જ થાય છે. કારણ કે તેના અપમાનથી આપણું પાપ કપાય છે.

●●●

આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

- સંતશ્રી છગનબાપા, બાલાશાહધામ, ખંભાત

સવાલ-૧ પ્રવાસમાં ધર્મ ભળે તો યાત્રા કહેવાય અન્નમાં ધર્મ ભળે તો પ્રસાદ કહેવાય. જીવનમાં શું ભેળવવીએ તો જીવન ધન્ય કહેવાય ?

જીવનમાં આધ્યાત્મિકતાને અપનાવો માનવતાને મહેંકાવો સત્સંગને ભેળવીએ તો જીવન ધન્ય બની જાય. વિકારી ને વિહારી સદ્‌ગુણોને વિકસાવવાથી જીવન ધન્ય બની શકે.

સવાલ-૨ કહેવાય છે કે જીવનમાં મેળવો નિતીથી ભોગવો શાંતિથી અને આપો પ્રીતિથી આપના શિષ્યોને પ્રીતિથી કંઈક આપશો ?

જીવનમાં શ્રદ્ધા શરણાગતિ અને સંતોષનો સરવાળો હંમેશા કરતા રહેજો, પ્રેમ પુરૂષાર્થ અને પ્રામાણિકતાના ગુણાકારથી જીવનને ભરી દેજો. પછી જુઓ જીવન જીવવાની કેવી મઝા આવે છે.

સવાલ-૩ આપણે પરમાત્માના અંશ છીએ, તો પછી જીવનમાં ગુરુની જરૂર ખરી ?

આપણે સૌ પરમાત્માના અંશ તો ખરા પરંતુ પૂર્ણ અંશ તો નથી જ આધ્યાત્મિકતાના માર્ગ પર અવાર નવાર માર્ગ દર્શનની જરૂર પડે છે. સાચા સંત કે ગુરુને અનુભવ જ્ઞાન હોવાથી આપનું કામ સરળ કરી આપે, આમ એકલા પ્રયત્ન કરો ત્યાં બાધ નથી.

સવાલ-૪ સંત અને ગુરુ એ બેમાં ફેર શો ?

આધ્યાત્મિક દષ્ટિએ બંને સક્ષમ ગણાય, બંનેમાં પાત્રતા હોય પણ સંત પાસે માગણી નહિ કરી શકો. જ્યારે ગુરુ પાસે અધિકારથી માગી શકો. વળી ગુરુ શિષ્યના જીવનને અનુકૂળ બનાવે, શિષ્યની પાત્રતા પ્રમાણે તેને કેળવે, શિષ્યની તકલીફોમાં અનુકૂળ રસ્તો બતાવે.

સવાલ-૫ સાચા ગુરુના લક્ષણ કહેશો ?

માત્ર એક લીટીમાં કહું તો જેના વાણી વર્તન અને વ્યવહારમાં એકરૂપતા હોય તે સાચો ગુરુ.

સવાલ-૬ કહેવાય છે કે ભગવાન રૂઠે તો ગુરુ બચાવે પણ ગુરુ રૂઠે તો ભગવાન પણ ન બચાવે - આમ કેમ ?

ગુરુમાં ખૂબ સહિષ્ણુતા છે. ગુરુ રૂઠે જ નહિ, ગુરુનું ધ્યેય શિષ્યોની પાત્રતા કેળવવામાં જ હોય છે. એટલે ગુરુ રૂઠતા જ નથી. છતાંય શિષ્યો એ એવા કર્તવ્ય કરવા જોઈએ કે જેથી ગુરુને દુ:ખ ન થાય.

સવાલ-૭ શાસ્ત્ર આધારિત મંત્ર અને ગુરુ દ્વારા પ્રદાન થયેલ મંત્ર એ બેમાં શો ફેર ?

જ્યારે ગુરુ મંત્ર દીક્ષા આપે ત્યારે ગુરુની જવાબદારી વધે છે. ગુરુ દેખરેખ રાખે. એમની રાહબરી હેઠળ આધ્યાત્મિકતાના કાર્યો થાય. એટલે કે મંત્રમાં ગુરુની પરોક્ષ શક્તિ સામેલ હોય છે. પરંતુ આપને પરમ તત્ત્વ તરફથી આદેશ મળ્યો હોય તો ગુરુમંત્રની જરૂર ન પડે.

સવાલ-૮ ગુરુદેવનાં ચરણમાં જમણા પગના અંગૂઠાનું જ શા માટે પૂજન કરવામાં આવે છે ?

જ્યાંથી પતિત પાવની પ્રેમ ગંગાનો સ્રોત અવિરત વહેતો હોય છે. જેથી તે પ્રેમ ગંગામાં 'સ્વ'ને ઓગાળીને પાવન થવા માટે જમણા પગના અંગૂઠાનું પૂજન કરવામાં આવે છે. અને ચરણામૃત લેવાય છે. ચરણા પૂજન આ ચરણનો જ ઉપદેશ આપે છે.

સવાલ-૯ ગુરુશક્તિ સૂક્ષ્મ સ્વરૂપે કેવી રીતે માર્ગદર્શન આપે છે ?

એની ચર્ચા નહિ થાય પણ એ સ્પષ્ટ છે કે ગુરુ શક્તિ સૂક્ષ્મ સ્વરૂપે શિષ્યનું રક્ષણ બચાવ માર્ગદર્શન

કરી શકે છે. દેહ છોડ્યા પછી પણ સૂક્ષ્મ શક્તિ કાર્ય કરી શકે છે. માત્ર છબી તે મૂર્તિ આગળ બેસો અને માર્ગદર્શન મળી જશે.

સવાલ-૧૦ પુત્રને પિતાનો વારસો મળે છે. એમ શિષ્યને ગુરુનો આધ્યાત્મિક વારસો મળે ખરો? અને હા તો તે કેવી રીતે સાચવવો?

આ રાજગાદી નથી. આમાં વારસાઈ હક્ક પણ નથી. આધ્યાત્મિક ક્ષેત્રમાં તો પોતે કેટલું મેળવી શકે? હા તમને પાત્રતા પ્રમાણે મેળવવામાં ગુરુ મદદ કરે. પણ મેળવવું અને સાચવવું એ તો દરેકની પોતાની શરણાગતિ પર આધારિત છે.

સવાલ-૧૧ ગુરુદક્ષિણામાં શિષ્યે શું આપવું જોઈએ?

સદ્‌વર્તનનો સંકલ્પ, ગુરુએ આપેલ મંત્ર રૂપિ શક્તિથી 'સ્વ'નો ઓળખાણ કરી સત્વને પ્રગટ કરવું અને જીવન દિવ્ય બનાવવું એજ ગુરુ દક્ષિણા.

સવાલ-૧૨ શિષ્યનું આધ્યાત્મિક કર્તવ્ય શું હોવું જોઈએ?

ગુરુદેવના આધ્યાત્મિક ઉપદેશોનું અક્ષરશ પાલન.

સવાલ-૧૩ પહેલી શ્રદ્ધા પરમ તત્ત્વ પર રાખવી કે સ્વયંપર?

પરમની કૃપાથી સ્વયં બન્યો છે. સ્વયંથી 'સ્વ' નથી એટલે પરમ તત્ત્વ પર શ્રદ્ધા રાખો.

સવાલ-૧૪ શ્રદ્ધા કેવી હોવી જોઈએ?

શ્રદ્ધા સમજ પૂર્વકની જ્ઞાન સહિતની હોવી જોઈએ. એના વગરની શ્રદ્ધા અંધશ્રદ્ધા કહેવાય, હું કહું છું કે સ્વાર્થની શ્રદ્ધા એટલે બાધાઓ પણ ન રાખો ઈશ્વરને સમર્પિત થાવ, બાધા રાખ્યા વગર પણ પરમ તત્ત્વ કામ કરશે. પણ શ્રદ્ધા અતૂટ અને કાયમી રાખજો.

સવાલ-૧૫ શ્રદ્ધાની અનુભૂતિ કેવી રીતે થાય?

શ્રદ્ધાને ભૌતિક સફળતા કે નિષ્ફળતા સાથે મુલતવી બરાબર નથી શ્રધ્ધા રાખો. છતાંય પરમ તત્ત્વ તમારી પાત્રતા અને કર્મફળ મુજબ કામ કરે છે. પરિણામની આશા રાખેલી શ્રધ્ધા અને બાધામાં શો ફેર? અને આંતરિક શ્રદ્ધા ન હોય તો પણ પરમ તત્ત્વ કામ કરે છે જ શ્રદ્ધાની અનુભૂતિ માટે ચિંતા ના કરો. સાચી શ્રદ્ધાના અનુભવો આપો આપ જ થશે જ.

સવાલ-૧૬ શ્રદ્ધા અને વિશ્વાસ એ બેમાં શું ફેર?

આ સાહિત્યિક સવાલ છે શ્રદ્ધામાં આદાન-પ્રદાન થઈ શકે. વિશ્વાસ એક તરફી હોઈ શકે. બીજું કે વિશ્વાસ નો ઘાત થઈ શકે. શ્રદ્ધાનો ઘાત નથી હોતો. શ્રદ્ધામાં દગો નથી.

સવાલ-૧૭ શ્રધ્ધાનો પ્રાંરબ્ધ સાથે સંબંધ છે?

ના પ્રાંરબ્ધ તો ગયા જન્મનો હિસાબ છે. શ્રધ્ધામાં આ જન્મમાં કેળવવી પડે. પરમ તત્ત્વ પર રાખેલી અપાર શ્રધ્ધા પ્રાંરબ્ધ બદલી શકે.

સવાલ-૧૮ શ્રદ્ધા હોવા છતાય કાર્યમાં નિષ્ફળતા મળે તો શું માનવું?

હું વર્ષોથી માતાજીમાં શ્રદ્ધા અને શરણાગતિ રાખતો આવ્યો છું. છતાંય ક્યારેક ઈચ્છિત કાર્ય ન થાય તો માતાજીને દોષ ન દેવાય શ્રધ્ધા પ્રબળ હોવી જોઈએ કે ઈચ્છિત ફળ નથી છતાંય એમાં મારુ શ્રેય છે. શ્રધ્ધામાં મનોબળ અને આત્મ જાગૃતિ કેળવવી જોઈએ.

●●●

પોતાના કર્મો જ બંધન છે

- પ.પૂજ્ય મહંતશ્રી જયરામજીદાસજી મહારાજ, શ્રી નિષ્કલંકીધામ, નખત્રાણા

'ફૂટા મન બદલાય દે સાધુ ખરા સોનારા,
જો મન ફૂટા રામસે ફીર સંવનહાર'

પરમાત્માની કૃપાથી અને પોતાના પુણ્યથી ઉત્તમ માનવ જન્મ મળ્યો છે. આવો પવિત્ર યોગ જેને મળે તે સદ્‌ભાગી ગણાય સદ્‌ભાગ્યની ખોલવાની ચાવી પોતાના હાથમાં છે. તેમ છતાય કયાં ભૂલ થાય છે? આનો વિચાર કરતાં સમજાય છે કે માનવ પોતાના જ કર્મથી બંધાય છે. દરેકમાં પરમાત્માએ બુદ્ધી આપી છે. તેનો સદુપયોગ થાય ત્યારે જ બંધનથી જ છૂટાય છે. અને દુરુપયોગ થાય ત્યારે બંધનમાં પડી પાપના પોટલાં ઉંચકવાનો સમય આવે છે. અગત્યની વાત એ છે કે જેનામાં સદ્‌બુદ્ધી હોય તે સજ્જનનો સંગ કરે છે. જ્ઞાનીનો સંગ કરે છે. જન્મોજન્મના દોષોાંથી મુક્તિ મેળવે છે પોતાનું જીવન ધન્ય બનાવી માનવ જીવન સફળ બનાવે છે. માતા-પિતાના નામને રોશન કરે છે અનેક જન્મોના બંધનમાંથી મુક્ત બને છે. આગળ ઘણુ જ સુખ ભોગવે છે કૃપા પાત્ર બની ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરે છે.

જેનામાં કુબુદ્ધિ હોય તે અજ્ઞાની ગણાય એ જીવાત્મા ગણા દોષ પોતાના પર લે છે. દોષ કરતી વખતે અજ્ઞાનથી નથી સમજાતું પણ તેનું ભારણ વધે છે. તે ભોગવવું પડે ત્યારે ઘણું દુઃખ લાગે છે. ઘણા સમય સુધી દુઃખના બોજ ઉઠાવવો પડે છે. ત્યારે ભગવાને મને દુઃખ આપ્યું છે આવો આરોપ લગાવે છે.

માટે પ્રિય સજ્જનો ! આપણી બુદ્ધિથી જ ખૂબ વિચાર કરવો જરૂરી છે. મને વેદ આધારિત સત્યધર્મનો સહારો મળ્યો છે. ઊંચા કૂળમાં અવતાર મળ્યો છે. તો નીતિ નિયમનું પાલન કરવું અનિતિથી દૂર રહેવું શિક્ષાપત્રી આધારિત કરવું. સાત્વિક આહાર લેવો મધુર વાણી બોલવી આવા સદ્‌ગુણોને આદર્શ જીવન કહેલું છે.

હે પ્રિય સજ્જનો ! માનવદેહ દેવળ છે તેં સાચા દેવ બિરાજેલા છે.

'દાદા દેહ દેવળમાં દેવ, સેવક થઈ ને કરને સેવ,
પ્રેમ પુષ્પને ચંદનહાર જ્ઞાન દીપકને ઘરમાં અજવાળા,
અંતરનો ઢાળ અહમ તો આ દેહ દેવળમાં દેવ'
'સંત કહે તમે જાગો, આળશ નિદ્રા ત્યાગો,
દશે દિશામાં રાજ તમારુ ઘર ઘર ભીખ કાં માગો'

આપણને આપણું અજ્ઞાન આળસ દોષ તરફ લઈ જાય છે. માટે સાવધાન બનો. અંદરથી જાગો. મોહ નિંદ્રાને ત્યાગો એ ગુરુમુખ વાણીનો ઉચ્ચાર કરો. વારે વારે મનુષ્ય દેહ નહી મળે.

દરેકને ભક્તિ માર્ગે આગળ વધવું અને વર્તન મરજી પ્રમાણે કરવું છે. ત્યાં છેતરાઈ જવાય છે. આગળના સમયમાં ઋષિ મુનિઓ ઘણું કષ્ટ વેઠીને તપસ્યા કરી મહાપદના અધિકારી બન્યા છે. દીવાદાંડી રૂપ બની આ જગતને ભજન કીર્તન સત્સંગ સત્ શાસ્રો આપી ગયા છે. તેનો ખ્યાલ અજ્ઞાનીને નથી સમજાતો અને મોહમાયાની વિટંબણામાં જ પોતાનું જીવન પુરુ કરી નાખે છે. મોટી ભૂલ થઈ રહી છે. તેમ છતાંય પોતાની જાતને હું હોશિયાર માનીને અભિમાન કરી રહ્યો છે કે મારા જેવો કોઈ ડાહ્યો નથી હે સજ્જનો? આ બધું ક્યારે સમજાશે કે...

'જમ આઈ ગરદન ગ્રહગે તુમ્હારે,
ઉસી સમય યાદ કરેગે વચન હમારે.
નૂણ હરામી ન્યાય ઈન્સાફ નહી તુમ્હારે'.
'આગળ શેરી ઘણી છે સાંકડી,
ધર્મરાજા લેખા લેશે, ત્યાં ચોકી છે ખડી,
ધર્મરાયને ઉતર દેતાં ત્યાં રહેશું અડી,
જમડા આગળ જોર નહી ચાલે મારશે છડી.'

માટે પોતાની બુદ્ધિથી પોતાના કર્મો સુધારો આ છેલ્લો ફેરો છે. માટે સાવધાન બનો. અંદરથી જાગો. મોહનિદ્રાને ત્યાગો માનવ જન્મ સફળ બનાવી મહાદાનના મારથી બચવા પ્રભુ શરણ જવા નામ સ્મરણમાં લાગો. અને ખોટાં કર્મને ત્યાગી એજ સદ્‌ભાવના.

●●●

પરમને પામવાનો પરમો તૃષ્ટ પંથ

- મણીભાઈ બી. પટેલ, તાંદલીયાકંપા

'ધ્યાને ન આત્મતિ પશ્યતિ,

એવું શાસ્ત્રીય વિધાન છે, જેનો અર્થ થાય છે. ધ્યાનથી વ્યક્તિ પોતાના આત્માની અંદર પોતાની જાતની અંદર જ પરમાત્માને જુએ છે. ધ્યાનનો મહિમા તો આજ 'યોગ'ના શીર્ષક નીચે અનેક સ્થળે અનેક રીતે અનેક દ્વારા ગવાય છે.

ધ્યાનને આપણી નિત્ય પૂજામાં સ્થાન આપવામાં આવ્યું છે. વાસ્તવમાં માનવજીવનની સર્વોચ્ચ ભૂમિકા સિદ્ધ કરવામાં ધ્યાન એક અત્યંત અગત્યનું સાધન છે. સુખ દુઃખ વગેરે માનસિક ઉપદ્રવોથી મુક્ત થવા અને મનથી હલકાફુલ થવા માટે ધ્યાન અત્યંત ઉપયોગી છે. કારણ ધ્યાન એ જીવન સાધના છે. શાંતિનું પ્રથમ સોપાન છે. સ્વસ્થતા પ્રાપ્ત કરવાનું અદકું સાધન છે. એક અર્થમાં બ્રાહ્ય વિષયોમાંથી મનને દુર કરી આંતરયાત્રાનો આરંભ કરવાનો સર્વોત્તમ માર્ગ એ 'ધ્યાન' છે. ધ્યાન વાસ્તવમાં આત્માની સહજાવસ્થા છે. તો એકવાર સિધ્ધ થઈ જાય તો સહજ સમાધિનો હાથવગી બને છે પણ આપણે માનીએ છીએ એટલું એ સરળ પણ નથી. એ તો બહુનામ જન્મનામ અંતે અનેક જન્મોની સાધના પછી સિદ્ધ થનાર છે.

ધ્યાન કેવળ બ્રાહ્ય આસનવાળીને બેસી જવાથી કે પોતે યોગી છે તે બતાવવા, દાઢી વધારવાથી કે અમુક પ્રકારના વસ્ત્રો પહેરવાથી સિદ્ધ થતું નથી, એ તો સતત આરંભાયેલ સાધનાના પૂર્ણ પરિપક્વ રૂપે પ્રાપ્ત થાય છે એ આંતરિક મનોદશા છે. જેને બાહ્ય આચાર-વિચાર કે મર્મને અથવા આડંબર સાથે નાહવા નીચોવાનો પણ સંબંધ નથી, બાહ્ય આડંબર અને સાચા ધ્યાનની વચ્ચેનો કોશોનું હજારો કિલોમીટરનું અંતર છે, આજકાલ જે ધ્યાન કરાવવાના અને એનાથી ધાર્યા પરિણામો લાવવાના તથા તે માટે પૈસા ઉઘરાવવાના ધંધાઓ ચાલ્યા છે, તેમાં સાચું ધ્યાન અદશ્ય થઈ જતું હોય છે, આપણે જાણીએ છીએ કે અષ્ટાંગ યોગમાં ધ્યાન આવે છે. યમ નિયમ આસન પ્રત્યાહર પ્રાંણાયામ ધારણા ધ્યાન અને સમાધિ, આ યોગના આઠ અંગો છે. તેમાંથી કેવળ આસન કે પ્રાંણાયમનું આજ ખૂબ મહત્ત્વ વધી ગયું છે, એમાંથી શરીર-મનની સ્વસ્થતા થાય છે. એ વાતમાં કોઈ શંકા નથી. પણ એ તો યોગના કેવળ આઠમાંથી બે જ અંક થયા. ગણિતની ભાષામાં એ ૧/૪ યોગ થયો કહેવાય.

આવા યોગની એક વાત યાદ આવે છે. અમેરિકામાં એક જાહેરાત હતી. એકવીસ દિવસમાં ભારતીય યોગ પછી એના અમુક ડૉલર આપવાનાં એક બહેન શીખી આવ્યા. ત્યાં તો આસન શીખવાડે કવચિત પ્રાંણાયામ. આ બહેન અનેકવાર પોતાના ઘરમાં શીર્ષાસન કરતાં હતાં ત્યાં એમની સખી પધાર્યા આ જોઈને અચંબો પામ્યા કે માથું નીચે અને પગ ઉપર તેમણે પ્રશ્ન કર્યો મેરી તમે શું કરો છો ! ભારતીયોગ કરું છું, એવો સખીના પ્રશ્નનો મેરીએ જવાબ આપ્યો. મારા સોફાસેટ નીચે રહેલી ધૂળ હું જોઈ શકું છું એક દિવસમાં સિધ્ધ કરેલ ધ્યાનની આજ દશા હોય.

ધ્યાન માટે સતત તેલની ધાર માફક પ્રયત્ન કરવાનો હોય, મન જે માર્ગે બહાર જાય તે તે માર્ગેથી એને પાછું વાળવાનું હોય. મારું એક સુત્ર છે ધ્યાન કરતાં પહેલા ધ્યાન રાખવાનું શીખવું જોઈએ.

આ સુત્ર ઘણુ કહી જાય છે કે ધ્યાન કરવા માટે ધ્યાન કરવાના શું સુત્રો છે. નિયમો છે તેનું ધ્યાન રાખી શીખવું પડશે. અને જીવનમાં અપનાવવું પડશે. જીવનમાં અનુભૂતિ કરવી પડશે. પછી ધ્યાનની ભૂમિકા આવશે. અગાઉ મે જે કહ્યું છે કે ધ્યાન માટે પોતાની એકાગ્રતાની જરૂર છે. ધ્યાન એ આ શરીર કે જેનાથી આધ્યાત્મીકમાં જવા જેનાથી મોક્ષ ગતિ પ્રાપ્ત કરવાનું ખૂબ જરૂરી સાધન છે.જેનાથી જ આ સિધ્ધી પ્રાપ્ત કરી શકાશે. ધ્યાનમાં યમ, નિયમ તે મહત્ત્વના અંગ છે. ધ્યાન કરતા પહેલા યમ અને તેના નિયમો જાણવો જરૂરી

બને છે. તેનું ધ્યાન રાખવું પડશે. જે હાલમાં સમય છે. સમજણ નથી. પરંતુ જ્યારે સમજણ હશે ત્યારે સમય નહી હોય. અગાઉના લેખમાં જણાવ્યું કે ધ્યાન માટે પ્રથમ શરત છે મનઃશુદ્ધિની જો મન શુદ્ધ નથી તો ધ્યાન શક્ય નથી. આ વાતનું જો ધ્યાનમાં આવી જાય તો જ ધ્યાન શક્ય છે. આનું જ્ઞાન અગાઉ વિસ્તૃત રીતે સમજાવેલ છે.

ધ્યાન સિદ્ધ કરવા ઘર બાર છોડી જંગલમાં જવાની જરૂર નથી. તમે રહેતા હોય ત્યાં એકાંત એક રૂમમાં પણ ધ્યાન કરી શકાય છે. શાંત જગ્યાની જરૂર છે. કોલાહલ વગરની જગ્યા. રામકૃષ્ણ પરમહંસ કે મહર્ષિ અરવિન્દ એક રૂમમાં જ ધ્યાન કરેલ જેના વાઈબ્રેશન આજે પણ અનુભવી શકાય છે.

શુદ્ધ થયેલું મન જ ધ્યાનમાં મદદરૂપ થાય છે. વ્યક્તિએ સ્વયંમ દુગુણોને શોધી આત્મ નિરીક્ષણ કરી દૂર કરવાના છે. બીજી શરત છે જ્યા સુધી ગુરુ કે સદ્‌ગુરુ અને શાસ્ત્રનું વચન સત્ય છે. તેવી દઢ વિશ્વાસ હૃદયમાં જન્મે નહી. ત્યાં સુધી ધ્યાનના માર્ગમાં ગતિ સરળ થતી નથી. આજ ધ્યાન કરવા બેઠા અને આવતી કાલ મને સિદ્ધિ મળી જાય એવું માનવાની જરૂર જ નથી. નિષ્ઠાપૂર્વક શ્રદ્ધા રાખી માણસે ધ્યાનનો આરંભ કરવો જોઈએ.

ધ્યાન થવા માંડે એટલે મનનો મેલ ચિંતની ચંચળતા ઈન્દ્રિયોની લોલુપતા બુદ્ધિની શંકાઓ અથવા વિવિધ પ્રકારના ક્લેશો આપો આપ શમી જાય છે. અને દિવ્ય શક્તિઓનો આવિષ્કાર થાય છે અને જુદી જુદી સિદ્ધિઓ આવે છે. પણ અનુભવિ સાધકો આવી સિદ્ધીઓમાં રાચવા માંડે તો તે પરમલક્ષને પામી શકતો નથી. અને પોતાના પતનને પોતે નોંતરે છે. આ ધ્યાનને જો આપણે આપણા રોજિંદા જીવનમાં સ્થાન આપીએ તો આપણી સાધના માટે સિદ્ધિ સર્જક જેવી બની જાય છે.

એવી જ સાધના જીવનમાં 'મૌન'ની છે. જે અગાઉ અંકમાં પ્રસિદ્ધ કરેલ છે.

જય ગુરુદેવ...

●●●

પરમાત્માને ધ્યાન પૂર્વક સાંભળવાની કળા ''ધ્યાન''

- યોગ તપોનિષ્ઠ સંતશ્રી પ્રેમદાસબાપુ, પંચવટી, દહેગામ

ધ્યાન કરવા માટે તમે એકદમ સ્વસ્થ અને હળવાસભર્યા હોવા જોઈએ. આપણે સાવ સહજ વાતાવરણમાં હોવા જોઈએ. કૃત્રિમ અથવા ઔપચારિક વાતાવરણ અથવા ઔપચારિક વ્યવસ્થા ધ્યાન માટે યોગ્ય નથી.

આપણા રોજીંદા જીવનમાં મોટોભાગે કરવા ખાતર આપણે હળવી વાતો કરતાં હોઈએ છીએ. દા.ત. આપણે વિમાનની બહાર નીકળીએ છીએ ત્યારે એરહોસ્ટેસ શુભેચ્છા આપતા શબ્દ બોલે છે. તેનો કોઈ અર્થ છે ? હું તેમને ખોટું કહેનારા કહેતો નથી પરંતુ તે તેમના હ્રદયમાંથી આવતી શુભેચ્છા નથી હોતી. તમારા જન્મ દિવસે તમારા બા કે દાદી દાદા તમને શુભેચ્છા આપે તે ભાવનાની સાથે આ શુભેચ્છા સરખાવી ન શકો.

જ્યારે તમે જોડાણ હોવાનો અનુભવ કરો છો. ત્યારે તમારા શબ્દોમાં શક્તિ હોય છે. ભાવ હોય છે. આપણે આપણા શબ્દોની તુલનામાં આપણી ભાવનાનાં તરંગોથી વધુ અભિવ્યક્ત કરી શકીએ છીએ. જો તમે કુતરું પાળ્યું હોય અન તમે બહારથી ઘરે પછા આવો ત્યારે કૂતરું ઘેલું બની જાય છે. તમારી ચારે બાજુ કૂદકા મારે છે અને તેનો પ્રેમ દર્શાવે છે. આ સાચું છે ને ? આપણે આપણા તરંગોથી ઘણું દર્શાવીએ છીએ. મને ખાત્રી છે કે તમને ખબર પડી જાય છે કે કોઈ વ્યક્તિનું સ્મિત સાચુ હૃદયમાંથી આવે છે કે માત્ર કરવા ખાતર તે સ્મિત કરે છે. તે માત્ર વ્યવહાર જ છે કે સાચું છે.

એજ પ્રમાણે જ્યારે જીવનમાં સંબંધો માત્ર વ્યવહાર ખાતર હોય ત્યારે વહેલા મોડા તમે ડીપ્રેશનમાં આવો છો અને જીવન શુષ્ક લાગે છે.

રસહીન જીવનમાંથી મૂલ્યહીન જીવનમાંથી અને

લોકો સાથેના સાચા સંબંધોના અભાવમાંથી બહાર આવવાનો ઉપાય ધ્યાન છે. ધ્યાનથી આ બધાથી વિપરીત થાય છે. આપણે જે ક્ષેત્રમાં કામ કરતા હોઈએ તેમાં અંતઃપ્રજ્ઞાથી થતું ધ્યાન અને નવીનતા આવવા જરૂરિ હોય છે. ધ્યાનથી આ બંને વધે છે. ધ્યાન આપણા જીવનમાં નવી શક્તિ લાવે છે.

ધ્યાન જીવનમાં નવા આશ્ચર્યો (આશ્ચર્યો સર્જે છે) પોતાના માટે યોગ માટે ધ્યાન પૂર્વ ભૂમિકા છે. સંસ્કૃતમાં કહે વ્રત છે કે 'વિસ્મય યોગ ભૂમિકા' યોગની પૂર્વે ભૂમિકાએ આશ્ચર્યની ભાવના છે. વાહ ? નો ભાવ છે. જો તમે ચારે બાજુ નજર કરો તો તમે જોશો કે જીવનમાં તમને અનેક પ્રસંગો અને તકો મળી છે. જે માટે તમે આશ્ચર્ય અનુભવતા હો. જ્યારે તમે તે તક ગુમાવો છો ત્યારે તમે જીવનનો સાર જ ગુમાવો છો. તમે ચીલાચાલુ ખાવાનું પીવાનું ઊંઘવાનું ટી.વી. જોવાનું એવું એકધારુ જીવન જીવો છો. આમ હોય ત્યારે જવાનો સમય (મૃત્યુ) આવે તે પહેલા જ તમે જતા રહ્યા હો છો.

ધ્યાન જીવનને અર્થપૂર્ણ બનાવે છે. તે જીવનમાં આશ્ચર્યો જાળવે છે. બાળકો હતા ત્યારે આપણા જીવન આશ્ચર્યોના જગતમાં હતા. આપણે આગ્રહ ઉપર આશ્ચર્ય સાથે નિર્દોષતા સાથે એક સાથે હોવાની ભાવના સાથે અને દરેક વ્યક્તિ સાથે એક જોડાણના ભાવ સાથે આવ્યા છીએ. પછી શું થયું ? આપણે આ બધું ગુમાવી બેઠા ? હકીકતમાં આપણે કશું ગુમાવ્યું નથી તે બધુ આપણી સાથે જ છે. તે માત્ર છુપાઈ ગયું છે. ધ્યાન આપણો સાચો સ્વભાવ, આપણે કોણ છીએ. આપણે શું બનીશું તે ખુલ્લુ કરે છે. ધ્યાન આપણાં સાદગી નિર્દોષતા અને બુદ્ધિની તીક્ષ્ણતા લાવે છે. અને ભાવનામાં કુમાસ લાવે છે.

આપણે સંવેદન શીલ અને સમજુ એક સાથે બનવું છે ને ? ઘણા લોકો સમજુ અને ન્યાયી હોય છે. પરંતુ સંવેદનશીલ હોતા નથી. બીજી તરફ એવા લોકો હોય છે જે સંવેદન શીલ હોય પરંતુ સમજુ નથી હોતા. આપણી જાતમાં પણ આવું થતું આપણે નથી જોતા ? આપણી આસપાસના લોકોમાં પણ આવું નથી જોતા ? ધ્યાનથી સમજણ અને સંવેદન શીલતા વચ્ચે સમતોલન આવે છે. હૃદય (ભાવના) અને બુદ્ધિ વચ્ચે સમતુલા લાવે છે. જો આ સમતુલા આવે તો ખુશી આવે છે. આપણે ખુશી પાછળ દોડીએ છીએ તે ખુશી આપણને મળે છે.

આજે સમગ્ર વિશ્વને તે સમજાયું છે કે આપણે સહુએ Gross Demostic happiness. (G.D.H.) તરફ ધ્યાન આપવાની જરૂર છે. ધ્યાન તેની ચાવી છે. ધ્યાન સિવાય તે ખુશી મળી શકે નહી. ધ્યાન વિશે અનેક ગેર સમજણો પ્રસરેલી છે. કેટલાક કહે છે કે તે મનને એકાગ્ર કરવાની પ્રક્રિયા છે. કેટલાક કહે છે. કે તેમાં જપ કરવાના કે પ્રાર્થના કરવાની હોય છે. ધ્યાન એકાગ્રતા નથી. હકીકતમાં ધ્યાન તેનાથી વિપરીત છે. જ્યારે તમારે કંઈ કરવું હોય તો પ્રયત્ન કરવો પડે ધ્યાનમાં તમારે કોઈ પ્રયત્ન કરવાનો નથી. અપ્રયત્ન રહીને રાહત પામવી તે ધ્યાન છે.

પ્રાર્થના એટલે પરમાત્મા પાસે કશું માગવું તે છે. તો ધ્યાનમાં પરમાત્મા કહે છે 'હું તને સાંભળવા આવ્યો છું તારે શું કહેવું છે' ? ધ્યાનનું યથાર્થ દર્શન છે ? કલ્પના કરો કે એક બાળક તમને સાંભળ્યા વગર સતત પ્રશ્નો પૂછ્યા કરે તો તમને કેવું લાગશે ? તમે હતાશ નહી થાવ ? મને લાગે છે કે પરમાત્માની સ્થિતિ આવી જ થતી હશે.

ધ્યાન બધી ભાષાના લોકોને એક કરે છે. પ્રાર્થના અનેક ભાષાઓમાં થાય છે. હિન્દુ સંસ્કૃતમાં પ્રાર્થના કરે, ખ્રિસ્તી અંગ્રેજીમાં પ્રાર્થના કરે, યહુદી હિબ્રુમાં પ્રાર્થના કરે, બુધ્ધ ભગવાનમાં માનનારા પાલીમાં પ્રાર્થના કરે. આમ પ્રાર્થનાઓ અસંખ્ય ભાષાઓમાં થાય છે. તેનું તત્ત્વ લગભગ એક સરખું હોય છે. ધ્યાન વિવિધ ભાષાઓ ધર્મો રાષ્ટ્રીયતાઓ અને જાતિને બચાવીને આગળ વધે છે. તમારે તમારા મનમાં ધ્યાન કરવાના ૩ સોનેરી નિયમો સાચવી રાખવાના છે. તમારે ને સતત યાદ કરવાની જરૂર નથી તેને મનમાં સાચવી રાખો. તમારે તેની જ્યારે જરૂર પડશે ત્યારે તે આવી જશે.

તમે ધ્યાન કરવાના હો ત્યારે તમે ત્રણ વસ્તુઓ કહી શકો.

(૧) મારે કંઈ જોઈતું નથી.

તમે એમ પણ કહો કે તરસ લાગી છે અને પાણી

પીવું છે તો ધ્યાન નહી થાય તેના કરતાં તો સારું છે કે તમે પાણી પીવો. પછી ધ્યાનમાં બેસો. આ પહેલો સોનેરી નિયમ છે. ધ્યાનથી એ ૨૦ મિનિટો માટે તમારી જાતને કહો કે 'મારે કંઈ જોઈતું નથી'.

તમે કદાચ વિચારો કે 'મારે સાધુ કે યતિ બનવું નથી માટે ઘણું બધું કરવાનું છે'. ચાલો સ્વીકારી લીધું તમારે ઘણી બધી વસ્તુઓની જરૂર છે. પરંતુ માત્ર ૨૦ મિનિટ માટે તમે તમારી અપેક્ષાઓનો આ રેઈનકોટ ઉતારી તો શકો માત્ર શાંતિથી બેસો. અને કશાની માંગણી ન કરો.

(૨) મારે કશું કરવાની જરૂર નથી.

(૩) હું કંઈ જ નથી.

તમે એ જાણો છો કે એક કહેવત છે કે 'ધનિક માણસ સોયના કાંણામાંથી બહાર જઈ શકે નહી' એવી જ રીતે તમે માનો કે ધનિક કે ગરીબ છો. અથવા પવિત્રમ અથવા અતિ દુષ્ટ છો. તો પણ ધ્યાન નહી થાય આપણે આપણા પર લગાવેલા બધા લેબલ થોડીવાર માત્ર બાજુ ઉપર મૂકી દેવાના છે. અને કહો 'હું કંઈ જ નથી મારે કશું જોઈતું નથી. મારે કશું કરવાનું નથી'.

ધ્યાન કરવા માટે ત્રણ સોનેરી નિયમો છે. પ્રવૃત્તિમાંથી સ્થિરતા તરફ અવાજમાંથી શાંતિ તરફ જવું તે ધ્યાનની સફર છે.

●●●

દોષ દૃષ્ટિ - દૃષ્ટિ દોષ

- જશુભાઈ કે. પટેલ, વિઠ્ઠલપુરા, ખેડા

આ સંસારની સૌથી મોટી સાધના છે - 'પવિત્રતા' જે માણસ અંદર જેટલો પવિત્ર હોય છે. એ માણસનાં કર્મો ઓછા બંધાય છે. આવો માણસ શુદ્ધ હોય છે. બીજા સાથે સદ્‌વ્યવહાર કરે છે. આવી વ્યક્તિના હાથમાં એવી શક્તિ પેદા થઈ જાય છે કે પવિત્ર હાથથી જે કાંઈ કરવામાં આવે છે. એની બીજા ઉપર જબરજસ્ત અસર થતી હોય છે. પવિત્રતા જીવનની સૌથી ઉંચી સાધના છે. તમે ભલે તપસ્યાં કરો. માળા ફેરવો, પૂજા-પ્રાર્થના કરો, ધ્યાન-સાધના કરો પણ પવિત્રતાની સામે આ બધું ગૌણ છે. એક પલ્લામાં પવિતા રાખો અને બીજા પલ્લામાં દુનિયાની સમગ્ર ધાર્મિક ક્રિયાકાંડ રાખો. પવિત્રતાનું પલ્લું સદા વજનદાર રહેશે. આવી પવિત્રતા જીવનમાં કેવી રીતે આવે ? એનો માર્ગ કયો ? જો એ માર્ગ મળી જાય તો ચાલવામાં સાવધાની રહે. રસ્તો આપણી પાસે છે. અને રસ્તો જાણી લીધા પછી પણ એ રસ્તે ચાલીએ નહી તો ભૂલ આપણી પોતાની છે.

પવિત્રતાના બે માર્ગ

પવિત્રતાના બે માર્ગો છે પહેલો માર્ગ એ છે કે માણસ દોષ દૃષ્ટિથી બચે અને બીજો રસ્તો છે કે માણસ દૃષ્ટિદોષથી બચે. બંને માર્ગ એક જ જેવા લાગે છે. કેમકે બંન્નેમાં એક જેવા જ શબ્દો છે. દોષ દૃષ્ટિ અને દૃષ્ટિદોષમાં ફરક શું છે ? શબ્દોની દૃષ્ટિએ જોઈએ તો દોષ દૃષ્ટિમાં દૃષ્ટિ આગળ છે. અને દોષ પાછળ છે. આગળ વાળો શબ્દ પાછળ થઈ ગયો અને પાછળ વાળો શબ્દ આગળ થઈ ગયો. શબ્દમાં આટલો જ ફર્ક છે. પણ અનુભૂતિમાં ઘણો મોટો ભેદ છે. એક ભાઈને પૂછ્યું કે બતાવો મા અને પત્નીમાં શું ફરક છે ? અનુભવ એ તરત જ જવાબ આપ્યો કે સીધો સાફ ફરક છે. જે ગોદમાં નચાવે એ મા. અને જે આંગળીઓ ઉપર નચાવે એ પત્નિ. બંને શબ્દો વચ્ચે સાફ સાફ ફરક છે. આવો જ કંઈક ફરક છે. દોષ દૃષ્ટિ અને દૃષ્ટિ દોષમાં આપણે આ બંને પ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન કરીએ.

દોષ દૃષ્ટિ

આ દુનિયામાં જે કોઈ બદલવા જેવી વસ્તુ હોય તો

આ દૃષ્ટિ બદલવાની જરૂર છે. આચાર વિચાર વ્યવહાર પછી બદલો સૌથી પહેલાં જોવાની દૃષ્ટિ બદલો કહ્યું છે ને યાકૃત દૃષ્ટિ, તટકૃક દૃષ્ટિ જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ, એક શાયરે કહ્યું છે,

"સોચ કો બદલિયે તો સિતારે બદલ જાયેગે,
નજર કો બદલિયે તો નજારે બદલ જાયેગે,
કિશ્તિયો કો બદલને જરૂરત નહીં હૈ,
દિશાકો બદલિયે તો કિનારે બદલ જાયેગે."

નજર બદલો તો બધું જ બદલાઈ જશે. દોષ દૃષ્ટિનો અર્થ છે આપણી દૃષ્ટિમાં કોઈના દોશ જોવાની ટેવ પડી જાય છે. દોષ દૃષ્ટિનો અર્થ છે. મારી આંખ ક્યારેય કોઈનું સારું જોઈ નથી શકતી. મારી આખો સારા માનસમાં પણ ખરાબી શોધી કાઢવા ટેવાયેલી છે. દુનિયામાં યુધિષ્ઠિર વધારે કે દુર્યોધન? દુર્યોધનની સંખ્યા ખૂબ વધારે છે. યુધિષ્ઠિર ઘણા ઓછા છે. દરેક પચ્ચીસ માણસમાં ચોવીસ માણસની દૃષ્ટિ દુર્યોધનની હોય છે. હંમેશા ખરાબ જ જોવાનો આગ્રહ છે. એનું નામ દુર્યોધન છે. આવી નકારાત્મક દૃષ્ટિવાળા હંમેશા બીજાની નિંદા કર્યા કરશે. હંમેશા એમના હોઠો ઉપર ફરિયાદ સિવાય બાજું કંઈ જોવા નહી મળે. આવા લોકો હંમેશા જમાનાને ખરાબ કહ્યા કરતાં હોય છે. દોષ જોવાની ટેવ હોય તો પોતાના દોષ જોશો તો કંઈક લાભ થશે. કબીરે કહ્યું છે.

બુરા દેખન જો મે ચલા બુરા ન મિલિયાં કોઈ,
જબ દિલ ખોજા અપના મુજસે બુરા ન કોઈ.

જો દરેક માણસ એનું વિચારી લે કે, મારાથી ખરાબ દુનિયામાં બીજું કોઈ નથી તો પછી તે માણસ ક્યારેય બીજાના દોષ નહીં જુએ. જો પોતાની જાતને સારી ગણે છે. એજ બીજાને ખરાબ કહેતો ફર્યા કરે છે. તમને જો બીજાના દોષો જોવાની ટેવ હોય તો એને દુર કરવાના બેજ રસ્તા છે એકતો એ કે પોતાના દોષ જોવાની ટેવ પાડી દો. પોતાના દોષ જોનારના બધામાં ગુણ જોશો. પોતાના ગુણ જોવાવાળી વ્યક્તિ બધાના દોષ જોતી ફરશે.

આ દુનિયામાં સારા લોકો પણ છે. અને ખરાબ લોકો પણ છે. દરેક પોતાની અંદર દેવત્વ છે. અને દરેક દેવત્વમાં શેતાન પણું છે. ખરાબમાં ખરાબ માણસમાં સારો માણસ પાછળ છુપાયેલો હોય છે. અને સારામાં સારા માણસ પાછળ ખરાબ માણસ ઉભી હોય છે. પ્રશ્ન સારા કે ખરાબ માણસનો નથી પ્રશ્ન છે તમે શું જોઈ શકો છો ? તમારી આંખ શું જોવા ટેવાયેલી છે ? જો સારું જોવાની વૃત્તિ છે તો દુનિયામાં ઘણું બધું સારું છે.

"કોઈકે ચાંદને પૂછ્યું તેરી રાત ઈતની હસીન ક્યો હૈ ?
ચાંદને કહા યે તો તુમ્હારી નજરો કા પ્યાર હૈ,
વરના મુજમે ભી દાગ હૈ ।"

ખરાબ જોવું હોય તો દરેક વ્યક્તિમાં કંઈક ને કંઈક ખરાબી જોવા મળે છે. ખરાબ જોવાવાળા રામમાં પણ ખરાબી શોધી શકે, સારું જોવાવાળા રાવણને પણ પૂજતા હોય છે. રામમાં શું ખરાબી જોઈ શકાય ? જોવું જોઈએ નહિ. પરંતુ દોષ દૃષ્ટિવાળા જ જોઈ લે છે. કેટલાંક લોકો કહેતા હોય છે કે રામે નિર્દોષ સીતાની અગ્નિ પરિક્ષા લીધી. આ રામની ભૂલ છે. નિર્દોષ સીતાની અગ્નિ પરિક્ષા શા માટે લીધી ? આ તે સારું હતું કે, એ જમાનાની સીતા હતી. અગ્નિ પરીક્ષા આપી આજની સીતા હોય તો રામને કહેત કે પહેલાં તમે પણ ચાલો મને પણ તમારા ચારિત્ર ઉપર શંકા છે. પરંતુ એ સીતા હતી. તૈયાર થઈ ગઈ, અગ્નિ પરીક્ષા માટે અગ્નિ સામે ઉભા રહીને સીતાએ કહ્યું કે અગ્નિ દેવ મારી દૃષ્ટિમાં રામ સિવાય કોઈ પુરુષ પ્રત્યે સ્વપ્નમાં પણ વિકારભાવ આવ્યો હોય તો મને બાળી નાખજે. સીતા સુરક્ષિત પાર થઈ ગયાં સારી વસ્તુ રાવણમાં પણ છે. જો જોઈ શકાય તો. ભારતમાં દરેક જગ્યાએ દશેરાની દિવસે રાવણનાં પૂતળાં બાળવામાં આવે છે. પરંતુ દક્ષિણ ભારતમાં રાવણની પૂજા કરવામાં આવે છે. રાવણ નિંદનીય પણ છે. અને પૂજનીય પણ છે. ભેદ આપણી દૃષ્ટિનો છે. જીવન જીવવાની કળા શીખવી હોય તો આ દૃષ્ટિ ભેદને સુધારો.

●●●

'મોક્ષ' એટલે શું ?

ચિરાગ એન. અંધારીયા, અમદાવાદ

મોક્ષ એટલે શું ? અથવા મોક્ષની ઈચ્છા કોને કહેવાય ? મોક્ષનો અધિકારી કોન બની શકે ?

જે માનવી ધર્મ - કર્મ - અર્થ અને કામના ભોગને તેના જીવનમાંથી અલવિદા કરી શકે, તેના મનમાં બકરૂ કે ઊંટ - ધર્મ-અર્થ અને કામનાને પ્રવેશ માટે ન બચ્યુ હોય તો ઉપરના ત્રણેય પુરુષાર્થ જે પરિપૂણ્ય હોય તેજ સાચો મોક્ષનો અધિકારી બની શકે છે.

મોક્ષ સિવાય બીજુ કાંઈ જ ન ખપે અને મોક્ષ માટે સર્વ કાંઈ છોડવા કે ત્યાગ કરવા અને આથી થતા દુ:ખ સહન કરવા તૈયાર હોય તો જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. આ માટે મોક્ષની ઈચ્છા બહું જ હોવી જરૂરી છે.

મુમુક્ષોના આધ્યાત્મિક હીત માટે અથવા પરમ કલ્યાણ માટે તત્ત્વબોધ જરૂરી છે. આ માટેના જ્ઞાન વીના મોક્ષ સંભવ નથી. જ્ઞાન દ્વારા જ મોક્ષ કે મુક્તિ શરૂ થાય છે. આ માટે આત્મજ્ઞાન પ્રદાન કરવું જોઈએ. એટલે અજ્ઞાનને નાશ એજ બંધન મુક્તિ અને દુ:ખની નિવૃત્તી છે. એટલે અજ્ઞાનનો નાશ તો આત્મજ્ઞાનથી થાય છે. આથી સમજાય છે કે આત્માનું અજ્ઞાન જ જન્મ મરણનું, સુખ-દુ:ખનું કારણ બને છે. અજ્ઞાન જ બંધન અને કામ-ક્રોધ-મોક્ષ-લોભ અને ભયની જનની છે.

માનવ જીવમાં (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) ષટ સંપત્તિ અર્થાત શમ-દમ તિતિક્ષા ઉપરાંત (૪) શ્રધ્ધા અને સમાધાન. આ ચાર સાધનની પ્રાપ્તિ પછી જ સાધક મુમુક્ષુ આત્મતત્ત્વની વિચારણા કે તત્ત્વવિવેક માટે યોગ્ય ગણાય છે.

આત્મ વિવેક માટે ચિત્તની એકાગ્રતા-સ્થિર મન રહેવું જોઈએ. એટલે ચિત્ત શુધ્ધી હોવી જોઈએ. સર્વ શુધ્ધ હોય તો તે સાધક સદ્દ્ગુરુના ચરણમાં મોક્ષ શાસ્ત્રના રહષ્યોનું શ્રવણ કરવા શક્તિમાન બને અને શ્રવણથી ચિત્ત શુધ્ધી આત્મ વિચારોનું સાતત્ય થાય. અને અંતે આત્મજ્ઞાન થઈ જાય છે.

મારો મોક્ષ થાઓ એવી દઢ ઈચ્છાને મુમુક્ષુ અથવા મુમુક્ષુત્મા કહેવાય છે. મારો મોક્ષ એ ભાવના મનમાં જાગવી એ પરમાત્માનો અનુગ્રહ કે ઈશ્વરની અલૌકિક કૃપા જ કહેવાય. આ વિચાર જ મનુષ્ય જીવનની મહાન ચમત્કાર જેવી ઘટના કહેવાય.

ઘણા મનુષ્યને એવી ઈચ્છા થાય કે મને વધુ સંપત્તિ મળે, સારા સંતાનો મળે અને ઈચ્છા પૂર્ણ થાય.

પણ જેમણે ધર્મ-અર્થ અને કામ જેવા ત્રણેય પુરુષાર્થનું અનિત્વ-મિથ્યાત્વ સમજાય છે તેજ પુરુષાર્થનો ત્યાગ છે.

મોક્ષની ઈચ્છા કોઈ યોગ ભ્રષ્ટ જીવાત્માને જન્મથી જ પ્રાપ્ત થાય છે. જેમણે પૂર્વ જન્મના પાવન સંસ્કારને કારણે આ મોક્ષની મહેચ્છા જન્મે છે.

જેમને નૈતિકતા કે ધર્મનો વારસો મળેલ હોય, કુટુંબીજનો ધર્મ પ્રેમી-સતસંગારત હોય ઘર કે સમાજનું આધ્યાત્મિક વાતાવરણ મળેલ હોય અને આધ્યાત્મિક ગ્રંથો શ્રવણનું સદ્દ્ભાગ્ય મળ્યું હોય તેવા (માનવીને) વ્યક્તિને મોક્ષની ઈચ્છા થાય. આવી વ્યક્તિ તે જીવીત અવસ્થામાં જ મોક્ષ પ્રાપ્તી થઈ ગયેલ હોય છે. આવી વ્યક્તિને મોક્ષ ઈચ્છાની તીવ્રતા એ વૈરાગ્યની દઢતા ઉપર નિર્ભર છે.

આ માટે જીવન જીવતા જ સગા-સંબંધી-ધન-દોલત-હોદ્દો-પ્રતિષ્ઠા અન્ય સર્વની અભિલાષા રહેલ નથી હોતી. તેમનું મન-બુદ્ધી-ઈન્દ્રિયો સર્વ એક જ માર્ગે વળી ગયેલ હોય છે. અને તે સર્વ સુખ ભોગની આહુત આપવા તૈયાર હોય છે. અને છેલ્લે જે બચે તે જ તેમની મહેચ્છા તે મોક્ષ પ્રાપ્તી.

મોક્ષ અને વૈરાગ્યની તીવ્રતા-પ્રબળતા મોક્ષની મહેચ્યાની જયોતિમાંથી જ્ઞાના અગ્નિ પ્રગટાવી જીવન મુક્તિનું ફળ પ્રદાન કરી શકે છે.

●●●

દૃઢ ઈચ્છા શક્તિ અને સંકલ્પ બળ

- ગંગારામભાઈ કે. પટેલ, વડાલીકંપા

ભારતીય અધ્યાત્મ દર્શનમાં સત્યવાન અને સાવિત્રિનું કથાનક દૃઢ ઈચ્છા શક્તિ અને સંકલ્પબળનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ કથા મહાભારતના વનપર્થમાં વર્ણવેલી છે.

પાંડવ શ્રેષ્ઠ યુધિષ્ઠિર માર્કંડેય ઋષિને પૂછે છે કે ઈતિહાસમાં દ્રોપદીના જેવું ત્યાગ સંકલ્પ અને સમર્પણ ધરાવતી કોઈ અન્ય સ્ત્રી છે. ખરી ? સાવિત્રિ પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની રાજર્ષિ અશ્વપતિની એકમાત્ર કન્યા હતી. એ સમય સત્યયુગનો હતો. ત્યાંના પ્રદેશના રાજા ધુમત્સેન રાજદ્રોહના કોઈ ગુનાસર દેશનિકાલ પામી વનવાસ ભોગવી રહ્યા હતા. તેમનો પુત્ર સત્યવાન ખૂબ જ ગુણવાન અને કુશળ અને કુળવાન હતો. રાજકન્યા સાવિત્રી એક દિવસ વનભ્રમણ માટે નિકળી ત્યાં માર્ગમાં તેણે રાજકુંવર સત્યવાનને દૂરથી જોયો જોતાની સાથે જ લગ્નનાં ઉંબરે ઊભેલી કન્યાને વર પ્રત્યે અંતરમાં લાગણીના ભાવ ઝણઝણી ઊઠ્યા. ઘેર આવીને સાવિત્રીએ પિતા અશ્વપતિને સઘળી વાત કરી સંભળાવી. રાજા બોલી ઉઠ્યા અરે ! દેશદ્રોહની સજા પામેલા રાજાના દીકરા સાથે પ્રણય ? આ સંબંધ કોઈ કાળે સંભવ નહી બને, પરંતુ સાવિત્રી તો કુળવાન કન્યા હતી તેણે પોતાનો મક્કમ નિર્ધાર જણાવતા બંનેના રાજ-પરિવાર સત્યવાન અને સાવિત્રીના લગ્ન માટે સંમત થઈ ગયા.

લગ્ન ખૂબજ ધામધૂમથી કરવાનાં હતાં આખું નગર સુંદર રોશનીથી સુશોભિત કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં હર્ષોલ્લાસ હતો. અબાલ વૃદ્ધ સૌ પોતાની રાજકુમારીના લગ્નોત્સવ માણવા ઉત્સુક બન્યા હતાં તે સમયે દેવર્ષિ નારદ આકાશગમન કરતાં નગરમાં વિચર્યા રાજા અશ્વપતિએ દેવર્ષિનું યથાયોગ્ય સ્વાગત કરતાં ઈન્દ્રલોકના કુશળ-મંગળ પૂછ્યા. નારદજીએ પણ માંગલિક પ્રસંગની જાણકારી મેળવી. પરંતુ તેમના ચહેરા પરના ભાવ કોઈ અલગ જ તરી આવતા હતા તેમને હળવેથી કહ્યું કે રાજન ! તારી કોડભરી કન્યાનો થનાર પતિ સત્યવાન ટૂંકી જીવાદોરી ધરાવે છે બરાબર એક વર્ષ પછી તેની આ જગતમાંથી વિદાય નક્કી છે. આવું સાંભળી રાજા અશ્વપતિ આઘાતમાં સરી પડ્યા. એક બાજું લગ્ન મંડપમાં શરણાઈના સુર લાગી રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં તડામાર તૈયારીઓ ચાલતી હતી. એવામાં ખૂદ નારદજીના મુખે આવા અજુગતા વાવડ સાંભળી પિતા અશ્વપતિએ તત્કાળ સાવિત્રીને બોલાવી પહેલેથી જ સત્યવાન પ્રત્યે તેમને અણગમો તો હતો જ તેમણે તુર્ત જ આ અગમ્ય સંકેત પોતાની લાડકવાયી પુત્રીને આપ્યા.

પરંતુ દૃઢ મનોબલ અને અડગ નિશ્ચયવાળી સાવિત્રીએ મક્કમતાથી પોતાનો ઈરાદો જણાવ્યો કે સત્યવાન સાથે પરણવાનો મારો નિશ્ચય અડગ છે. ભલે ને બાર વર્ષ કે બાર માસ કે પછી બાર દિવસ જ કેમ ન જીવે ? ઝાકમઝાળ અને ભવ્યતાતિભવ્ય રીતે સત્યવાન અને સાવિત્રીના લગ્ન સંપન્ન થયાં અત્યંત સુખ સાહેબીમાં ઉછરેલી કન્યાએ સ્વસુર ગુહે અઘોર જંગલમાં પર્ણ કુટિરમાં રહેતા વયસ્ક રાજવી પરિવાને પોતિકું બનાવી લીધું ? પરમેશ્વર સમા પતિ સત્યવાન તથા ઘરડાશ્વસુર માતા-પિતાની પૂર્ણ સમર્પિતતાથી સેવા કરતાં કરતાં એક વર્ષ પૂરું થવા આવ્યું.

સાવિત્રીના મનમાંથી નારદજીની ભવિષ્યવાણી એક ક્ષણ માટે પણ ભૂલાઈ નહતી.

અંતિમ કાળ આવતાં જ સત્યવાને ચેતના ગુમાવી દીધી. તે બેભાન પતિને પોતાના ખોળામાં લીધો.તે જ ક્ષણે પરમપવિત્રા સાથે પતિવ્રતા ધર્મ નિભાવતી સાવિત્રીને અંતરદષ્ટિ પ્રાપ્ત થઈ ? તેને યમદૂતોને મૃત સત્યવાનની નજીક આવતા નિહાળ્યા. પરંતુ સતિત્વના ઐતિહાસિક તેજથી આ યમદૂતો તેના સુધી આવી ન શક્યા હતા. છેવટે યમરાજ સ્વયં સાવિત્રી પાસે આવી કહેવા લાગ્યા. હે નિષ્ઠાવાન સ્ત્રી ? આજે તારા પતિનો

પૃથ્વીપરનો અંતિમ દિવસ છે. હવે તેનો આત્મા અમને સોંપી દેવો પડશે. જગત નિયંતા પણ એમાં કોઈ ફેરફાર કરવા શક્તિમાન નથી.

સાવિત્રીની સંકલ્પશક્તિ પ્રબળ હતી. તેને સત્યવાનને લઈ જવાની સંમતિ ન આપી. ત્યારે લાંબા સંવાદ ને અંતે યમરાજ જબરજસ્તીથી સત્યવાનના આત્માને લઈ આરોહણ કરવા લાગ્યા. આમ થતા સાવિત્રીએ પોતાની યોગશક્તિના તેજથી યમની પાછળ પાછળ પ્રસ્થાન કર્યું જ્યારે યમે આ દ્દશ્ય જોયું ત્યારે આચર્ય પામતાં કહ્યું હે સતી સાવિત્રી ? સત્યવાન ના જીવ સિવાય જે વરદાન જોઈએ તે માંગ. પરંતુ સાવિત્રીને પોતાના પતિના આયુષ્ય સિવાય ઓછું કંઈ જ ખપતું ન હતું તેણે યુક્તિ પૂર્વક વરદાન માંગતા કહ્યું મને ૧૦૦ પુત્રોનું વરદાન આપો ?

યમે સહજતાથી 'તથાસ્થુ' કહ્યું ત્યારે સાવિત્રી પ્રસન્નતા પામી મારી પ્રબળ અભિપ્સા અહી પૂર્ણ થઈ છે. આપ જાણો છો કે હું પ્રતિવ્રતા સ્ત્રી છું સત્યવાન સિવાય અન્યનો સ્વપ્નને પણ વિચારી શકું નહી, આમ એક સન્નારીની જાગૃત ચેતના અને આત્મબળ સામે સાક્ષાત યમરાજને પણ ઝૂકવું પડ્યું સત્યવાનના આત્માનું પ્રત્યારોપણ થયું ?

માનવીની ચૈતસિક મનોવૃત્તિ કુદરતના અનંત ચૈતન્યના અંશરૂપ છે. જે વ્યક્તિની ઈચ્છા તથા વિચારોની દ્દઢતાની પ્રબલતાના પ્રમાણમાં અસરકારક નીવડી શકે છે. આ ઈચ્છાશક્તિના પ્રવાહનો વેગ એટલો તો ઝડપી છે કે તેની સામે વીજળી તથા બીજી હવાઈ તેમજ પ્રવાહી વસ્તુઓની ગતિ ઘણી જ ધીમી ગણાય છે. અને તેથી જ આ સંકલ્પબળના આકર્ષણથી દુર્લભ મનોકામનાઓની પ્રાપ્તિ થઈ શકે છે.

સત્યવાન અને સાવિત્રીનું આ અનુપમ આખ્યાન આજે પણ માતા-પિતા પોતાના સંતાનોનો આત્મ વિશ્વાસ વધારે છે.

અહંના ત્યાગ તથા સ્વની ઓળખના અભ્યાસ થકી દ્દઢ મનોબળ અને પ્રબળ ઈચ્છાશક્તિ મેળવી શકાય છે. આત્મશુદ્ધિ દ્વારા કરેલ મક્કમ નિર્ધારની સંકલ્પશક્તિથી ઈચ્છિત મનોકામનાઓ સિદ્ધ થઈ શકે છે.

સંકલ્પશક્તિ અને ઈચ્છાશક્તિ 'સ્વ'ની શુદ્ધિ આધારિત છે. અહંની સંપૂર્ણ ત્યાગ અને ચીતની શુદ્ધિ. મનના તમામ નેગેટીવ આવેગોની સંપૂર્ણ નિવૃત્ત થઈ જાય તો માનવી જે ધારે તે સિદ્ધ કરી શકે છે. પ્રકૃતિ તેની દાસી બની જાય છે.

રમણ મહર્ષિ યોગમાંથી....

જે પોતાના સુખને માટે વસ્તુઓની ઈચ્છા કરે છે તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે.

જેની ભીતર કોઈ પણ ઈચ્છા હોતી નથી તેની જરૂરિયાતોની પૂર્તિ આપોઆપ કરે છે.

●●●

સતનામ સોહમ - ઓહમ શાશ્વત સત્ય છે

- મુખી મહારાજ રાજેશ્વરી (અવાખલ)

નરસિંહ મહેતા : જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જુઠી.

મીરાંબાઈ : આત્માને ઓળખ્યા વિના રે, લખચોરાશી નહિ તો મટે રે,

ઈમામશાહ મહારાજ : બ્રહ્મજ્ઞાને (આત્મજ્ઞાને) મન થર આએ, મુનિવર બીજો નથી કોઈ ઉપાય અંતર દ્દષ્ટિએ જુઓ શ્યામ,

અંતર દ્દષ્ટિ એટલે કે અંતરઆત્માની ઓળખ કરો આત્મા સર્વેનો અંતરયામી, સબઘટ સરખો એકજ સ્વામી સદ્દગુરુજી સમજાવે છે કે સર્વના ઘટમાં બિરાજમાન જે આત્મ દેવ છે. તે પોતાનો પરમાત્મા છે અને તેજ ઈશ્વર બધાના જ ઘટમાં વસી રહ્યો છે માટે સર્વેમાં પરમેશ્વરના દર્શન કરીએ તેજ સાચુ તત્ત્વજ્ઞાન છે એમ સમજી અંતર આત્માની ઓળખાણ કરો. બહારની ભક્તિ કરેથી કામ

નહીં થાય તે માટે મનને સ્થિર કરી આત્મ ચેતન્યનું ધ્યાન કરશું તો જરૂર મુક્તિ મળશે.

વિશ્વ બ્રહ્માંડમાં રહેલા વિશ્વાત્માનું વિશ્વ બ્રહ્માંડ રૂપી શરીરની કલ્પના વેદમાં, ઉપનિષદોમાં કરવામાં આવી છે. આપણા શરીરમાં રહેલ આત્માનું આ પિંડ શરીર કલ્પવામાં આવે છે. વિશ્વ અને શરીરમાં રહેલ આત્મા બન્ને આત્મા છે. પરંતુ બન્ને ચેતન હોવા છતાં એક સર્વવ્યાપક સોહમ સર્વજ્ઞાન અને સર્વ શક્તિમાન વાળો છે. જ્યારે બીજો એક સ્થાનમાં રહેનારો એક દેશીય અલ્પજ્ઞ અને અલ્પ શક્તિવાળો છે. બંને પોતાના કાર્યમાં સ્વતંત્ર છે. પરમાત્મા વિશ્વ બ્રહ્માનું સર્જન કરે છે. વિશ્વાત્મા સર્વવ્યાપક અને સર્વશક્તિમાન હોવાથી તેને પોતાનાથી જુદા અન્ય વિશ્વ સંચાલન માટે અન્ય સાધનોની જરૂર રહેતી નથી. શરીરમાં રહેલો બ્રહ્માંડની રચનાને જોઈ વિશ્વાત્માની શક્તિનો અનુભવ કરી તેનું જ્ઞાન મેળવી શકે અને શુભ કર્મના સ્મરણ થી. જન્મ - મરણ જરા વ્યાધિ વિગેરે દુઃખોનું નિવારણ કરી સત. ચીત, બ્રહ્માનંદની પ્રાપ્ત કરી શકે સંતો મહંતો જ્ઞાનીઓ, શાસ્ત્રકારો કહે છે કે મનુષ્ય આ રહસ્યને સમજતો નથી. જે સમજી જાય છે તેને સર્વ તમામ રહસ્યોની સમજ છે.

હે ચૈતન્ય વિચાર કરીને દેખાતો ઈશ્વર છે. તેજ પરમાત્મા છે. તેજ બ્રહ્મ છે. તેજ આપણા સર્વમાં જીવાત્મા બની શાશ્વત રૂપે 'સોહમ - ઓહમ' નાદથી ગાજી રહ્યો છે. તેજ અંતરઆત્મા સર્વનો પ્રાણ છે. પણ જીવ માયાના આવરણમાં આવવાથી હું પોતે સત્ય, શાશ્વત પરમાત્મા છું તેવું જ્ઞાન થતું નથી તેથી લખ ચોરાશીના ચક્કરમાં ભટકવા લાગે છે. આત્મા - પરમાત્માની ઓળખાણ થવી એટલે જીવ - શિવનું મિલન થવું. એકાદશી એટલે એક જીવ અને એક શિવનું મિલન એક આત્મા અને એક પરમાત્મા બંનેનું એકીકરણ એટલે એકાદશી વિષયોની, આહાર મન દેહને દશ - દશ ઈન્દ્રિયો અને અગીયારમું મન વશમાં કરવું એનુ નામ એકાદશી, સત્ય, અહિંસા, અચૌર્ય, અસંગ્રહ, અભય સ્વદેશી સ્વાદ ત્યાગ સર્વધર્મ સમભાવ, આભડછેટ ન રાખવી જાતમહેનત અને સ્વમાન આ અગીયાર મહાવ્રતનું પાલન કરવું એટલે એકાદશી. મનનું શમન અને દશ ઇન્દ્રિયોનું દમન એટલે એકાદશી.

આપણે હંમેશા દશે દિશાઓની વાત કરીએ છીએ જે દિશાઓ બહારની તરફ ખુલે છે. સદ્‌ગુરુ ઇમામશાહ અગીયારમી દિશાની વાત કરે છે. જે અંદર છે. ભુગોળ એની ગણતરી કરતું જ નથી.

જેને તમે શોધો છો, તે તમારી અંદર છે. તમારા અંતરમાં છુપાયેલું છે. તે સમજ્યા વિના મનુષ્ય કોઈપણ માર્ગે ચાલશે, દુર નીકળી જવાના - ભટકી જવાના સ્થિર જઈ જાઓ. દશે દિશાઓની દોડ છો. અકલ્પ બનો દીપકની સ્થિર જ્યોત બનો. કૃષ્ણ એને જ સ્થિતપ્રજ્ઞ કહ્યો છે. એ અગીયારમી દિશા એજ એકાદશી, એજ અંતરદૃષ્ટિ, એજ અંતરજ્ઞાનનો અનુભવ, એજ પરમાત્મા છે. તેજ ઈશ્વર છે. તે બધાના ઘટ (શરીરમાં) વસી રહ્યો છે. માટે સર્વેમાં પરમેશ્વરના દર્શન કરીએ આવુ તત્ત્વજ્ઞાન ન જાણવાથી, ન ઓળખવાથી, લખ ચોરાશીના ચક્કરમાં યોનિઓમાં ભટકવું પડે છે. મનુષ્ય પોતાના માન-અભિમાનમાં એટલો અંધ બની જાય છે કે આત્મજ્ઞાન જાણવાની, સમજવાની ચેષ્ટા કરતો નથી. પોતાના અહંકારને લીધે મનુષ્ય નમ્ર બનીને આત્મજ્ઞાનને જાણવા નથી ઈચ્છતો. આજે બધાને માન - અભિમાનનો મોહ છે. તો કોઈને ધનનો લોભ છે. તો કોઈને પોતાના પદનો તેથી જ્ઞાની, આત્મજ્ઞાની, સંતો, મહાત્માઓની કલ્યાણકારી વાતો સાંભળવી ગમતી નથી.

જ્ઞાની પુરુષની ઓળખાણ નહિ થવામાં બે મોટા દોષ છે. તે એક તો હું બધું જાણું છું. બીજો દોષ હું સમજુ છું. એવા પ્રકારનું અભિમાન જે મનુષ્યને રહ્યા કરે છે. તેથી તેને સાચા જ્ઞાનની ઓળખાણ થતી નથી. સાચું જ્ઞાન એજ આત્મજ્ઞાન.

●●●

સામાજિક કથાઓ



અપરાધ ક્ષમા કરવાનો અધિકારી કોણ ?

- કે. વી. પટેલ, ધનસુરા

રામાયણમાં એક પ્રસંગ આવે છે. રામચંદ્ર ભગવાન ચૌદ વર્ષના વનવાસ વખતે ચિત્રકુટમાં આવે છે ત્યારે લક્ષ્મજી ફળફુલ લેવા માટે વનમાં ગયેલા હોય છે ત્યારે રામચંદ્ર ભગવાન અને સીતા માતાજી એકલાં હોય છે ત્યારે રામચંદ્ર ભગવાન સીતા માતાના માથામાં ફુલની વેણી પહેરાવે છે. આ દશ્ય સ્વર્ગમાંથી ઈન્દ્રના દિકરા જયેન્દ્રએ જોયું ત્યારે તેને મનમાં શંકા થઈ કે રામચંદ્રને ભગવાન કેવી રીતે મનાય ? ભગવાન હોય તો પોતાની પત્નીને માથામાં વેણી પહેરાવે ? તેને ભગવાન ન કહેવાય.

તેવી શંકા થવાથી ઈન્દ્રના દિકરાને રામચંદ્ર ભગવાન અને સીતામાતાની પરીક્ષા લેવાનું મન થયું. ઈન્દ્રના દિકરાએ રામચંદ્ર ભગવાનની પરીક્ષા લેવા માટે કાગડાનું સ્વરૂપ ધારણ કર્યું અને સીતામાતા અને રામચંદ્ર ભગવાન ચિત્રકુટમાં જયાં બેઠા હતા ત્યાં આવ્યો એ ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર કાગડાનું રૂપ ધરીને સીતા માતાના માથામાં ચાંચ મારીને નાસી ગયો. રામચંદ્ર ભગવાન તરતજ ઓળખી ગયા પરંતુ સીતા માતાના માથામાંથી લોહી નીકળવા લાગ્યું એટલે રામચંદ્ર ભગવાને વેણી બનાવવા ફુલ ભેગા કરેલા હતા તેની દાંડીમાંથી ધનુષ્ય અને બાણ બનાવીને ઈન્દ્રનો દિકરો કાગડો બનીને આવેલ હતો તેની પાછળ બાણ રવાના કર્યું રામચંદ્ર ભગવાનના બાણથી જયેન્દ્ર ગભરાયો અને બચવા માટે પોતાના પિતા ઈન્દ્ર પાસે ગયો અને ઈન્દ્રને કહ્યું કે પિતાજી મારી પાછળ રામચંદ્ર ભગવાનનું બાણ આવે છે અને મને મારી નાખશે તેથી મને બચાવો ત્યારે ઈન્દ્ર રાજાએ તેના દિકરા જયેન્દ્રને પુછ્યું કે તે રામચંદ્ર ભગવાનનો કોઈ ગુનો કર્યો હશે તેના વગર તને મારવા બાણ મોકલે નહીં. આથી ઈન્દ્રના દિકરા જયેન્દ્રે રામચંદ્ર ભગવાન અને સીતા માતા ઉપર ભગવાન નથી તેવી શંકા જવાથી તેની પરીક્ષા કરવા કાગડો થઈને સીતા માતાને ચાંચ મારીને લોહી કાઢ્યું હતું તે બધીજ વાત પોતાના પિતા ઈન્દ્રને કરી.

તેથી ઈન્દ્ર મહારાજ પોતાના દિકરા જયેન્દ્ર ઉપર બહુ જ ગુસ્સે થયા અને કહ્યું કે હું તને બચાવી શકુ તેમ નથી. તું ભગવાનનો ગુનેગાર છે માટે મારા ઘરમાંથી નીકળી જા. જો રામચંદ્ર ભગવાનનું બાણ અહીં સ્વર્ગમાં આવશે તો સ્વર્ગ પણ બળીને ખાક થઈ જશે. માટે તું અહીંથી હમણાંને હમણાં ચાલ્યો જા.

ત્યારબાદ ઈન્દ્રનો દિકરો પોતાનો જીવ બચાવવા બ્રહ્માજીની પાસે જાય છે. પરંતુ બ્રહ્માજીએ પણ આવા ગુનામાંથી પોતે તેને બચાવી શકે તેમ નથી. તેવી લાચારી બતાવી તેથી ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર પોતાની પાછળ પડેલ બાણથી જીવ બચાવવા વિષ્ણુ ભગવાન પાસે જાય છે અને પોતાનો જીવ બચાવવા વિષ્ણુ ભગવાનને વિનંતી કરે છે પરંતુ વિષ્ણુ ભગવાને કોઈપણ જાતની સહાયતા કરવા ના પાડી ને લાચારી બતાવી દીધી. તેથી ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર ભોલેનાથ શંકર (મહાદેવ) પાસે જાય છે. અને પોતાનો જીવન બચાવવા મહાદેવને વિનંતી કરે છે અને જે બાબત બનેલ હતી તે બધીજ શંકર ભગવાનને કહે છે ત્યારે શંકર ભગવાને પણ કોઈપણ જાતની સહાયતા કરવા ના પાડી દીધી. ત્યારબાદ ઈન્દ્રનો દિકરો ભાગતો ભાગતો જાય છે. પાછળ રામચંદ્ર ભગવાનનું બાણ તેનો જીવ લેવા આવે છે. હવે શું કરવું ? તે કંઈ સુજતું નથી. એટલામાં નારદ ત્યાંથી નીકળે છે અને ઈન્દ્રના દિકરાને ઉભો રાખીને પુછે છે કે ભાઈ કેમ આટલો ભાગે છે તેથી ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર જે કાગડા રૂપે છે તે બધીજ બાબત નારદને કહે છે.

ત્યારે નારદે કહ્યું કે તારો જીવ બચાવવાનો એક

ઉપાય છે તે હું તને બતાવું તે ઉપાય તું કરવા તૈયાર હોય તો તારો જીવ બચી શકે તેમ છે. એટલે નારદે તેનો ઉપાય બતાવતા કહ્યું કે જે તે જેનો ગુનો કર્યો છે તેની પાસે જા અને માફી માગ તો તારો જીવ બચી શકશે. ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર કાગડાના રૂપમાં કહે કે હું કયા મોઢે રામચંદ્ર ભગવાન પાસે જાઉં. હું તો તેનો ગુનેગાર છું પરંતુ નારદજીએ એક વાત બતાવી કે આ જગતમાં તમે જેનો ગુનો કરો છો એટલે તમે જેના ગુનેગાર છો તેને જ ગુનો માફ કરવાનો અધિકાર છે. તમે ગુનો રામચંદ્ર ભગવાનનો ગુનો કર્યો એ ગુનો માફ કરવા ઈન્દ્ર પાસે જાઓ, બ્રહ્માજી પાસે જાઓ, વિષ્ણુ પાસે જાઓ કે શંકર પાસે જાઓ તો આ ગુનો માફ કરવાનો કોઈને અધિકાર નથી. તમે જેનો ગુનો કર્યો હોય તેજ તમોને માફ કરી શકે. બીજો કોઈ માફ કરી શકે નહી. માટે રામચંદ્ર ભગવાનના ખોળામાં માથું મૂકીને ભુલની માફી માગી લો તો જ તમારો જીવ બચી શકશે. આથી ઈન્દ્રનો દિકરો જયેન્દ્ર સીતામાતાના શરણમાં ગયો અને સીતા માતાએ રામચંદ્ર પ્રભુ તરફ ઈસારો કર્યો ત્યારે રામચંદ્ર પ્રભુએ કહ્યું કે તારો જીવ બચી જશે પરંતુ મારૂ બાણ ભોગ લીધા વગર પાછું ફરશે નહી એટલે રામચંદ્ર પ્રભુના બાણે કાગડાની એક આંખ ફોડી નાખી એ કાગડો એક આંખવાળો બની ગયો. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું છે હાલમાં સમાજમાં વિરોધ પક્ષના જે ભાઈઓ સદ્‌ગુરુદેવની ખોદણી કરે છે ટીકાઓ કરે છે સદ્‌ગુરુદેવની વિરૂદ્ધમાં ગમે તેવી ચોપડીઓ છપાવીને બદનામ કરે છે તે બધા સદ્‌ગુરુદેવના ગુનેગાર છે. આ બધાને સદ્‌ગુરુદેવ ચોક્કસ શિક્ષા કરશે અને તેને સદ્‌ગુરુદેવની સજા ભોગવવી પડશે અને આવી સજામાંથી બચવું હશે તો જેનો ગુનો કર્યો હશે તેના શરણમાં આવવું પડશે, આવવું પડશે અને આવવું પડશે જ. અથવા સદ્‌ગુરુદેવના ગુનાનું પરીણામ ભોગવવું પડશે તેમાં કોઈ શંકા નથી.

●●●

વાણીના ઘા

- પટેલ લખમશીભાઈ દેવજીભાઈ, બડોલકંપા

એક માણસને વાઘ સાથે મિત્રતા થઈ. પછી તે માણસે પોતાના ઘેર માંગલીક પ્રસંગ યોજ્યો. પોતાના સંબંધીઓને આમંત્રણ આપ્યું તેની સાથે પોતાના મિત્ર વાઘને પણ આમંત્રણ આપ્યું. વાઘ તેને ઘેર એક મિત્રના સંબંધના કારણે આવીને બેઠો. વાઘને જોવે તો માણસોનું શું થાય ભાગવા જ માંડે ને. બધા વાઘને જોઈને માણસો ભાગવા લાગ્યા. ત્યારે તે માણસે પોતાના સંબંધીઓને કહેવા લાગ્યો કે કોઈ બીશો નહી તમને વાઘ કશુજ નહી કરે. આતો કૂતરા જેવો છે. તે સાંભળીને વાઘને હાડોહાડ લાગી આવ્યું કે મને કૂતરો કહ્યો બીજો હોત તો તે તરત જ ઠેકાણે પાડી દેત, પરંતુ આતો મિત્ર છે. માટે મિત્ર ઘાતી ન થવાય એમ જાણી ગુસ્સાને ગલી ગયો પણ તેણે મિત્રને કહ્યું કે તારા ઘરમાંથી કુહાડી લઈ આવ. અને તારામાં જેટલું જોર હોય (બળ) હોય તેટલા જોરથી મારા માથા પર માર. અને જો નહિ મારે તો હું તને ખાઈ જઈશ પછી પેલો માણસ બીકનો માર્યો વાઘના માથામાં કુહાડી મારી. પછી વાઘ કહે હવે ઉની રાઈનો પાટો બાંધી દે. પછી તેણે તે પ્રમાણે કર્યું પછી વાઘ જંગલમાં જતો રહ્યો થોડા દિવસો પસાર થયા તે પછી માણસ વાઘની ખબર કાઢવા ગયો ત્યારે વાઘે પેલો પાટો છોડાવીને કહ્યું જો હવે ઘા છે. ત્યારે તે કહે નથી. ત્યારે વાઘે કહ્યું જે તે કુહાડીનો ઘા માર્યો હતો તે તો મટી ગયો પણ જે તે કૂતરો કીધો છે તે શબ્દ રૂપી ઘા તો હજી ઉંડે ને ઉંડે ઉતરતો જ જાય છે. તુ મારો મિત્ર છે એટલે તને જવા દઉં છું પણ આજથી તારી અને મારી મિત્રતા પૂરી થઈ ગઈ માટે ફરીથી પાછો આવીશ નહી.

આ પ્રસંગ ઉપરથી આપણને સમજવા મળે છે કે શબ્દ પશુ કે જાનવરને પણ લાગે છે તો માણસને કેમ ના લાગે. વાણીના ઘા બહુજ આકરા હોય છે. માટે જીવનમાં બોલતાં પહેલાં સો વખત વિચાર કરીને બોલવું જોઈએ. વાણી અને પાણી તેને ગાળીને વાપરવાં જોઈએ. એટલે કે શુદ્ધ કરીને વિચાર કરીને વાપરવાં કોઈને પણ દુઃખ થાય નહિ તેવી વાણી આપણે બોલવી જોઈએ.

●●●

● કોઈ દિવસ અન્નનો અનાદર ન કરવો ●

નારી જગત

બદલાયેલો દ્રષ્ટિકોણ

- નારણભાઈ ડી. પટેલ, લાલુકંપા

સાવ નાની હતી ત્યારે સવારમાં ઉઠીને પહેલું કામ મા માટે પૂજાના ફુલો લાવવાનું કરતી. પછી છાબડીમાં ભેગાં કરી એ ફુલોમાંથી મા જ્યારે ભગવાન માટે માળા બનાવતી ત્યારે એ ધ્યાનથી એક પછી એક ફુલોને સોયમાં પરોવીને હારનું રૂપ લેતાં જોયાં કરતી. થોડીક સમજણી થયા પછી માને પૂછતી 'મા, મને ડૉક્ટર ઈન્જેક્શન આપે ત્યારે કેટલું દુઃખે છે ! હું તો બૂમાબૂમ કરી મૂકું છું. આ ફુલો તો બોલી નથી શકતાં, પણ એમને તુ આ રીતે સોયથી વીંધે તો એઅમને બિચારાને દુઃખતું નહિ હોય ? કોઈને દુઃખી કરીને બનાવેલી માળા ગળામાં પહેરવાનું ભગવાનને ગમતું હશે ?

મીનું અત્યંત ઋજુ હૃદયની. કોઈની નાની સરખી તકલીફ પણ એ સહન ન કરી શકે. પોતાની સંવેદનશીલ દીકરીની આવી વાત સાંભળીને મા ઘડીક વિચારતી પણ ખરી પણ પછી હસી પડતી.

ગાંડી, રે ગાંડી, એમાં કાં ફુલને દુઃખ ન થાય, ઉલટું એ તો રાજી થાય કે કોઈના પગ તળે ચગદાઈને મરી જાત તો મારૂં જીવન વ્યર્થ જાત. એને બદલે ભલે થોડી પીડા સહન કરવી પડે પણ પ્રભુના હૈયા પર સ્થાન તો મળશે ને ?

નાનકડી મીનુને ગળે વાત ઉતરે કે ન ઉતરે પણ અંતે તો માની વાત સાચી માની લેતી. એમ તો બાપુ પણ વહાલથી એને માથે હાથ ફેરવતાં કહેતા,

મારી દયાળુ દીકરી ! અન્યના દુઃખને પોતાનું સમજવું એ ભલે મોટો સદ્‌ગુણ હોય, પણ આનું નામ જ જીવન છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ તો આવતાં રહેવાનાં જ. અને આપણે એમાંથી રસ્તો કાઢવાનો સમજી ?

મીનુ, બાપુની વાત બરાબર સમજવાની કોશિશ કરતી અને કંઈક ન સમજાય તો એમને સવાલો પૂછતી રહેતી. એને બાપુ બહુ ગમતા. ક્યારેક તો મા કરતાં પણ વધારે, કોઈક વાર એને કાને મા-બાપુની રકઝક પડી જતી તો એવે વખતે હંમેશાં એનું મન બાપુના પક્ષે જ રહેતું.

એવા વહાલસોયા બાપુએ વિદાય લીધી ત્યારે એ ભાંગી પડેલી. મા ઘણું સમજાવતી, નાનાભાઈ મયંક ખાતર પણ મન કઠણ કરવા કહેતી પણ મીનુ તો... અચાનક એક દિવસ મયંકે જ એને યાદ કરાવ્યું, દીદી, બાપુ શું કહેતા, ભુલી ગઈ ? તકલીફો તો આવતી રહેવાની અને એમાંથી આપણે રસ્તો કાઢતાં રહેવાનું.

એ રડતાં રડતાં મયંકને ભેટી પડી. એને થયું કે ભાઈ બરાબર જ કહે છે. આવા કસોટીના સમયે બાપુની શીખામણ અમલમાં નહિ મૂકું તો ક્યારે મૂકીશ ? બાપુને ગયાને હવે તો ૮-૯ વર્ષ વિતી ગયાં હતાં. પણ તે દિવસે ફુલ ચૂટતાં ચૂટતાં એને વધુ યાદ આવી ગયું. પોતે આટલાં સુંદર ગુલાબનાં ફુલોનો ઢગલો મા પાસે કરશે ત્યારે એ કેવી રાજી થશે. એમ વિચારતી હતી ત્યાં તેને કાને ઘરમાંથી આવતો માનો ઉગ્ર વાળો અવાજ અથડાયો. 'આઠ વાગવા આવ્યા, હજી છે ચાનાં ઠેકાણાં ? ટાઈમે ચા ન મળે તો આખો દિવસ માથું દુઃખે છે પણ એની અહીં કોને પડી છે ?

મા, ચા તૈયાર જ છે. કપમાં ગાળીને લઈ આવું એટલીજ વાર છે. તમને અને દીદીને નાસ્તામાં ઉપમા ભાવે છે એટલે એ બનાવવા ગઈ એમાં જરા મોડું થયું.

મીનુ ઘરમાં પહોંચી ત્યારે ભાભીએ ચા-નાસ્તો બધુ ટેબલ પર ગોઠવી દીધું હતું. એને જોઈ સીમાએ કહ્યું, 'ચાલો દીદી જલદી આવી જાઓ. ગરમાગરમ ઉપમા ખાવાની મજા આવશે.'

તું પણ આવી જાને સાથે ! મીનુની ચકોર નજરે નોંધ્યું કે એણે સીમાનેય ટેબલ પર બેસવા કહ્યું એ માને ગમ્યું નથી.

એ અત્યારમાં ક્યાંથી ચા-નાસ્તો કરવા બેસી જવાની? હજી તો મયંકનું ભરવાનું ગુડીને ઉઠાડવાની... બોલતાં બોલતાં ચા નો ઘૂંટડો ભર્યો. આ તો ચા છે કે ઉકાળેલું પાણી ? આવી સાવ મોળી ચા ? કહેવાય છે રે જેની ચા બગડી એનો દિવસ બગડે ?

માની ફરીયાદ સાંભળી મીનુએ પોતાનો ચાનો કપ મોઢે માંડ્યો. મા, મારી ચા માં તો ખાંડ જરાય ઓછી નથી. એતો હમણાં હમણાં માનું સુગર લેવલ બહુ વધી જાય છે, એટલે ડૉક્ટરે ખાસ ધ્યાન રાખવાનું કહ્યું છે. મા, તારી તતબિયત માટે ડૉક્ટર કહે તેમ કરવું જ પડે ને? ધીમે ધીમે તારે ખાંડ ઓછીની ટેવ પાડવી જોઈએ.

દીકરીને વહુનો પક્ષ લેતી જોઈને માની કમાન છટકી.

હા, હા, બધાં બેગાં મળી મને સલાહ આપો. કાલ ઉઠીને કહેશો કે, તળેલું નહિ ખાવાનું, પછી કહેશો કે મસાલાવાળું નહિ ખાવાનું. તમે બધાં સમજુ અને એક મારામાં જ અક્કલ નહિ એમ જ ને ? માએ તો આંસુનુ બ્રહ્માસ્ત્ર ઉગામ્યુ. સીમા ગભરાઈને ખાંડનો ડબ્બો લઈ આવી.

લાવો મા, થોડી ખાંડ નાખી આપું. મહેરબાની કરીને આમ સવારના પહોરમાં નારાજ ન થાવ. મારી કાંઈ ભૂલ થઈ હોય તો માફી માગું છું. આ સૂરજ માથે આવ્યો તોય સવારનો પહોર લાગે છે તને ? સાત સાત વાગે ઉઠે પછી કામનાં ક્યાંથી ઠેકાણાં હોય ?

મા, હું ય મારા ઘરે સાડા સાતે ઉઠું છું. પુરુષોને કામેથી આવતાં મોડું થાય. એમને જમાડી, રસોડું આટોપીને સૂએ ત્યાં સાડા અગિયાર-બાર વાગે પછી વહેલા કેવી રીતે ઉઠાય ?

મા-દીકરી એકલાં પડ્યાં ત્યારે માએ કહ્યું :

કેમ રે, પહેલાં તો મારી બધી વાતોમાં હા એ હા કરતી હતી અને હવે ભાભીની તરફદારી કરવા લાગી ?

જ્યાં સાચું લાગે ત્યાં બોલું છું મા, મીનુએ ગુલાબનું ફુલ હાથમાં લીધું. એનો કાંટો વાગ્યો ને આંગળીએ લોહીનો ટશિયો ફૂટ્યો. એ તરફ જોતાં એ બોલી, ને મા પહેલાં હું તારી હા માં હા કરતી હતી. કેમકે ત્યારે હું કોઈની પુત્રવધુ, પત્ની મા કે ભાભી નહોતી બની. એ બધું બન્યા પછી હવે મારો દૃષ્ટિકોણ બદલાયો છે.

●●●

માતૃવંદના

- કુ. પ્રીતિ મુકેશભાઈ ભાવાણી, અમીરગઢ, બ.કા.

માતૃ દેવો ભવઃ પિત્રુ દેવો ભવ :

માતે મા બીજા બધા વગડા ના વા.

ભગવાન આ સૃષ્ટિમાં દરેક જગ્યાએ ન પહોંચે તે માટે દરેક ઘરમાં ભગવાને એક માઁને મૂકી છે, એટલે માઁ એક ભગવાનનું રૂપ છે. 'માઁ' મારી માઁ જન્મ આપનાર જનેતા... જેની કોઈ ઉપમા ન આપી શકાય એનું નામ છે માઁ જેની કોઈ સીમાં નથી તેનું નામ છે... માઁ જેને ક્યારેય પાનખર નથી આવતી તેનું નામ છે... માઁ.

આવી ત્રણ માઁ છે.

(૧) પરમાત્મા (૨) મહાત્મા અને (૩) માઁ.

માટે હે યુવાનો - માનવો - પ્રભુને પામવાનું પહેલું ચરણ છે માઁ 'માઁ' એ પૂર્ણ શબ્દ છે, ગ્રંથ છે યુનિવર્સિટીયે છે 'માઁ' મંત્ર બીજ છે. પ્રત્યેક સર્જનનો આધાર છે માઁ મંત્ર, તંત્ર અને યંત્રની સફળતાનો મૂલ આધાર છે... માઁ.

'માઁ'ની સાગરથી અધિક ગહેરાઈ ને 'માઁ'ની હીમાલયથી અધિક ઉંચાઈ ને અને 'માઁ'ની આસમાનથી અધિક અસ્મિકતા જેની છે તે.... માઁ.

માઁ તે ધરતીતી અધિક સહિષ્ણુતાને ઓળખાવે તે... માઁ તેથી વધુ-મહાત્માને પરમાત્મા પણ એજ બની શકે છે. જે માઁ ને પહેચાને છે. ઓળખો છે. તે...

- આ જગતમાંથી 'માઁ' નાબુદ કરીએ તો જગત લુખું થઈ જાય છે, તો જીવન જીવવા લાયક ન રહે. દિવસની શોભા સૂર્ય છે, રાત્રીની શોભા ચંદ્ર છે.
- છોડની શોભા ફૂલ છે, મંદિરની શોભા ભગવાન (મૂર્તિ) છે અને ઘરની શોભા 'માઁ'-બાપ છે. દુનિયામાં બે બાબતો કદી ખરાબ હોતી નથી. એક આપણી માઁતા બીજી માતૃભૂમિ.
- ભગવાનને ભજવાથી 'મા' નથી મળી શક્તિ પરંતુ માને ભજવાથી ભગવાન અવશ્ય મળી શકે છે.
- 'માઁ' એટલે ગુરુ માઁ એટલે કલ્પ વૃક્ષ, માઁ એટલે સુખનો સાગર, માઁ એટલે પ્રેમનું પિયર, માઁ એટલે સ્વર્ગ નર્કનો સાગર, માઁ એટલે અમૃતની ધાર...
- 'માઁ' યાદ આવે છે ત્યારે રડવું આવે છે.
- માતાના બે ચરણ છે. સમતા અને મમતા.
- માતાની બે આંખ છે. ક્ષમા અને કરુણા.
- માતાને બે હાથ છે. અભય અને વરદાન. માતાનું હ્રદય છે.
- પ્રેમનું મંદિર માતા શબ્દ નથી શબ્દ તીર્થ છે માતા જેવી કોઈ છાયા નથી. માતા જેવી કોઈ ગતિ નથી. દુનિયાનું કોઈ શ્રેષ્ઠ તિર્થધામ હોય તો તે પોતાના માઁ-બાપ છે. એટલે તો ગુજરાતીમાં કહેવત પડી કે મા તે માઁ બીજા બધા વગડાના વા.
- આપણા માઁ-બાપ આપણી પાસે આટલી અભિલાષા રાખે છે.
- આપણા માઁ-બાપ કયાં આપણી પાસે દરરોજ જમવામાં લાડું, જલેબીનો આગ્રહ રાખે છે? ઘરમાં જે બન્યું હોય તમે જે જમતાં હો તે માઁ-બાપને ભાવથી જમાડો.
- એમની જરૂરિયાતની માંગણીઓની ઉપેક્ષા ન કરો.
- એમની પાસે બેસો આનંદથી વાત-ચીત કરો. માઁ-બાપની ઈચ્છા હોય તો બની શકે તો યાત્રા કરાવો. સાજા-માદા હોય તો સંભાળ લો. સારા ડૉક્ટરની દવા કરાવો.
- અનુભવી હોવાથી વ્યવહારમાં સલાહ લો.
- કોઈની હાજરીમાં માઁ-બાપને કદીયે ઉતારી ના પાડશો.
- માઁ-બાપને નોકરની જેમ નહી, પણ ઘરના વડીલ તરીકેને મોભો આપી એનું સન્માન કરજો.

- નોંધ : જે તળેટીને અવગણે છે તે શિખર ને પામે તે શક્ય નથી. આવી 'માઁ'ને અવગણીને હજારો ગણી માળા ફેરવી આપણે પ્રભુ ભણી જઈ શકીએ તે વાત દુરગણી?
- એક કથા : કાર્તિકેય અને ગણેશજી વચ્ચે શરત થઈ કે જે પૃથ્વીને પહેલા પ્રદક્ષિણા કરી આવે તે મોટો.

- કાર્તિકેય સડસડાટ ઊડ્યા - ગણેશજી એ માતા-પિતાને પ્રદક્ષિણા કરી. ગણેશજી જીત્યા એનું નામ છે. માઁ
- માઁ-બાપને કાવડમાં બેસાડી-૬૮ તીર્થ કરાવે શ્રવણ અને શ્રી રામ જેમના વચને વનમાં વીચરે એનું નામ છે માઁ
- માઁ-બાપનો રહેવાનો ઓરડો (બેઠક) સુરક્ષિત, સ્વચ્છ પ્રકાશીત અનેક સગવડ વાળો રાખો - (વાનપ્રસ્થાન માટે)

પુન્યનો પ્રતાપ એટલે માઁ. માઁ અને ક્ષમાં એક છે કેમકે માફી આપવામાં બન્ને નેક છે - સંસારની બે કરુણતા : માઁ વિનાનું ઘર, અને ઘર વિના માઁ. નાનો હતો ત્યારે માઁની પથારી ભીની રાખતો. મોટો થયો ને... માઁની આંખડી ભીની રાખે છે પુત્ર ને માઁને ભીનાશમાં રાખવાની ટેવ પડી છે. ચાર વર્ષનો બાબલો જો તારા પ્રેમને ઈચ્છે તો ૮૦ વર્ષના તારા માઁ-બાપ તારા પ્રેમને ન ઈચ્છે?

બચપણમાં જે દિકરાને માઁ-બાપે બોલતા શીખવાડ્યું હતું એ દિકરા ઘડપણમાં માઁ-બાપને ચુપ રહેતા શીખવાડે છે. બચપનમાં આઠ વર્ષ આંગળી પકડીને જે માઁ-બાપ તને નીશાળે લઈ જતાં તે માઁ-બાપને ઘડપણનાં આઠ વર્ષ મંદિરે લઈ માઁ-બાપને સૌને ન મઢાય તો ચાલે, હીરે ન મઢાય તોય ચાલે. પણ માઁ-બાપની આંતરડી ન કકળાવજો.

●●●

યુવા જગત

ગ્લોબલ વોર્મિંગ

- ઉપતીબેન કનુભાઈ પટેલ, રંગીનપુરા, ખેડા

ગ્લોબલ વોર્મિંગની અસરો અને આબોહવામાં થતો ફેરફાર પર્યાવરણ અને મનુષ્યજીવન બંને માટે ચિંતાનો વિષય છે. તાપમાનમાં નોંધાયેલો વધારો સમુદ્ર આચ્છાદિત વિસ્તારોમાં નોંધાયેલો ઘટાડો આબોહવામાં થયેલા ફેરફારોના દેખીતા પૂરાવાઓ છે. આઈપીસીસીના ચોથા સંકલન અહેવાલ મુજબ, ૨૦મી સદીના મધ્યભાગથી વૈશ્વિક તાપમાનમાં થયેલા વધારા પાછળનું અત્યંત સંભવિત કારણ ગ્રીનહાઉસ વાયુઓમાં થયેલો નોંધપાત્ર વધારો છે. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે ભવિષ્યમાં આબોહવામાં ફેરફારો જેવા કે ગ્લોબલ વોર્મિંગમાં વધારો, સમુદ્ર સપાટીની ઊંચાઈનાં વધારો અને કેટલીક વાતાવરણને લગતી વિકટ ઘટનાઓમાં સતત વધારો થશે. આબોહવામાં થતા ફેરફારો સાથે ભવ્યસૃષ્ટિ સલામત નથી. ભવિષ્યમાં આબોહવામાં થનારા મોટાભાગના ફેરફારોના જોખમો ઘટાડવા માટે ઘણા દેશોએ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન સંબંધી નીતિઓ ઘડી કાઢી છે. અને તેનું અમીકરણ કરવામાં આવ્યું છે.

વાતાવરણના ફેરફારોને પરીણામે વૃક્ષોનો વિનાશ વધી રહ્યો હોવાનું માનવામાં આવે છે, જે હકારાત્મક પ્રતિભાવ અસર છે. અગાઉ બૃહદ રીતે સ્વીકૃતિ પામેલી વિચારધારા કે કુદરતી રીતે વનસ્પતિ સૃષ્ટિમાં થતો વધારો નકારાત્મક પ્રતિભાવાળી અસર ઊભી કરશે એ બાબત સાથે હાલના તથ્યો પ્રગટ કરે છે.

જંગલોમાં આગ :

ઘણા પ્રદેશો જો કે ભૂમધ્ય સમુદ્રની આસપાસનો યુરોપના ભાગ વરસાદનો ઘટાડો અને પાણીની તંગીને જોખમે અનુભવાયે તે પછીથી જંગલોમાં ફેલાતી આગની ઘટનાઓ મોટાપાયે અને અવારનવાર થતા માટે કારણભૂત બને છે.

સમુદ્રી હીમનું પીગળવું :

સૂર્યની ગરમીનું સમુદ્ર દ્વારા શોષાય છે. બરફ સૂર્યકીરણોને પાછા અવકાશમાં પરાવર્તિ કરે છે. આને લીધે સમુદ્રી હીમના સુકાવાને લીધે ખુલ્લા પડતા સમુદ્રો સૂર્યપ્રકાશથી ગરમ બને છે અને સમુદ્રનો બરફ પીગળે છે.

ગ્રીનહાઉસ વાયુના અસ્તરમાં વધારા જેવી આ બાબતો માનવીય પ્રવૃત્તિ સામે ચેતવણી સમાન છે તે અનેક ભૌતિક જૈવિક વ્યવસ્થા પર સ્પષ્ટ અને નુકશાનકારક અસર કરે છે. વોર્મિંગ તાજા પાણીના સ્રોતો, ઉદ્યોગો, ખાદ્ય અને સ્વાસ્થ્ય જેવા વિવિધ મુદ્દે નુકશાનકારક અસર કરશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

●●●

વધતા જતા છૂટાછેડા જવાબદાર કોણ મોબાઈલ કે આપણે ?

- નટુભાઈ પટેલ, (થવાદ) અમદાવાદ

આજના આ અત્યન્ટ આધુનિક વિકસતા વિજ્ઞાનના જમાનામાં આપણે દરેક ક્ષેત્રે હરણફાળ ભરી છે. તે પછી શિક્ષણ ક્ષેત્ર હોય, મેડિકલ ક્ષેત્ર હોય, ઔદ્યોગિક ક્ષેત્ર હોય, ડિજિટલક્ષેત્ર હોય કે પછી ટેક્નોલોજી ક્ષેત્ર હોય. કોઈપણ સિક્કાની બે બાજુઓ હોય છે તેમ પ્રગતિની સાથે તેનાં સારાં અને નરસાં પરિણામ પ્રાપ્ત થતાં હોય છે. કોઈપણ ટેક્નૉલોજિનું આગમન થાય એટલે તેની બે અસરો જોવા મળે છે. જેની હકારાત્મક અસરો પ્રથમ નજરે ચડે છે. જ્યારે તેની નકારાત્મક અસરોનો ખ્યાલ બહુ મોડો પડે છે. પરંતુ સ્માર્ટફોન ટેક્નોલૉજીનું આગમન જે ઝડપે થયું અને તે માનવ જીવનમાં એવો ગોઠવાઈ ગયો કે તેની નકારાત્મક અસરોનો વિચાર શુધ્ધાં કરવામાં આવ્યો નથી. તેમાં પણ ટચ સ્ક્રીન મોબાઈલના આગમન પછી તેનો ઉપિયોગ ખૂબ જ પ્રમાણમાં વધી ગયો છે. આજની દોડધામ વાળી જિંદગીમાં કોઇના માટે કોઈને પણ સમય નથી. એવામાં સ્માર્ટફોન સબંધો જોડાવાનો સારો ઉપાય છે. ગણી વખત જે વાતો સામસામે બેસીને કહેવામાં સંકોચના ગાળામાં અટકતી હોય તેવી વાતો ફોન પર સરળતાથી કરી શકાય છે. યુવક-યુવતીઓ આજુ બાજુ શેરી મિત્રો બનાવવાને બદલે ચેટિંગ કરીને નવા નવા મિત્રો શોધે છે. જેમાં સમય અને પૈસાની બરબાદી કરે છે. ઘરમાં બેસીને કુટુંબ પરિવાર સાથે બેસીને વિચાર-વિમર્શ કરવાનો સમય કોઇની પાસે હોતો

નથી પરંતુ તેમણે Face book, Twitter, Whats App, Instagram પર અજાણી વ્યક્તિ સાથે મિત્રતા બાંધવાનું વધારે ગમે છે.

મિત્રો, ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આજે વિચાર કરીએ તો મોબાઈલ ક્ષેત્રે આજે એટલી બધી પ્રગતિ કરી છે કે બે ગામ વચ્ચેનું અંતર તો ઠીક પણ દુનિયાના છેવાડાના દેશો વચ્ચેનું અંતર દૂર કરી એકબીજાને નજીક લાવી દીધા છે. આપણા દેશમાં પણ છેવાડાના ગામડામાં બેઠેલી વ્યક્તિ તેના દૂરના દેશમાં રહેતા સ્વજન સાથે વિડીયો કોલથી એકમેકની સાથે વાતો પણ કરી શકે છે અને એકબીજાને નિહાળી શકે છે. હાલની મોબાઈલ ટેક્નૉલોજી જેવી કે Face book, Twitter, Whats App, Instagram અને લિન્કડઈન જેવા સોસિયલ નેટવર્ક તેમજ ડેટિંગ એપ્સ જેવી ટેક્નૉલોજીના કારણે સંદેશા વ્યવહારની સગવડો વધી છે. જેની સારી અને નબળી અસરો દેખાવા લાગી છે. મોટે ભાગે જે લોકો સામાજિક અસંતોષ ધરાવે છે, એવા લોકો સમાન્ય રીતે ઇન્ટરનેટ પર નવા સબંધો અને આશ્વાસન શોધતા હોય છે. તેનું કારણ કદાચ ઘરમાં એકલતા પણ હોય શકે. આ તમામ સુવિધાનો ઉપિયોગ આપણે સમજદારી પૂર્વક કરવાને બદલે તેનો દૂર ઉપિયોગ વધુ પ્રમાણમાં કરીએ છીએ. જેનાં પરિણામો હવે દેખાવા લાગ્યાં છે.

હોલ બ્રાઉન ફેમિલી લૉ ના માટે છેલ્લા પાંચ વર્ષના સમયગાળામાં છૂટાછેડાના કેસોમાં ૫૦ થી ૬૫ ટકાનો વધારો થયો છે. ફોર્સ્ટ્રસ ફર્મના પાર્ટનર જોને એડ્વર્ડે જણાવ્યુ હતું ટેક્નોલૉજીને કારણે એક જ બેડરૂમ રહેનાર પતિ-પત્ની પણ સહેલાઈથી એક બીજાને છેતરી શકે છે. ટેક્નોલોજીની સુવિધાને કારણે એક બીજાના સ્માર્ટફોન

અનલોક પણ કરી શકતાં નથી. વળી સોસિયલ મીડિયામાં ફેસબુક જેવી એપ્સથી મિત્રોના મિત્રો સાથે પણ લાઈક કરી જોડાઈ શકાય છે. પરિણામે જેની સાથે ક્યારેય પરિચય ન હોય તેવા અજનબી (અજાણ્યા) મિત્રોની વાતોમાં સહેલાઈથી આવી જાય છે. પરિણામ સ્વરૂપ એકને છોડીને અનેક સાથે સબંધો જોડવામાં ને જોડવામાં અંદરો અંદરના સબંધોમાં દૂરી વધતી જાય છે. જયારે આજ માહિતી તેને અન્ય ગ્રૂપ દ્વારા પ્રાપ્ત થાય છે ત્યારે સબંધોમાં તિરાડ વધી જાય છે. પછીથી શરૂ થાય છે શંકા-કુશંકાનો દોર અને આપણે સૌ જાણીએ છીએ કે શંકાનું કોઈ સમાધાન હોતું નથી. આ શંકાનું પરિણામ આવે છૂટાછેડા(તલાક) જેનું પરિણામ નિર્દોષ નાના ભૂલકાંઓને ભોગવવું પડે છે. મિત્રો, એટલુ જ નહી આજકાલ તો પોતાના બાળકો પરણાવા લાયક થાય ત્યારે પણ માતા-પિતા છૂટાછેડા(ડિવોર્સ) લેતાં શરમ અનુભવતાં નથી કે અચકતા નથી. આપણે એ ન ભૂલવું જોઈએ કે આજ આપણી છે તો આવતી કાલ તેમની(બાળકો) છે. તેનો પ્રતિભાવ આવ્યા શિવાય રહશે નહી.

એક વાત એ પણ સત્ય છે કે જે ટેક્નોલૉજીથી તમે સરળતાથી પ્રેમસબંધ બાંધી શકો છો. તેટલીજ સરળતાથી આજ ટેક્નોલૉજી તમારા અનૈતિક સબંધો પુરવાર કરવામાં સહાયભૂત થાય છે. એક વાર ગેરકાયદે સબંધ પકડાય પછી તેને સાબિત કરવા આજ ટેક્નોલૉજી ઉપિયોગી થઈ પડે છે. પરિણામ સ્વરૂપ છૂટાછેડા આસાનીથી થવા માંડ્યા છે અને તેથી જ છૂટાછેડાની સંખ્યામાં વધારો થયો છે. સ્માર્ટફોનના આવ્યા પહેલાં લોકો વહેલા સૂઈ જતા હતા. સ્માર્ટફોનના આવ્યા બાદ લોકોની ઊંઘવાનો સમય ગાળો ઓછો થતો જણાય છે. પહેલાં લોકો રાત્રે ૯-૦૦ વાગે સૂઈ જતા અને સવારે ૬-૦૦ વાગે ઉઠી જતા, આજે સ્માર્ટફોન લોકોને સુવા જ નથી દેતો તો પછી વહેલા ઉઠાવનો સવાલ જ પેદા નથી થતો. જો કારણસર સવારે વહેલા ઉઠવાનું થાય તો ઊંઘ પૂરી ન થવાને કારણે આખો દિવસ બગડી જાય છે. તમારા સુવાના સમયે મોબાઈલને પણ સુવડાવી દો.

સ્માર્ટ ફોનનો વ્યક્તિગત વપરાશ વધવાને કારણે તેને પર નિયંત્રણ મૂકવું મુશ્કેલ છે. યુવા આવસ્થાએ સમાજિક રીતભાત શીખવા માટેનો મહત્વપૂર્ણ સમય છે, પરંતુ યુવાઓ ફેસ ટુ ફેશ મળવાને બદલે ફેશ બુક વધારે સમય ગળતા હોવાને કારણે સામાજિક રીતભાત શીખવાનો પૂરતો સમય મળતો નથી. મોબાઇલના વધુ પડતા ઉપયોગને કારણે યુવાઓની સરેરાસ ઉંઘનું પ્રમાણ ઘટ્યું છે. જેની અસર તેના સ્વાસ્થ ઉપર પડે છે. ગણી વખત તેનો સ્વભાવ ચિડિયો પણ થઈ જાય છે.

મિત્રો, મોબાઈલ તો એક સંદેશાવ્યવહારનું અતિ આધુનિક સાધન છે, જેના વડે(થકી) કલાકોનું કામ મિનિટોમાં થવાનું શક્ય બન્યું છે. તેનો ઉપિયોગ કઈ રીતે અને કેવો કરવો તે આપણી ઉપર છે. આ હકીકતથી આપ સૌ વાકેફ જ છો માટે મોબાઈલનો ઉપયોગ જેટલો બને તેટલો પરમાત્માએ આપેલ વિવેક બુધ્ધિથી કરશો તો કદાચ નિર્દોષ બાળકો આપણી ભૂલનો ભોગ નહી બને. જેમ કે ચપ્પુનો ઉપયોગ શાક સમારવા કરી શકાય પરંતુ તેનાથી આંગળી ન કપાય. સ્માર્ટ ફોન તો એક કટપૂતળી છે તેને તમે નાચવો તેમ નાચશે. તેના નાચવ્યા તમે ન નચો. આપણા વડીલોની કહેવત છે કે "પોથીમાંનાં રીંગણ ન ખવાય." જે સર્વથા યથાર્થ છે.

●●●

બાળ જગત



ભોળું ઊંટ ને લુચ્ચુ શિયાળ

- હેતવી પી. પટેલ, ખારઘર, મુંબઈ

એક ઊંટ રસ્તો ભટકીને ફરતું ફરતું સિંહ રહે, તેની સેવામાં કાગડો, દીપડો અને શિયાળ સિંહને હાજર જ હોય. ઊંટ ત્યાં આવ્યું એટલે સિંહને દયા આવી ને તેને પણ પોતાની પાસે રાખી લીધું. સિંહને ઊંટ ખૂબ વહાલું થઈ ગયું. હવે એક વાર થયું એવું કે સિંહ ક્યાંકથી ઘવાયો, તે બહાર જઈ શકતો નહીં, આથી કાગડો, દીપડો ને શિયાળ તેને માટો ખોરાક શોધી લાવ્યા. બે-ચાર દિવસ થયા કે સૌ કંટાળ્યા. એક દિવસ કોઈ જ શિકાર ન મળ્યો. ત્રણેય જણાં વિચારવા લાગ્યાં કે હવે શું કરવું ? શિયાળ કહે, આ ઊંટને જ મારી નાખીએ તો ? એટલે કાગડો અને દીપડો કહે, અરે ! એ તો રાજાનું માનીતું છે. તેને કેવી રીતે મારી શકાય ? શિયાળ કહે, જુઓ, હું તમને એક આઈડિયા આપું છું. હું કહું તેમ કરવાનું. એટલે સાપ પણમરશે અને લાકડી પણ નહી તૂટે. શિયાળે બંનેને વાત કરી. બંને જણાં તેની વાત પર રાજી થઈ ગયા. થોડી વાર રહીને ઊંટ પાસે ગયા. શિયાળે ઊંટને કહ્યું કે માલિકની તબિયત સારી નથી. તેમને ભૂખ લાગી છે. અમે ત્રણેય મળવા તેમની પાસે જઈએ છીએ તારે આવવું હોય તો ચાલ. ઊંટ તેમની સાથે જવા તૈયાર થઈ ગયું. ચારેય જણા સિંહ પાસે પહોંચ્યા. સૌથી પહેલાં કાગડાએ કહ્યું કે, માલિક તમે ભૂખ્યા છો તો મારો શિકાર કરો. આ સાંભળી તરત શિયાળે કહ્યું કે, ના ના તું તો કેટલો નાનો છે. તારો શિકાર કરે તોય માલિકનું પેટ ન ભરાય. માલિક મારો શિકાર કરો. શિયાળની વાત સાંભળી દીપડો બોલ્યો, અરે, તુંય ક્યાં જાડુંપાડું છે ? સ્વામી તને ખાય તો પણ તેમનું પેટ ન ભરાય. તમે મારો શિકાર કરો. આ વાત સાંભળીને ઊંટ વિચારવા લાગ્યું કે, સિંહે મને આશરો આપ્યો છે. મારે પણ તેમની આગળ મારી જાત રજૂ કરવી જોઈએ અને આમેય એમણે ક્યાં આ ત્રણનો શિકાર કર્યો છે તો મારો કરશે ? કહેવામાં જાય છે શું ? આમ વિચારીને ઊંટે કહ્યું, રાજા, તમે મને આશ્રય આપ્યો છે. તમારો ઉપકાર છે મારા પર. તમે મારો શિકાર કરો. હજુ સિંહ કશું કહે એ પહેલાં જ શિયાળે તરત બરાબર છે એમ કહીને તેના પર તરાપ મારી અને ઊંટનો શિકાર કરી લીધો. વાર્તાનો બોધ એ છે કે મિત્રો, કે ક્યારેય બીજાની વાતોમાં હામાં હા ન મેળવવી જોઈએ. આપણી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને સાચો નિર્ણય લેવો જોઈએ અને બોલતાં પહેલાં વિચારવું જોઈએ.

●●●

કંજુસ શેખ

- કૃતી આર. પટેલ, વડાલીકંપા

મુલ્લા નસરુદ્દીન એક વખત બહારગામથી પોતાના ગામ પાછા ફરી રહ્યા હતા. ગામ નજીક આવ્યું ત્યાં મુલ્લા નસરુદ્દીને જોયું કે ગામના પાદરમાં તળાવ આગળ આખું ગામ ભેગું થઈ ગયું છે. ગોંકાર પડકાર થઈ રહ્યાં છે, દરેક જણ તળાવની પાળ ઉપરથી તળાવમાં જોઈ રહ્યાં છે. વાતાવરણમાં ઉશ્કેરાટ છે.

મુલ્લાએ એક જણને ઊભા રાખીને પૂછ્યું, મિયા ! શું થયું ?

પેલી માણસ કહે, મુલ્લાજી ! શું વાત કરું ? આપણા ગામના શેખજી તળાવમાં પડી ગયા છે ! ગામ આખું બહાર કાઢવા મથે છે પણ નીકળતા નથી. કલાકથી

માથાકૂટ ચાલે છે ! બધાના જીવ તાળવે ચોંટ્યા છે.

મૂલ્લા નસરુદ્દીન કહે, એમ વાત છે, પણ એ બહાર કેમ નથી નીકળતા ? જ્યારે ગામ આખું મથે છે. હાથ લાંબા કરીને તમારો હાથ આપો એવું કહે છે તો શેખ હાથ આપી બહાર કેમ નથી આવતા ?

લાવ જોઉં તો ખરા વિચારી મુલ્લાજી ટોલાં પાસે પહોંચ્યા જ્યાં દસ-બાર માણસો હાથ લાંબો કરી શેખને કહેતા હતાં. તમારો હાથ આપો, તમારો હાથ દો પણ એ સાંભળીને તો શેખ ડૂબતા જતા પણ હાથ આપતા નહોતા. કારણ શું ! મુલ્લા તો દાઢી ખંજવાળવા લાગ્યા. અચાનક તેમના દિમાગમાં બત્તી થઈ ! તે મલકાયા. પછી મુલ્લાએ અચાનક ટોળાને કહ્યું, તમે બધા હટી જાવ ! હું શેખજીને પળવારમાં બહાર કાઢું છું. લોકોના ટોળાએ મુલ્લા નસરુદ્દીન માટે જગ્યા કરી અને બધા થોડા દૂર ઊભા રહ્યાં ! ગામના લોકોને પણ થયું, મુલ્લાજી અચૂક કંઈક રસ્તો કાઢસે અને શેખસાહેબ બચી જશે. મુલ્લાજી તો આવ્યા. ગોઠણ સમાણા પાણીમાં જઈ પ્રથમ તો મુલ્લાજીએ પોતાના તરફ આતુર નજરે જોઈ રહેલા ગામલોકો તરફ જોયું. મુલ્લાજીએ જોયું કે શેખ પણ ડૂબકા ખાતાં ખાતાં ત્રાસી નજરે મૂલ્લાજી તરફ જોઈ રહ્યા હતા.

અચાનક મુલ્લાજી બોલ્યા, મેરા હાથ લો, મેરા હાથ લો ! તુમ્હારે પીછે સાપ હૈ જલદી મેરા હાથ લો ! એટલું કહ્યું ત્યાં તો ઝડપથી શેખે મુલ્લાજીનો હાથ પકડી લીધો. તરત મુલ્લાજીએ બીજા હાથથી શેખનું કાંડું પકડી એવો ઝાટકો માર્યો કે શેખજી આવ્યા તળાવ બહાર, પણ સાપની બીક અને પાણી પી જવાથી શેખ બેભાન થઈ ગયા. આખરે એમને ભાનમાં લાવવા પડ્યા આવી દાઢી પસારવા લાગ્યા.

ગામના લોકો કહે, મુલ્લાજી ! અમે લોકો કલાકથી મથતા હતા, પણ શેખજી બહાર નહોતા આવતા. તમે એક મિનિટમાં બહાર કાઢી આપ્યા. આ જાદુ કર્યો કેવી રીતે ?

મુલ્લાજી હસતાં હસતાં બોલ્યા, ગામ આખું જાણે છે આ શેખ કંજૂસનો કટકો છે. તમે બધા હાથ આપો, હાથ આપો એવું કહેતા હતા, પણ ક્યાંથી આપે ? અને મેં કહ્યું મેરા હાથ લો, મેરા હાથ લો ! ઉપરથી સાપની બીક પણ બતાવી. આમ, શેખજી આવ્યા તળાવ બહાર.

ગામલોકો ખૂબ હસ્યા. મુલ્લા નસરુદ્દીન દાઢી ખંજવાળતા ઘેર ગયા.

●●●

લોટસ ટેમ્પલ

- અંશ ડી. પટેલ, ડૉક્ટર પા

દિલ્હીમાં આવેલું લોટસ ટેમ્પલ બહારના લોકોની આસ્થાનું પ્રાર્થનાસ્થળ છે.તેનું બાંધકામ કમળના ફૂલ જેવું હોવાથી તે લોટસ ટેમ્પલ નામે પ્રખ્યાત છે. દિલ્હી જતા સૌ પ્રવાસીઓ લોટસ ટેમ્પલની મુલાકાતે જાય જ છે. આ મંદિર સર્વ ધર્મના લોકો માટે ખુલ્લું મૂકાયેલું છે.

આ મંદિરને ઘણા બધા વાસ્તુ પુરસ્કાર મળ્યા છે. આ મંદિરની રચના કરનાર વાસ્તુકાર ફરબોર્ઝ સાહબા ઈરાની હતો.

લોટસ ટેમ્પલ તેની આસપાસનાં નવ તળાવ અને બગીચા સહિત આ મંદિર ૨૪ એકરમાં ફેલાયેલું છે.

આ મંદિરમાં કોઈ ધાર્મિક ઉપદેશ અપાતો નથી અને ત્યાં કોઈ ક્રિયાકાંડ પણ થતા નથી.

તેના સભાગૃહના નવ દરવાજા છે.

લોટસ ટેમ્પલના સભાગૃહમાં ૨૫૦૦ લોકોનો સમાવેશ થઈ શકે છે.

આ જગ્યો કોઈ પણ ધર્મના લોકો અન્ય કોઈ ભાષામાં પવિત્ર લેખને અહીં વાંચી શકે છે.

●●●

● સાધન કરતાં અનેક સિદ્ધિઓ મળશે, પરમાત્મા પણ મળશે પણ સાધન છોડશો નહીં ●

આરોગ્ય અને ઔષધ



જીવન પર યોગનો પ્રભાવ

યોગથી પાચનતંત્ર સ્વસ્થ થાય છે. જેથી આખુ શરીર સ્વસ્થ હલકુ અને સ્ફૂર્તિદાયક બને છે. યોગના પ્રયોગથી હૃદય રોગ (હાર્ટ ડિસીસ) જેવી ભયંકર બિમારીથી છૂટકારો મેળવી શકાય છે.

યોગના પ્રકાર : યોગરાજ ઉપનિષદ અને દત્તાત્રેય યોગશાસ્ત્રમાં યોગના ચાર પ્રકાર માનવામાં આવ્યા છે.

૧. મંત્રયોગ ૨. લયયોગ ૩. હઠયોગ ૪. રાજયોગ.

મંત્રયોગ : એવું માનવામાં આવે છે કે માતૃકાદિયુક્ત મંત્ર વિધિસર ૧૨ વર્ષ સુધી જ જપવાથી સાધકને અણિમા વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

લયયોગ : દૈનિક ક્રિયાઓને સંપાદિત કરતાં હંમેશા ઈશ્વરનું ધ્યાન ધરવું એ જ લય યોગ કહેવાય.

હઠયોગ : વિભિન્ન મુદ્રાઓ, આસનો, પ્રાણાયામ અને બંધોના અભ્યાસથી શરીરને નિર્મળ અને મનને એકાગ્ર કરવું એ જ હઠયોગ કહેવાય.

રાજયોગ : યમ-નિયમ વગેરે અભ્યાસથી ચિત્ત (મન)ને નિર્મળ કરી જ્યોતિર્મય આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ રાજયોગ છે.

માનવ શરીર પર યોગનો પ્રભાવ :

યોગથી આપણી સુખ ચેતન શક્તિનો વિકાસ થાય છે. શુષુપ્ત (ડેડ) તંતુઓનું પુનર્જાગરણ થાય છે. અને નવા તંતુઓ અને કોશિકાઓનું નિર્માણ થાય છે. યોગ આપણા સુક્ષ્મ સ્નાયુતંત્રને સૂક્ષ્મક્રિયાઓ દ્વારા ચુસ્ત રાખે છે. જેથી તેમાં સારી રીતે રક્ત સંચાર થાય છે. આસન અને પ્રાણાયામ દ્વારા શરીરની ગ્રંથીઓ અને માંસપેશીઓમાં આકર્ષણ-વિકર્ષણ, સંકોચન-પ્રસરણ તથા શિથિલીનકરણની ક્રિયાઓ દ્વારા તેનું આરોગ્ય વધે છે. યોગના પ્રયોગથી હૃદય રોગ (હાર્ટ જિસીસ) જેવી ભયંકર બિમારીથી છૂટકારો મેળવી શકાય છે. યોગથી ફેફસાને ઓક્સિજન મળે છે. જેથી ફેફસા સ્વસ્થ થાય છે. અને દમ, શ્વાસ એલર્જી વગેરેથી છૂટકારો મળે છે. યૌગિક ક્રિયાથી પાચન થઈ શરીરનું વજન ઘટે છે. અને શરીર સ્વસ્થ, સુડોળ અને સુંદર બને છે. યોગથી ઈન્દ્રિયો અને મન પર કાબૂ રાખી શકાય છે. આજે લોકોને ઘણા પ્રકારની સમસ્યાઓ હોય છે. જેથી લોકોને માનસિક તણાવ થાય છે અને પછી બિમારીઓથી ઘેરાય છે. આ પરિસ્થિતિમાં શરીર અને મનની રક્ષા કરી શકાય છે.

●●●

વૈદ્યોનું પ્રિય ઔષધ વિશ્વભેષજ - સૂંઠ

અમારા કેટલાક પ્રિય ઔષધોમાં સૂંઠની ગણતરી કરી શકાય. આ સૂંઠના આયુર્વેદમાં ઘણાં નામો છે. આમાંનું એક નામ 'વિશ્વભેષજ' મને ખૂબ ગમે છે ભેષજને અર્થ થાય છે. 'ઔષધ' ખરેખર સૂંઠ વિશ્વનું ઉત્તમ ઔષધ બની શકે એટલી ક્ષમતા એમાં રહેલી છે.

આયુર્વેદીક રીતે એમાં ઘણા ઉત્તમ ગુણો રહેલા છે. સૂંઠએ સમગ્ર શરીરના સંગઠનને ક્રિયઓને સુધારે છે. સૂંઠ મનુષ્યની જીવનની શક્તિ અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. હૃદય, મસ્તિષ્ક, રક્ત, પેટના રોગો, સમગ્ર પાચનતંત્ર વાયુના રોગો, સાંધાના રોગો, પાચનતંત્રના રોગો, કફના રોગો વગેરે ઘણા રોગો, શારીરિક ક્રિયાઓ અને અંગો પર ઔષધરૂપે અનુકૂળ પ્રભાવ પાડે છે. આ

અંગોમાં ઉત્પન્ન થયેલી વિકૃતિઓ અને અવ્યવસ્થાને દૂર કરે છે. આયુર્વેદમાં વપરાતાં સેંકડો ઔષધ યોગોમાં (કોમ્બિનેશનમાં) તે પ્રયોજાય છે. આમાંનો ખૂબ જ પ્રખ્યાત ઔષધયોગ છે. 'ત્રિક્ટચુર્ણ' ત્રિક્ટચૂર્ણ એટલે સૂંઠ મરી અને પીપર (લીંડી પીપર)નું સમભાગે બનાવેલું ચૂર્ણ.

સૂંઠ ઉષ્ણ અને વાયુનો નાશ કરનાર હોવાથી સર્વપ્રકારના વાયુનાં અને કફના રોગોમાં પ્રયોજાય છે. જીર્ણ સંધિવા-ર-મેટીઝમમાં ખાસ કરીને પ્રૌઢ અને અને વૃદ્ધ મનુષ્યોમાં થતાં આ રોગમાં સૂંઠ, મેથી અને દિવેલથી મોટું કોઈ જ ઔષધ નથી આધુનિક ચિકિત્સકો સંધિવામાં તો કોટીસોને અને પેઈનકીલર અનેક ઔષધો વાપરે છે.

પરંતુ તે થોડા સમય દર્દ દબાવે છે. મૂળગામી ફાયદો થતો નથી. આયુર્વેદમાં સંધિવા માટે અનેક સફળ ઔષધયોગો છે. જે રોગોની પ્રકૃતિ, દોષ, દુષ્ય, ઋતુ અને રોગીનું બળાબળ જોઈને પરેજી સાથે પ્રયોજાય છે. રાત્રે એક ચમચી સૂંઠનો ફોટ બે ચમચી દિવેલ સાથે ઉચિત પરેજી સાથે લાંબા સમય સુધી લેવાથી મોટા ભાગના દર્દીઓ સાજા થઈ જાય છે.

પેટમાં પરો રહેતો હોવાથી હૃદયમાં મૂંઝારો અને શૂળ થતાં હોય. તો સૂંઠનો કવાથ આપવાથી ઘણી રાહત થાય છે થોડી પરેજી સાથે સૂંઠનો કવાથ આપવાથી ઘણી રાહત થાય છે. થોડી પરેજી સાથે સૂંઠનો કવાથ જો બે-ત્રણ મહિના પ્રયોજાય તો હૃદય ઘણું બળવાન બને છે. હૃદયરોગમાં યોગ્ય ચિકિત્સકની દેખરેખ અને સલાહ પ્રમાણે જ સૂંઠના કવાથનો ઉપયોગ કરવો.

સૂંઠમાં ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણ હોવાથી તે ઉત્તમ કફનાશક છે,. એટલે જ વૈદ્યો કફના રોગોમાં સૂંઠનો ઉપયોગ જરૂર કરવાના જ. સૂંઠમાં 'ભેદન' નામનો ઉત્તમ ગુણ રહેલો છે. ભેદન એટલે ચોટેલી ચીજોને ઉખાડી નાખવી. આ ગુણને લીધે જ તે સમગ્ર પાચનતંત્રને સુધારે છે.

પેટમાં આફરો રહેતો હોય, ભુખ ન લાગતી હોય. અરુચિ જેવું રહેતું હોય. મળપ્રવૃત્તિ નિયમિત ન થતી હોય, તો સૂંઠનો ઉપયોગ હિતાવહ છે. આંતરડાની અંદરની દીવાલને ચોંટેલા કફના દોશોને અને મળને સૂંઠ ઉખાડી નાંખે છે. પરિણામે આંતરડાના અંદરના પાંચનછિદ્રો ખુલ્લાં થાય છે. પાચનદ્રવ્યનોના સૂક્ષ્મકણોનું શોષણ થાય છે અને સમગ્ર પાચનતંત્ર તેના કાર્યમાં ઉત્તેજીત થાય છે.

આજકાલ પ્રસૂતિ પછી પેટ ફૂલી ગયાની સામાન્ય ફરિયાદ સાંભળવા મળે છે. આવી સ્ત્રીઓ ધ્યાનપૂર્વક વિચાર કરે કે, એમણે પ્રસૂતિ પછી સૂંઠનો કે તેનાથી બનતા સૌભાગ્ય સૂંઠીપાકનો ઉપયોગ કરી જોયો છે ? પ્રસૂતિ પછી ગર્ભાશય અને તેની આજુબાજુના ભાગો કે અવયવોનું સંકોચન થવું જોઈએ. જો આ ભાગોનું યોગ્ય સંકોચન ન થાય તો પેઠુ ફુલી જાય છે. આ સમગ્ર ભાગનું સંકોચન કરાવનારા ઔષધોમાં સૂંઠને ઉત્તમ ઔષધ ગણાવાયું છે. એટલા માટે જ પ્રસૂતિ પછી સૂંઠનો પાક ખવડાવવાનો રિવાજ આપણે ત્યાં હજારો વર્ષથી ચાલ્યો આવે છે.

એક નાની ચમચી જેટલું સૂંઠનું ચૂર્ણ, એક ચમચી ગોળ અને એક ચમચી ઘીનું મિશ્રણ કરી સવાર-સાંજ જમતાં પહેલાં એક કલાકે લેવામાં આવે તો કાનમાં અવાજ આવવો, મગજ ખાલી લાગવું, ચક્કર આવવા, શરીરનાં અંગો જકડાઈ જવાં, હાથ-પગમાં કંપારી-ધ્રુજારી થવી, મંદાગ્નિ અને અરુચિ વગેરે દૂર થાય છે.

ગુણધર્મો : સૂંઠ રુચિકારક, આમવાતનાશક, પાચક હલકી, ઉષ્ણ, પચ્યા પછી મધુર, કફ અને વાયુના રોગો મટાડનાર, કબજિયાત મટાડનાર, મળસારક, વમન, શ્વાસ, શૂળ, ખાંસી, હૃદયરોગો, સોજા, અનિદ્રા, આફરો, પેટના અને વાયુના રોગોમાં હિતાવહ છે. આમ સૂંઠને આયુર્વેદમાં 'વિશ્વભેષજ' નામ અપાયું છે એ યથાર્થ છે.

●●●

અવનવી વાનગી



કાચી કેરીનો પુલાવ

- વર્ષા એસ. પટેલ, અમદાવાદ

સામગ્રી :

૪ કપ બાફેલા ભાત એક કાચી કેરી સમારેલી. એક લીલું મરચું. અડધી નાની ચમચી હળદર પાઉડર, ૩ આખા સુકા લાલ મરચા, એક ચપટી હિંગ વાટેલી, ૩-૪ લીમડા, એક નાની ચમચી સરસવ, મીઠુ સ્વાદ પ્રમાણે, તેલ સમારેલ કોથમીર.

રીત :

ગેસ પર તેલ ગરમ કરી તેમા સરસવ, આખા લાલ મરચા, લીમડો અને હિંગ નાખી મધ્યમ તાપ પર ફ્રાય કરો. ત્યાર બાદ તેમા મરચા નાથી ૧૦ સેકન્ડ રાખો. હવે પેનમાં કેરીના ટુકડા અને હળદર પાઉડર નાખી ઠાંકી રાખો. તેને ૨-૩ મિનિટ સુધી રાખો. ત્યાર બાદ પેનનું ઢાંકણું હટાવી ભાત અને મીઠું નાખી મિક્સ કરો. ભાત પર થોડુ પાણી છાંટી તેને ઢાંકી નાખો અને ધીમા તાપ પર ૨-૩ મીનિટ સુધી રાખો. હવે પેનનું ઢાંકણું હટાવી અને ભાતને હલાવી ગેસ બંધ કરી લો. તૈયાર છે કાચી કેરીનો પુલાવ. તેને કોથમીરથી ગાર્નિશ કરી ગરમા-ગરમ સર્વ કરો.

●●●

મમરાના વેજિટેબલ ઢોકળા

- જીનલ એમ. પટેલ, વાવકંપા

સામગ્રી :

બે વાટકી પલાળેલ મમરા એક વાટકી પલાળેલ પૈંઆ. છાસ આથો લાવવા માટે બે ચમચી ચણાનો લોટ. પાણી જરૂર મુજબ તેલ જરૂર પ્રમાણે. એક ચમચી રાઈ, એક ચમચી જીરુ, બે લીલા મરચા મીઠો લીમડો જરૂર મુજબ એક ચપટી હિંગ, મીઠું, સ્વાદ અનુસાર એક બાફેલું બટાકુ. બાફેલા વટાણા (જરૂરિયાત મુજબ) બાફેલા ગાજર (જરૂરિયાત મુજબ કેપ્સીકમ, કોથમીર,.

રીત :

સૌ પ્રથમ મમરા અને પૈઔને છાશમાં પલાળો. ત્યારબાદ તેમા ચણાનો લોટ ઉમેરી જરૂર પ્રમાણે પાણી નાંખી ખીરું તૈયાર કરો. હવે એક કઢાઈમા તેલ મુકો. તેમાં રાઈ નાખો ત્યારબાદ જીરુ, સમારેલા લીલા મરચા લીમડાના પાન અને હિંગ નાખો. આ વધારમાં તૈયાર કરેલું ખીરુ, ઉમેરો તેમા બાફેલા બટાકાના કટકા, બાફેલા વટાણા ગાજરના ઝીણા કટકા અને સમારેલા કેપ્સીકમ ઉમેરી બરાબર મિક્સ કરો. સપ્રમાણ મીઠુ ઉમેરી થોડીવાર ગેસ પર રાખી હવે એક થાળીમાં તેલ લગાડીને તેમા આ તૈયાર થયેલું મિશ્રણ પાથરી દો ઠરે એટલે કાપા પાડી કટકા કરો. કોથમીરથી સજાવો અને ટામેટાની ચટણી કે લીલી ચટણી સાથે સર્વ કરો.

●●●

સત્પંથ સમાચાર

૫૬મો પોટોત્સવ સત્પંથ મંદિર, ભાવનગર

(તા. ૧૩/૧૪/૧૫-૩-૨૦૧૯)

- મધુભાઈ અંધારીયા, ભાવનગર

ભાવનગરમાં સત્પંથ મંદિર હવેલીવાલી શેરી બચુબાઈ દુધવાળાની સામે આવેલું છે. જેનો પોટોત્સવ તારીખ : ૧૩-૩-૨૦૧૯, બુધવારે ઉજવવામાં આવેલ.

બહારગામથી પધારેલ સંતશ્રી છગનબાપા ખંભાત, બાલી-બાલેશા મંદિરના ગાદિપતિનું ફૂલહારથી સ્વાગત શ્રી મનહરભાઈ મુખીએ કરેલ, સંતશ્રી શાંતિભગત ગોતાકંપાનું સ્વાગત કમિટિ સભ્ય નરેશભાઈ એ કરેલ, આ સાથે પધારેલ મહેમાનો શ્રી બાબુભાઈ દેલવાડાકંપા, જયંતિભાઈ મુખી-હરણી-વડોદરા, ચંદુભાઈ મુખી-ગોરવા-વડોદરા, બાબુભાઈ-હરણી-વડોદરા, મનુભાઈ મુખી-હરણી-વડોદરા, દિલીપભાઈ મુખી ટ્રસ્ટીશ્રી ખંભાત, રમેશભાઈ રાણા, ટ્રસ્ટીશ્રી ખંભાત હરીભાઈ શીવરપુરા, છગનભાઈ ઝાઝરીકંપા તેમજ મીનાબા ખંભાત.

ભાવનગરના સત્પંથ પરિવાર દ્વારા બહારગામથી પધારેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. તારીખઃ ૧૩-૩-૨૦૧૯ બુધવારે બપોરના ૩ કલાકે કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ. ખંભાતના સંતશ્રી છગનબાપાએ ચારવેદો વિશે વિસ્તારથી સમજાવેલ. વેદોમાં પ્રારબ્ધ અને હિનતાને સ્થાન નથી પણ પ્રચંડ પુરુષાર્થનો ઉપદેશ છે. સત્પંથ યજ્ઞવિધિ વારિયજ્ઞ મહાપૂજાના મંત્રો, પાટ ઉપર અક્ષત્ મૂકવાનો પાટને ચારે દિશાએ પૈસા મુકવાનો ધૂપ-લોબાન, દિવ્યજ્યોતને પ્રણામ હરિઅંશ વૃક્ષ, ગાયત્રીમંત્ર ખૂબજ ભાવપૂર્વક સમજાવેલ. સંતશ્રી શાંતિભગત ગોતાકંપા સંગીત સાથે ભજન બોલ્યા જે બહેનો બહુ જ ઉત્સાહમાં રાસ-ગરબા લીધેલ જે પ્રસંશનીય રહેલ.

ખંભાતના ટ્રસ્ટીશ્રી દિલિપભાઈ મુખી રમેશભાઈ રાણાએ ભાવનગર સત્પંથ મંદિર મુખીશ્રીઓનું શાલ ઓઢીડીને સન્માન કરેલ. પ્રેરણાપીઠ પીરાણાના ટ્રસ્ટીશ્રી આશિષભાઈનું શાલ ઓઢાડીને સન્માન સંતશ્રી છગનબાપાએ કરેલ.

સાંજે ૭.૩૦ કલાકે વારિયજ્ઞ મહાપૂજામાં મુખી તરીકે જયંતિભાઈ હરણી-વડોદરા મૌખિક મંત્રોચ્ચાર કરેલ જેમા સ્વરમાં ખૂબ જ મીઠાશ અને દરેક મંત્રોની લાગણી પૂર્વક છણાવટ કરેલ દરેક ભક્તજનો બહુ જ ખુશ થયેલ.

તારીખ : ૧૪-૩-૨૦૧૯ ગુરૂવારે જુની માણેકવાડીમાં સવારે ૧૦ થી ૧ તથા સાંજના ૬ થી ૭ સત્સંગ રાખેલ જેમા સંતશ્રી છગનબાપાએ બાલી-બાલેશા મંદિર વિશે સમજાવેલ.

સાંજની વારીયજ્ઞ મહાપૂજામાં મુખી તરીકેશ્રી શાંતિભગત ગોતાકંપા પંડિત તરીકે બાબુભાઈ હરણી-વડોદરાએ મહાપૂજા વારીયજ્ઞ વિશે સમજાવેલ.

તારીખ : ૧૫-૩-૨૦૧૯ શુક્રવાર ક્રિષ્ના ટાઉનસીપના કોમનપ્લોટમાં સાંજે ૫ વાગે ક્રિષ્ના મહીલા મંડળનો ભજન-કિર્તનનો કાર્યક્રમ રાખેલ જેમા રસિક-સકિર્તન મંડળના દરેક સભ્યોએ સાથ આપેલ જેમા ભજનમાં આવેલ ભાવિક ભક્તજનો ખૂબજ આનંદીત કાર્યક્રમમાં સહકાર આપેલ. સાંજે ૭.૩૦ કલાકે વારીયજ્ઞ મહાપૂજા રાખવામાં આવેલ જેમા ૪૦૦થી ૫૦૦ની સંખ્યામાં ભક્તોએ લાભ લીધેલ.

જેમ મનુષ્ય પોતાનો જન્મદિવસ ઉજવે છે તેમ સત્પંથ મંદિરનો પાટોત્સવ આજે ભાવનગર સત્પંથ પરિવાર હળીમળીને પ્રસંગ ઉજવે છે. સમય ઝડપથી પસાર થાય છે. જે તારીખ : ૧૩-૩-૨૦૦૪ને શનિવારે મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂજ્ય જગદ્ગુરુશ્રી નાનકદાસજી મહારાજ પ્રેરણાપીઠ પીરાણા હસ્તે રાખવામાં આવેલ જેને આજ રોજ ૧૫ વર્ષ પૂરા થાય છે.

અંતમાં સૌ સેવકભાઈઓ બહેનો તેમજ મુખીશ્રીએ તેમજ ટ્રસ્ટીશ્રીઓ એ ખંભે ખંભા મિલાવીને કાર્યક્રમમાં સાથ સહકાર આપેલ દરેક ભાવિક ભક્તોજનોએ પ્રસાદ જમીને ખૂબ જ ધન્યતા અનુભવી હતી.

●●●

પ.પૂ. સંત શિરોમણી શ્રીરામદાસબાપુની ૨૯મી પુણ્યતિથીની ઉજવણી

દેવપર યક્ષ (કચ્છ) ખાતે તા. ૧૬/૧૭-૪-૨૦૧૯

- જયંતિભાઈ એન. લીંબાણી, દેવપરયક્ષ

કચ્છની ધીંગી ધરાના પવિત્ર દેવપર (યક્ષ)ની પાવન ભૂમિના હાઈવે રોડ પર આવેલા શંકરભાઈ વાલજી લીંબાણીના નિવાસ સ્થાને કમ્પાઉન્ડમાં સંતો-મહંતો તેમજ ગતગંગાના પધરામણ થયેલ.

જેમાં સૌપ્રથમ સંતોના સામૈયા-શોભાયાત્રા કાન્તીભાઈ મુળજી લીંબાણીના નિવાસ સ્થળેથી પ્રસ્થાન થયેલ જે મુખ્ય બજારેથી વયાણ ચોક થઈ હાઈવે રોડ પરથી પસાર થઈ ખૂબ જ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં યુવકભાઈ-બહેનોના રાસ-ગરબાની રમઝટ સાથે, ઢોલ-શરણાઈના સુરોની સુરાવલી વચ્ચે ભવ્ય શોભાયાત્રા યોજાઈ. જે એકાદ-કલાક સુધી દેવપર ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ગામને ધન્ય બનાવ્યું. જે સભા મંડળમાં પ્રવેશતાં સૌપ્રથમ સંતોના કરકમળો દ્વારા દ્વિપ પ્રાગટ્યથી શુભ શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ સંતોએ સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યું.

સૌપ્રથમ પ.પૂ. જયરામદાસજી મહારાજ નિષ્કલંકીધામ-નખત્રાણા, પ.પૂ. મહંતશ્રી દિવ્યાનંદજી મહારાજ-કાદીયા આશ્રમ, પ.પૂ. યોગતપોનિષ્ટ પ્રેમદાસબાપુ - પંચવટી દહેગામ (અમેરીકા) તેમજ પ.પૂ. રતિબાપાએ સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરેલ. પ.પૂ. સાધ્વી ગોમતી મા ..... પ.પૂ. મીનાબા એ સ્ટેજની બાજુમાં સ્થાન ગ્રહન કર્યું.

સંતોના ચરણામૃત : જયંતિભાઈ નાગજીભાઈ લીબાણી સજોડે તેમજ સંતોના ચંદન તિલકની પૂજન - તુલસીદાસ કાનજી લીંબાણી સજોડે લાભ લીધેલ, ત્યારબાદ સંતો તથા મહેમાનોના ફુલહારથી અભિવાદન કરવામાં આવેલ. જેનો લાભ પૂ. રામદાસબાપુ શિષ્ય મંડળે લીધેલ. આરતીમા દેવપર રામદાસબાપુ શિષ્યમંડળ સજોડે લાભ લીધેલ.

સ્વાગત પ્રવચન : ગામના સામાજીક અગ્રણી જયંતિભાઈ નાગજી લીંબાણીએ સૌનું હૃદયના ભાવથી શબ્દથી સ્વાગત કરવામાં આવેલ. પૂ. રામદાસબાપુનું જીવન એજ સંદેશ બની રહેલ. જે આપ સૌ જનો પધારી અમારૂ ગામ પાવન બન્યું છે ધન્ય બન્યું છે.

પ્રાસંગિક પ્રવચન : મનુભાઈ વસ્તા મુખીશ્રી નાના અંગીઆ એ જણાવેલ જોત જોતામાં આજે પૂ. રામદાસબાપુને ૨૯ વર્ષ પુરા થતાં આ પુણ્યતિથી દેવપર ગામનાં રામદાસબાપુના શિષ્ય મંડળની યજમાન પદે યોજાઈ રહેલ છે. જે દિવસનો આપણે પુરેપૂરો લાભ લઈ આ પ્રસંગને ભવ્ય ઉજવણી કરવાની છે. પૂ. રામદાસબાપુ જેટલા ગુણગાન ગાઈએ એટલા ઓછા પડે. મહાપુરષની ઉજવણી કરવાનું સદભાગ્ય એજ આનંદની ઘડી છે.

ગુરુવંદના : પૂ. સાધ્વી ગોમતીમા એ ગુરૂવંદનાથી સતસંગ કાર્ય શુભ શરૂઆત કરેલ પૂ. રામદાસબાપુનું સાનિધ્ય મળ્યું એ તેમના અવસર બની રહેલ. આવા પુરુષોનું સાનિધ્ય મળવું દુર્લભ છે.

પ.પૂ. રતિબાપા દસરડી, સંત માતૃશ્રી કુંવરમા આશ્રમ - દસરડી : સ્ટેજ સંબોધન સાથે પૂ. રામદાસ બાપુનો જયઘોષ કરેલ. હરિકૃપા તવ જાણીએ દે માનવ અવતાર, ગુરૂકૃપા તવ જાણીએ છોડાવે સંસાર. પૂર્વના સંસ્કારી મનુષ્ય અવતાર સાંપડવો જે ગુરૂ મહારાજનો કૃપા પ્રસાદ છે.

પ.પૂ. પ્રેમદાસબાપુ - પંચવટી - દહેગામ (અમેરીકા) : આજે પવિત્ર દિવસ પવિત્ર ધરાના દેવપર ગામે વિરાટ ભવ્ય શોભાયાત્રા હતી. એ શિવશક્તિ પૂ. રામદાસબાપુની હતી. અઢાર ભાર વનસ્પતિ ઉત્પત્તિ, પથ્થર, લાકડા, મારબલ ગ્રેનાઈટ એને ઘડનાર કોઈ શિલ્પ બનાવી શકે. જો સાચો પારદર્શક બનાવવો હોય તો આવા મહાત્માની કૃપા જરૂરી છે. ગુરૂ કુભાર શિષ્ય કુંભ હૈ અંદર રાહ બતાવ કે ઉપર મારે ચોટ. ગુરૂ પણ ટપલા મારે, કરુ વચન કહે આપણા સોળા કાઢવાના છે. આપણે ચેલા નથી બનવું પરન્તુ આપણા મન નબવું પડે બ્રહ્મ ક્ષત્રિય અને બ્રહ્મનિષ્ટ ગુરૂ જેમણે વેદ વેદ રામાયણ, ભાગવત જેવા અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી સિદ્ધ કર્યું છે અને એવા મહાપુરુષો આપણને સાંપડ્યા કે જેની અસર આજે દેખાય છે. એજ સ્વામી ગુરૂકૃપા છે.

પ.પૂ. મહંતશ્રી દિવ્યાનંદજી મહારાજ કાદીયા આશ્રમ - કચ્છ :

"તરૂવર સરોવર સંતજન ચોથા વર્ષે મેહ
પરમાર્થને કારણે ચારેય ધરીયા દેહ"

લાખ ચોર્યાસીમાંથી છુટવા માટે આવા સ્માર્ટ ગુરૂજનોની જ ભાગવતમાં એક દાખલો અજામીલનો

આવે છે બધા સાધુના સતસંગના હતા ત્યાં સાધુ સંતોની મંડલી આવી અને અજામિલના જીવન પરિવર્તને જેમણે નારાયણ નારાયણનું નામ સ્મરણ કર્યું. જેથી વૈકુંઠ માટે આપણે સજ્જન બનવું છે તો ગુરૂ બનશું વિચારીએ વારંવાર. આપણાથી આ વાત કેમ પકડાતી નથી. દરેક પદાર્થો છોડવા પડશે. પરમાત્મા પાસે જવું પડશે. પૂજ્ય રામદાસબાપુ બ્રહ્મનિષ્ટ અને બ્રહ્મક્ષત્રિય હતા. તેમણે દુનિયામાં રહીને ઈશ્વરમાં ભાવ જોડ્યો હતો. સુખ સંપત્તિ, વિલાસભાવ છોડવા પડશે.

"આવ્યો પણ જાણ્યો નહિ, મનુષ્ય દેહને મર્મ,
શેર લોટને કારણે કોટીક બાધ્યા કર્મ."

સંસાર ખોટો નથી પણ સંસારમાં રહીને આ સંતોના શરણે જવું પડશે. જ્ઞાની પુરુષોના હાથમાં ચાવી છે, જે તાળા ખોલતા શીખી લેવું જોઈએ. એમા માસ્ટર કી હોય તો બધા જ તાળા ખુલી જાય છે.

રાત્રે ૯.૦૦ કલાકે ભજન સંતવાણી આપણા પ્રાતિભા ગામના નામાંકિત કલાકાર શ્રી ધીરૂભાઈ અને તેમની ટીમે ખૂબજ ભજનની રમઝટ બોલાવી અને રાત્રે ૨.૦૦ વાગ્યે સુધી ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ગાયોના લાભાર્થે આ કાર્યક્રમ યોજ્યો હતો.

બીજા દિવસે તા. ૧૭-૪-૧૯ના સવારના ૮.૦૦ કલાકે સતસંગ સભા જેમા સંતોએ આર્શીવચન આપ્યા અને ૧૦.૦૦ કલાકે વારીયજ્ઞ મહાપૂજા જેમા બ્રહ્મગાદીએ પ.પૂ. જયરામબાપા મહારાજ પંડિત આસને પ.પૂ. દિવ્યાનંદજી મહારાજ તેમજ સેવક તરીકે ગામના મુખીશ્રી તુલસીભાઈએ સેવા આપેલ.

ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ભાઈશ્રી હિરાભાઈ વેલજીભાઈ ગામના મુખીશ્રી એ કરેલ. સમગ્ર કચ્છભરમાંથી રામદાસબાપુનું શિષ્ય સમુદાય ઉપસ્થિત રહેલ. ભોજન-પ્રસાદ બાદ સૌ છુટા પડેલ છેલ્લે આભાર વિધિ તુલસીભાઈ કાનજીભાઈ લીંબાણી દ્વારા કરવામાં આવી હતી.

•••

શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિ મંદિર ૧૧મો વાર્ષિક પાટોત્સવ

સ્થળ : જીયાપર, તા. નખત્રાણા-કચ્છ તા. ૧૮/૧૯-૪-૨૦૧૯

- અમૃતલાલ જીવરાજ રૂડાણી-નાના અંગીયા (કચ્છ)

પરમ કૃપાળુ મહાપ્રભુજીશ્રી નિષ્કલંકી નારાયણની અસીમ કૃપા તેમજ પ.પૂ. જગદ્‌ગુરુ સંતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજની કૃપા દૃષ્ટિ તથા સંતો-મહંતોના શુભ આશિષથી કચ્છ પ્રાંતના ઢબુવા ડુંગરની તળેટીમાં વસેલ જીયાપર ગામના આંગણે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ નૂતન મંદિરનો અગીયારમો વાર્ષિક પાટોત્સવ, ધર્મ ધ્વજ બદલવાનો ભવ્યાતિભવ્ય ધર્મમય વાતાવરણ ઉત્સવ ઉજવાઈ ગયો.

પ્રથમ દિન તા. ૧૮-૪-૨૦૧૯ના બપોરના ૩.૦૦ કલાકે પ્રસંગને શોભાવવા પધારેલ પ.પૂ. મહંત શ્રી જયરામદાસજી મહારાજ) પ.પૂ. સંતશ્રી રવીદાસજી મહારાજ-પીરાણા, ગાદિપતિ શ્રી, નિષ્કલંકીધામ, નખત્રાણા), પ.પૂ. મહંતશ્રી દિવ્યાનંદજી મહારાજ (ગાદિપતિશ્રી અર્થવવેદી સતપંથ સેવાશ્રમ, કાદિયા મોટા), પ.પૂ. યોગ તપોનિષ્ઠ સંતશ્રી પ્રેમદાસજી બાપુ (પંચવટી, દેહગામ) તેમજ બહાર ગામની કળશધારી નાની બાલિકાઓ તથા મુખી મહારાજ શ્રી વિશ્રામભાઈ અને વડિલો, યુવાન ભાઈઓ-બહેનો અબાલ વૃદ્ધો એ સંતોનો તિલક વિધી-ફુલહારથી સ્વાગત સામૈયા કરવામાં આવ્યા બાદ ગામના યુવક મંડળના યુવાનો દ્વારા બેન્ડ પાર્ટીની શુરાવલીઓના સંગાથે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ.

શોભાયાત્રા મંદિરે પહોચ્યા બાદ પધારેલ સંતશ્રીઓ, સમાજના મુખી મહારાજશ્રીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ધર્મ સભાને ખુલ્લી મુકવામાં આવેલ. ત્યારબાદ સંતોએ આસન ગ્રહણ કર્યા બાદ નામના મુખી મહારાજશ્રી વિશ્રામભાઈ, ભવાનજીભાઈ, હરેશભાઈ પોકાર તથા વડીલો યુવકમંડળ મહિલા મંડળના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, પ્રમુખશ્રી અરજણભાઈ પોકાર તેમજ પૂર્ણ પ્રસંગના દાતાશ્રી પરિવારના હસ્તે ચરણ પંખાળી ચંદન તિલક, પુલહાર વિધી દ્વારા સન્માન કરવામાં આવેલ.

શબ્દોથી સ્વાગત પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી કપિલભાઈ રામાણીએ જણાવેલ કે, ખુબ આનંદની ઘડી છે. અમારા જીયાપર ગામની ધરા પાવન કરવા અમારા આમંત્રણને માન આપીને સંતો મહંતો તેમજ બહારગામના પધારેલ ભાવિક ભક્તજનો અમારા આ દિવ્ય પ્રસંગને શોભવવા પધાર્યા તે બદલ કોટિ કોટિ વંદન. અમારા ગામનું શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિ મંદિર ભૂકંપમાં જીર્ણ થવાથી વડિલો - મુખીશ્રીઓ, સમાજના હોદેદારો શ્રીઓ, દાતાશ્રીઓના સહયોગથી આજથી ૧૧ (અગીયાર) વર્ષ

પહેલા નૂતન મંદિરનું નવ નિર્માણ કરવામાં આવ્યું. મોર પીછાથી રૂપાળા તેમ આપ સર્વેએ અમારા જીયાપર ગામના આંગણ પાવન કર્યા તે બદલ અમો અહોભાગી છીએ.

આ પ્રસંગે સતસંગ સભા (ધર્મ સભા)નું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રથમ ગુરૂવંદના પૂ. સાધ્વીશ્રી ગોમા માં દ્વારા કરવામાં આવેલ.

પ.પૂ. સંતશ્રી રવિદાસજી મહારાજ (પ્રેરણાપીઠ-પીરાણા)એ જણાવેલ કે, વ્રત ઉપાસના સાચા ભાવથી પાલન કરવાથી ઉત્તમ ફળની પ્રાપ્તિ થશે. શિક્ષાપત્રીના નિયમોને જીવનમાં વણીને પાલન કરવાથી આ મનુષ્ય જન્મ સફળ થશે. મંદિર એટલે મનનું દર. મન સ્થિર કરવા માટેનું શાન્તિનો અહેસાસ કરાવતું સ્થળ મંદિરમાં દરરોજ જ્યોતિ સ્વરૂપ પરમાત્માના દર્શન સહઃ ચરણામૃત પીને આપણા જીવનની બેટરીને ચાર્જ કરીએ, આપણે મંદિરમાં જશુ તો આપણી ભાવિ પેઢી સંસ્કારી થશે. સદ્‌ગુરુશ્રીઅએ આપણને વૈદિક સનાતન સત્‌ધર્મ દર્શાવ્યો છે તે સત્‌માર્ગ ચાલી આપણા આત્માનું કલ્યાણ કરીએ.

પ.પૂ. મહંતશ્રી, દિવ્યાનંદજી મહારાજ (ગાદિપતીશ્રી, અર્થવવેદી સતપંથ સેવાશ્રમ-કાદિયા મોટા) એ દિવ્યવાણી દ્વારા જણાવેલ કે, 'આવ્યો પણ જાણ્યો નહી, મનુષ્ય જન્મનો મર્મ'' રાજા ભરથરી એ સંસારને માણ્યો અને જાણ્યો. સંસારને માત્ર માણવા કરતાં જાણવો ખુબ જ જરૂરી છે. આ મનુષ્ય દેહ ઈશ્વરને પામવા માટે મળ્યો છે તો ડગલે ને પગલે પ્રભુ ભજન નામ સ્મરણ કરીને ભવસાગર પાર કરજો. સાધુ સંતોનો શાસ્ત્રોનો સંગ અમૃતમય છે. સંતોનો સંગ કરીને સતસંગનો રસ પીને આપમું જીવન ધન્ય બનશે. સંતોની સતસંગ રૂપિ ટક ટકથી જીવનનું ઘડતર થાય છે. પરમાત્માના ધામમાં જવા માટે નામ સ્મરણ-સત્યકાર્યો રૂપિ ટિકિટની જરૂર પડશે.

પ.પૂ. યોગતપોનિષ્ઠ સંતશ્રી પ્રેમદાસજીબાપુ (પંચવટી-અમેરીકા)એ જણાવેલ કે વડિલો નવયુવાનો મંદિરોનું નવનિર્માણ કરી સમાજમાં સતસંગ-ઉત્સવોના આયોજન કરો જેથી કરીને આપણી પાછળની ભાવિ પેઢીમાં ધર્મ પ્રત્યે ભાવના જાગૃત થાય. વડિલોપાર્જીત સંપતિના ભાગ પડશે. પરંતુ શિક્ષણ ડીગ્રી પ્રભુ સ્મરણના ભાગ ક્યારેય નહી પડે. આજના કલિકાળમાં મનુષ્યને સુખ-વૈભવની જરૂર છે. પરંતુ પ્રભુ સ્મરણ સત્સંગો ભારરૂપ લાગે છે. પરમાત્મા હરિ સ્મરણ જપ તપ સુક્તિ કાર્યો માંગશે આમા કોઈની લાગવગ ચાલશે નહી. આપણે મા ઉમિયાના સંતાનો છીએ અને વૈદિક સતપંથ સનાતન ધર્મ મળ્યો છે કેટલાય જન્મોના પૂણ્ય બાદ આપણને મનૂષ્ય અવતાર મળ્યો છે. ભક્તિનો પાયો શુદ્ધ આહાર છે. અશુદ્ધ આહાર થકી આપણું મન વિચલીત થાય છે. ધર્મને જે ધારણ કરે એજ ધર્મ છે. ધર્મના નિયમોનું પાલન એજ ધર્મ છે. આપણને ઉચ્ચ ધર્મમાં મનુષ્ય જન્મનો ચાન્સ મલ્યો છે. ધર્મ પાંગળુ છે. તેને આપણે ચલાવવાનું છે હે મનુષ્ય તુ આત્મ તત્ત્વ છે તેને શોધવાની જરૂર છે. શાસ્ત્રોના સંગ્રહથી નહી પરંતુ તેને વાંચીને જ્ઞાન પ્રાપ્ત થશે.

પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ (ગાદિપતિશ્રી - નિષ્કલંકી ધામ - નખત્રાણા), એ જણાવેલ કે, લાયકાત સર્વે મનુષ્ય જીવનમાં રહેલી છે. પરંતુ પાત્રતા પામવી જરૂર છે. પરમાત્માને આપણા ઘરમાં બોલવવા પાત્રતા જરૂર છે. ધર્મના નિયમોનું પાલન કરવાથી ઈશ્વરની નજીક જવાશે. મનુષ્યમાંથી દેવ બનવા આહાર શુદ્ધિ ધર્મના નિયમ પાલનની જરૂર પડશે. જેમના મન મોળા મોળા હોય તે ધર્મથી વિમુખ થતો જાય છે. આ કળિયુગની દુષિત હવાના આવરણથી મનુષ્ય ધર્મથી દુર થતો જાય છે. આપણામાં ક્રિયા કર્મ - જાગૃતિના અભાવથી મોહનિંદ્રામાં ફસાઈ ગયા છીએ. ફિકરથી ધર્મ પાલનની ભાવના જાગૃત થશે. આપણામાં રહેલ ભૂલને પ્રત્યેની ઉચ્ચ ભાવનાને વરેલા હતા. નિયમમાં ચોક્કસ ભાવ લાવશું તોજ દુનિયામાં મીઠા લાગશું. મંદિર એ પ્રભુ પરમાત્માની કોર્ટ છે. દિવસના જાણે અજાણે કરેલા પાપ કર્મોનું પ્રાયક્ષિત કરવાની જગ્યા છે. માટે હે સજ્જનો ધર્મના નિયમોમાં ગફલત કર્યા વિના પાલન કરજો. જ્યાં સુધી આપણામાં અંધારૂ હશે ત્યાં સુધી બીજાના દોષો દેખાશે. આપણને મહાધર્મનું અનમોલ રત્ન મળ્યું છે.

બીજા દિવસે તા. ૧૯-૪-૨૦૧૯ના ૮.૩૦ કલાકે નિજ મંદિરના પ્રાર્થના હોલમાં સંતોએ આસન ગ્રહણ કર્યા બાદ પાટોત્સવ પ્રસંગના દાતાશ્રી અખઈભાઈ મુળજી પોકાર પરિવાર હસ્તે અંબાલાલભાઈ, મણીલાલભાઈ, શંભુભાઈ સજોડે સંતોના ચરણ પંખાળી ચંદન તિલક અક્ષતઃ ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ દાતાશ્રી પરિવાર દ્વારા નૂતન ધર્મ ધ્વજ શિખર આરોહણ કરવામાં આવેલ અને વારીયજ્ઞ મહાપૂજા રાખવામાં આવેલ.

પ્રસંગને સફળ બનાવવા યુવક મંડળના હોદ્દેદારશ્રીઓની રાહબરી હેઠળ યુવાન ભાઈ-બહેનોએ દ્વિ-દિવસીય પ્રસંગમાં સુંદર રીતે પોતાનું યોગદાન આપેલ. સમગ્ર પ્રસંગનું સુંદર સંચાલન હરેશભાઈ પોકાર દ્વારા કરવામાં આવેલ.

તીર્થધામ પ્રેરણાપીઠ પીરાણાનો દિવ્ય પ્રસંગ

પેટા ભગવા (પેટાકાકાની) નિમણૂક

- મનોજભાઈ એન. પટેલ, વડોદરા

સતપંથ સંપ્રદાય પ્રેરણાપીઠ પીરાણા ખાતે હાલમાં ચાલુ મહારાજ સંતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજની ખૂબ લાંબુ આયુષ્ય તેમજ નાદુરસ્ત તિબયતને સ્વીકારી આ સંસ્થામાં આચાર્ય ભગવાધારી (પેટાકાકા) જેઓ હયાત આચાર્ય મહારાજશ્રીના ઉતરાધિકારી તરીકે નવીન નિમણૂક કરવાની ચર્ચા વિચારણા શ્રી ઈમામશાહ બાવા સંસ્થા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓની મીટીંગમાં ચર્ચા થઈ. ચર્ચાના અંતે ભગવા પેટાકાકાની નિમણૂક માટે ૧૫-૧૦-૨૦૧૬ના રોજ નિમાયેલ સમિતિ (કોર-ગૃપ)ના નિતી નિયમો મુજબ બનાવેલ ફોર્મથી પેટાકાકા માટે ફોર્મના રૂપમાં અરજીઓ મંગાવવામાં આવી.

જેમા સમય મર્યાદામાં કુલ્લે ૬ ફોર્મ ઉમેદવારી માટે આવેલ જે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી, જેમાં પેટાકાકાની નિમણૂક માટે નક્કી થયેલ કમિટીની બેઠક મળી જેમા ચર્ચા વિચારણા કરતાં સંસ્થાને જરૂરી તેમજ બધી જ રીતે ઉપયોગી થાય. જેને ૨૭ વર્ષ સુધી વકિલાતનો વ્યવસાય કરેલ હતો. જેમનું જીવન આધ્યાત્મિકતાથી ચાલુ છે. સતપંથની પૂજા વિધીના સાહિત્ય ઉપર તેના જ્ઞાનની ખૂબ જ ઉચી સમજણ છે. હાલમાં નિવૃત્તી જીવન જીવી રહેલ છે તેવા ગંગારામભાઈ ખીમજીભાઈ પટેલનું ૬ ફોર્મ સાથે ફોર્મ હતું. સદર કમિટીએ દરેક ઉમેદવારી સભ્યોનો સંપર્ક કરી ચર્ચાઓ કરી અને સર્વે ઉમેદવારો એ સર્વાનુમતે શ્રી ગંગારામભાઈ ખીમજીભાઈ પટેલ BSc. Advocateની નિમણૂકને બહાલી આપી.ભગવા પેટાકાકની નિમણૂક કરવામાં આવી, સદર નિમણૂકને પેટા નિયમ મુજબ બેડી પહેરાવીને સદ્દગુરુની મંજુરીથી ગાદીપતી તરીકેની નિમણૂક થાય છે તે નિયમ અનુસરીને તા. ૬-૪-૨૦૧૯ના સવારના ૮.૦૦ કલાકે નીતિ નિયમ અનુસાર પગમાં બેડી પહેરાવીને નિમણૂક કરવા માટે પ્રેરણાપીઠના સતપંથાચાર્યાશ્રી નાનકદાસજી મહારાજ સાધુ સંતો ગંત ગંગા તમામ સમિતીના ટ્રસ્ટીશ્રીઓ સર્વેઓ એ સદ્દગુરુની સમાધિ આગળ બેડીના પ્રસંગ માટે સમય નક્કી થતાં મહારાજશ્રીના આર્શીવાદથી તેમજ તેમના ઘરનાં તમામ સભ્યો સંબંધીઓના આર્શાવાદથી સવારના ૮.૦૦ કલાકે સંકલ્પનું વાંચન કોર ગૃપના સભ્યશ્રી મણીભાઈ હરીપુરા એ કર્યું અને પગમાં બેડી પહેરાવી શ્રી ગંગારામભાઈ કે. પટેલે પ્રથમ પગલું ઉપાડતાજ બેડી ખૂલી જતા શ્રી આર. કે. પટેલે બેડી ખુલવાની એલાન કરતાં જય જયકાર સાથે હર્ષોઉલ્લાસથી તેમજ સંતો મહારાજશ્રી ગતગંગાએ હર્ષભેર સ્વીકારતાં પેટાકાકા ઉત્તરાધિકારીની નિમણૂક કરવામાં આવી. જેને સમાજે સ્વીકાર કરી સર્વેના આર્શીવાદ સાથે સ્વીકાર કર્યા અને મહારાજશ્રીના તથા સંત મેળવવડામાં વિધીવત જાહેરાત કરવામાં આવી જેને સમાજે સ્વીકાર કર્યો.

બીજા દિવસે ટાઉનહોલમાં સંતો તથા મહારાજશ્રીના આર્શાવાદ તેમજ ગત ગંગાના હરિભક્તોની દિવ્ય હાજરીમાં શ્રી આર. કે. પટેલ સાહેબે નવીન નામકરણ, સંતોના દિવ્ય આર્શાવાદથી નક્કી કરેલું હતું તેની જાહેરાત કરી. હવેથી ''મહંતશ્રી જ્ઞાનેશ્વર મહારાજ' તરીકેના નામની જાહેરાત સાથે સર્વે હરિભક્તો ગતગંગા સ્વરૂપે સંતોની દિવ્ય હાજરીમાં સ્વીકાર કરવામાં આવ્યું.

●●●

અમૃત મહોત્સવ (સંઘ મેળો)

પ્રેરણાપીઠ પીરાણા (સં. ૨૦૭૫ ચૈત્ર સુદ ૨) રવિવાર તા. ૭-૪-૨૦૧૯

- ચેતનભાઈ બી. પટેલ, વડાલીકંપા

સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી તેમજ પ.પૂ. જગદ્‌ગુરુ સંતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજના આર્શીવાદથી પ્રેરણાપીઠ પીરાણાના પવિત્ર સ્થળે દર વર્ષે પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. અમૃત મહોત્સવ (સંઘ મેળો) ચૈત્રસુદ ૨ ને રવિવારના રોજ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાઈ ગયો. આ પાવન અવસરે કચ્છ તેમજ સમગ્ર ગુજરાત મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ તેમજ ભારતભરના વિવિધ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં પદયાત્રીઓ પગપાળા ચાલીને પ્રેરણાપીઠ ખાતે સદગુરુશ્રી ઈમામશાહ મહારાજના દર્શનાર્થી આવેલ અને આવે છે તેમની સાથે આ પ્રસંગનો લાભ લેવા હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ પણ ઉમટી પડે છે.

ચાલુ વર્ષે આ પાવન અમૃત મહોત્સવ પ્રસંગ સંતો-મહંતો હજારોની સંખ્યામાં ભાવિક ભક્તજનોની તથા શ્રદ્ધા પૂર્વક ચાલતા આવેલા પદયાત્રીઓની હાજરીમાં રંગે ચંગે ઉજવાઈ ગયો.

આ પાવન પ્રસંગે સવારે ૮.૦૦ કલાકે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા સંતો-મહંતો હરિભક્તો વગેરે એ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની સમાધિએ પૂજન અર્ચન કર્યા ત્યારબાદ સર્વ સંતો શણગારેલ રથમાં બિરાજમાન થઈ વાજતે ગાજતે બેન્ડના તાલે હજારો હરિભક્તો સાથે પદયાત્રીઓનાં સ્વાગત (સામૈયા કરવા શોભાયાત્રા સ્વરૂપે પ્રયાણ કરવામાં આવ્યું.

નિયત સ્થળે સર્વે સંતો-મહંતો-હરિભક્તો શોભાયાત્રા સ્વરૂપે પહોંચી પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના સાનિધ્યમાં ક્રમવાર દરેક પદયાત્રી સંઘોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દરેક પગયાત્રીના મુખારવિંદ પર અનેરો આનંદ-ઉત્સાહ દરેક હૈયામાં આનંદના હિળોલ ઉછળતા હતા.

ત્યારબાદ સત્સંગ હોલમાં ધર્મસભાનું સવારે ૧૦.૦૦ વાગે આયોજન કરવામાં આવ્યું હતું. સતસંગ હોલમાં સંતોના કરકમલો દ્વારા આદ્યશક્તિની જ્યોતનું પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ ગુરુકુળની બાલિકાઓએ મધુર કંઠે પ્રાર્થના કર્યા બાદ ધર્મસભાની શરૂઆત થઈ.

પ્રથમ આપણા પ્રેરણાપીઠના સતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજના ઉત્તરાધિકારી (પેટાકાક)ની જે કાર્યવાહી થઈ અને બેડી પહેરાવી પેટાકાકાની નિમણૂક તમામ ઘટનાની વિગતવાર બનેલ ઘટનાની માહિતી શ્રી રતિભાઈ કે. પટેલ એ આપી અને સંતશ્રી નાનકદાસજી મહારાજના દિવ્ય આર્શીવાદથી નિમણૂક થયેલ પેટાકાકા તરીકે શ્રી ગંગારામભાઈ ખીમજીભાઈ પટેલની સર્વાનુમતે સહ સંમતીથી થયેલ નિમણૂકની જાહેરાત કરી સર્વે પધારેલ ભાવિક ભક્તજનો ગત ગંગાએ હર્ષનાદ સાથે વધાવી લીધા, અને સર્વસંતો તથા મહારાજશ્રીના આર્શીવાદથી નવીન નામ કરણની જાહેરાત થઈ હવેથી મહંત શ્રી જ્ઞનેશ્વરદાસ ગુરુનાનકદાસજી મહારાજના નામકરણ કરવામાં આવ્યું જે ભાવિકો ગતગંગાએ હર્ષોઉલ્લાસથી વધાવી લીધું સદર કામ પૂર્ણ થયેલ.

પ્રેરણાપીઠના ટ્રસ્ટીશ્રી ખીમજીભાઈ સવદાસભાઈ પટેલ દ્વારા સર્વે સંતો-મહંતો પદયાત્રીઓ તેમજ દુર દુરથી પધારેલ હરિભક્તોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અ" પગયાત્રીઓને છસો વર્ષની પરંપરા જાળવી રાખવા બદલ ધન્યવાદ તથા હૃદયથી આવકાર્યા.

સ્વાગત પ્રવચન બાદ પ્રેરણાપીઠ ટ્રસ્ટીઓ તરફથી પધારેલ સર્વે સંતોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું તેમજ આ સમારોહ પ્રસંગના મુખ્ય બ્રહ્મભોજન દાતાઓ દ્વારા શ્રી ડો. નિમેષભાઈ-મુંબઈ, શ્રી મણીભાઈ પીરાણાલાટ, શ્રી હિરજીભાઈ તથા ગંગારામભાઈ-ચાંપલપુરા (દહેગામ), શ્રી હિતેષભાઈ-કીર્તનભાઈ નાંદિસણકંપા મોડાસાએ સંતશ્રી સતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજનું ફુલહારથી સ્વાગત કરી ને આર્શીવાદ મેળવ્યા હતા.

ત્યારબાદ શ્રી ભાઈલાલ કાકાશ્રી આઠીયા સંસ્થાનના કાકાશ્રીએ પ્રાસંગીક પ્રવચનમાં પદયાત્રીઓનું તથા નવા નિમાયેલ મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજીને સ્વાગત સાથે આવકાર્યા હતાં અને સંસ્થાને હવે જ્ઞાન અનુભવ

● સ્ત્રીથી, કપડાથી, ધનથી આનંદ મળે તો તેના વિયોગની તમને દુઃખ થશે ●

અને પ્રજ્ઞાધારી વ્યક્તિત્વની જરૂરિયાતને તથા સમાજ માં દુષણો ને હરાવી અને જ્ઞાનના માર્ગમાં લઈ જવા ઉપર ભાર મૂક્યો હતો.

ત્યારબાદ પ.પૂ. મહંતશ્રી શિવરામદાસજી મહારાજ કુકસએ તેમણી વાણીમાં કહ્યું કે પ્રથમ આપણા પ્રેરણાપીઠમાં નવીન વરાયેલ મહંત શ્રી જ્ઞાનેશ્વરદાસજી મહારાજની નિમણૂકને વધાવી તેમને જીવનમાં ત્યાગ આપી. ધર્મના કામ માટેના પગલાને બિરદાવેલ તેમજ પગપાળા ચાલવાથી બાળપણથી જ ભક્તિની પ્રેરણા મળે છે. આપણે સૌ સર્વે દાનવીરો તથા પગપાળા યાત્રીઓને ભગવાન સુખી રાખે તેવી પ્રાર્થના.

ત્યારબાદ પ.પૂ. મહંતશ્રી દિવ્યાનંદજી મહારાજ (કાદીયા કચ્છ)એ તેમની વાણીથી સતસંગથી જ્ઞાનની સમજણ આપી. ઉદાહરણ સાથે પદયાત્રીઓને જ્ઞાનની ભાષામાં સમજાવ્યું અને ટેકને પૂરી શ્રદ્ધાથી પાળો તે અવશ્ય ફળે.

ત્યારબાદ સતપંથ રત્ન પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જનાર્દન હરિજી મહારાજ (ફેજપુર) એ તેમણી વાણીમાં ધર્મમાં વધુ સમય આપી આપણા જીવનમાં દોષો હટાવી નકારાત્મક વિચારોને હટાવી જીવનમાં આનંદ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવવી તે સતપંથ ધર્મમાં છે પદયાત્રીઓને પદયાત્રામાં ખૂબજ મોટા અનુભવો થતા હોય છે. અને હવે સમય લઈ પગયાત્રીઓના અનુભવો તેમના મોટેથી વર્ણન કરવાની વાત કરી. આ પગયાત્રીઓનું તપસ્યાનું ફળ છે. આ પરંપરાથી ચાલતી આવતી પ્રથા છે. પદયાત્રીઓના અનુભવો પ્રકાશનમાં લખવાની વાત કરી આ સંસ્થા પ્રેરણાપીઠ પીરાણામાં દર વર્ષે નવીન સંતની વરણી કે સંત બનવું ખૂબ કઠીન છે. જીવનને સમર્પણ કરી સંત બનવું નવીન મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજી મહારાજની વરણી બિરદાવતા કહ્યું કે પ્રેરણાપીઠને એક વકીલની જરૂર હતી જે સંતના રૂપમાં પૂર્ણ થઈ છે. જેને ખૂબ આવકારી હૃદયથી અભિવાદન કર્યું આર્શીવાદ સાથે તેમની વાણી પૂર્ણ કરી.

ત્યારબાદ સંતશ્રી સતપંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજના આશીષવચનમાં મહંતશ્રી જ્ઞાનેશ્વરદાસજી મહારાજે આશીષ વચન આપતા કહ્યું કે પ્રથમ મને આ કાર્ય સુપ્રત કરાયું આપણું જીવન હવે ટૂંકું થઈ રહ્યું છે કે જીવનમાં હવે મને આ સેવાનો લાભ આપવા સદ્ગુરુ તેમજ સંતશ્રી નાનકદાસજી મહારાજના આર્શીવાદથી મને સમાજે તેમજ સદ્ગુરુએ પ્રેરણા આપી જેને હું સ્વીકારું છું. મારામાં પરમાત્મા મને શક્તિ આપશે. ત્યાં સુધી હું ધર્મના તથા સમાજ માટે સેવા કરીશ. પણ ફક્ત મારી સેવાથી કામ નહી ચાલે મારી સેવા ત્યારે દિપી ઉઠશે કે આપ સૌ કે સમાજનો મને સાથ મળશે. અને મારી જીવન નૈયા સમાજ ધર્મ માટે અંત સુધી સાથે રહેશે. મનની યાત્રા કરવી પડશે. પણ તે પહેલા હૃદયની યાત્રા કરવી પડશે. નિર્ણય હૃદયથી મન સાથે બધુ જ જીતી શકાશે, સમાજે મને સ્વીકાર્યો છે જેનો હું રૂણી છું અંતમાં મહારાજશ્રીના મારા ઉપર દિવ્ય આર્શાવાદ છે આપ સૌના મારા પરના આર્શાવાદ સાથે આપણે સૌ આપણું જીવન ધર્મને અપનાવીએ જીવન ધન્ય બનાવીએ એજ મારામા આર્શાવીદ છે.

ત્યારબાદ સતપંથ પ્રકાશન સમિતિ પર સંપાદકશ્રી શાંતીભાઈ સાહેબે તેની વાણીમાં કહ્યું કે તીર્થધામ પ્રેરણાપીઠ પીરાણામાં યોગ તપોનિષ્ઠ પરમ પૂજ્ય શ્રી પ્રેમદાસબાપુ પ્રેરિત તેમજ તેમના સાનિધ્યમાં શ્રી સનાતન સતપંથ યોગ સાધના યોગ પ્રાર્થના કે જે મુળબંધમાંથી પ્રેરણા મેળવી યોગ પ્રાર્થના માટે તજજ્ઞ તાલીમ વર્ગનું આયોજન કરી રહ્યા છીએ. તેની વિગતવાર માહિતી અને તાલીમ વર્ગ તજજ્ઞો માટે તારીખ સમય સાથે સંપૂર્ણ વિગત આપી યોગ પ્રાર્થના માટે તજજ્ઞો તૈયાર કરવાનું આયોજન મે માસમાં ગોઠવી રહ્યા છીએ. તેમની વિસ્તૃત માહિતી, તેમજ તેનાથી થતા લાભાલાભની વિસ્તૃત ચર્ચા દ્વારા સમજુતી આપી.

અને અંતમાં પદયાત્રીઓના કન્વીનરો તથા આયોજકોને તેમજ ૧૦ વર્ષનું બાળક જે પદયાત્રીઓ સાથે ચાલીને મુંબઈથી આવેલ તે સૌને મહારાજશ્રીના વરદ્ હસ્તે સનમાન કરવામાં આવ્યું.

અંતે ટ્રસ્ટીશ્રી જેયશભાઈ (સુરત વિભાગ)ના દ્વારા સર્વે સંતો મહંતો પદયાત્રીઓ હરિભક્તો રસોઈયાઓ મંડપવાળા તેમજ સેવકો તેમજ નામી અનામી કાર્યકર્તાઓ સેવકો સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી સર્વેનો આભાર આભાર આભાર.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પોતાની આગવી શૈલીમાં મધુર વાણીથી ટ્રસ્ટીશ્રી હીરાભાઈ ભીમાણી દ્વારા કરવામાં આવ્યુ હતું. તે પણ આભાર સહ.

●●●

પ.પૂ. સંતશ્રી ગુરુદેવ રામદાસબાપુ શિષ્ય મંડળ સ્નેહ મિલન સમારોહ

રામનવમી તા. ૧૪-૪-૨૦૧૯, સ્થળ : ભાવાણીફાર્મ (દહેગામ)

- મણીભાઈ જી. પટેલ, ગોતાકંપા

યજમાન પ. ચીમનભાઈ અરજણભાઈ તેમજ પ. ભાઈલાલ અરજણભાઈના આમંત્રણથી પ.પૂ. સંતશ્રી ગુરુદેવ રામદાસબાપુ શિષ્યમંડળ સ્નેહમિલન સમારોહ યોજાયો.

ભાવાણી (દહેગામ) ફાર્મના પાદરે સવારના ૭.૩૦ કલાકે બ્રહ્મનિષ્ઠ ગુરુદેવ રામદાસબાપુના દિવ્ય પ્રતિમા સાથે સંતોનું સામૈયુ કરવામાં આવેલ. રાસ-ગરબા, ગુરુના ગુણલા ગાઈ શરણાઈઓના તાલે માથે ઘડી રાખી બહેનો સાથે ચોખા-ચંદન, ફુલહારરથી સ્વાગત કરવામાં આવેલ. પછી ભજનમંડળી સાથે વિશાળ જનમેદની સાથે મંડપ-સ્ટેજ તરફ શોભાયાત્રીનું આયોજન કરવામાં આવેલ.

પૂ. બ્રહ્મનિષ્ઠ ગુરુદેવની પ્રતિમાને સ્ટેજ પર આસન પર સ્થાન આપવામાં આવેલ. સંતશ્રીઓના વરદ હસ્તે દીપ પ્રાગ્ટ્ય કરીને આદ્યશક્તિ જ્યોતને પ્રજ્વલીત કરવામાં આવેલ. પછી સંતોને વારાફરતી આસન પર સ્થાન ગ્રહણ કરાવવામાં આવેલ.

નાની દિકરીઓએ ''સદ્‌ગુરુ સત્ય જણાવે છે'' એ શબ્દોની પ્રાર્થના સાથે સ્વાગત કર્યુ. ચીમનભાઈ એ. પટેલ સંતો, મહંતો, શિષ્ય બંધુઓ, મહેમાનો, સતપંથ સમાજ, દહેગામ વગેરેનો શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ.

તિલક-ચંદનથી તેમજ ફુલહારથી યજમાન પરિવારે પૂ. ગુરુદેવની પ્રતિમાને, સંતો, મહંતો, આદ્યશક્તિ જ્યોત, સદ્‌ગુરુ ઈમામશાહ, ઉમિયામાતાજીની પ્રતિમાને ભાવપૂર્વક પૂજન કરવામાં આવ્યું. પૂ. ગુરુદેવના પરિવાર વતી રાજભાઈ વી. પટેલ તેમજ શિવમંડળ વતી, ઉપપ્રમુખશ્રી હંસરાજભાઈ ડી. પટેલ ગુરુદેવની પ્રતિમાને ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ.

જગદ્‌ગુરુ સ્વામીશ્રી હંસદેવાચાર્યજી મહારાજ, સંતશ્રી નારાણબાપા-મેત્રાલકંપા તેમજ નામી-અનામી શિષ્યના પરલોકવાસીના નિમીત્તે બે મિનિટની શ્રદ્ધાંજલી આપેલ.

- **સતસંગમાં સંતોએ પોતાની વાણીથી રસપાન કર્યુ :**

(૧) **સંતશ્રી મણીબાપા-ખેડબ્રહ્મા :** ભારત દેશ ઋષિમુનિઓની ભૂમિ છે. ગુરુ કરવા પરંપરા છે આપણે આત્મા એ પરમાત્મથી છૂટા પડેલ છીએ. આપણો આત્મા અને પરમાત્મા મિલન કરવા માટે ગુરુની જરૂર પડે ગુરુના વચનમાં ચાર વેદોનો જ્ઞાન હોય છે. જ્યાં સુધી ગુરુની કૃપા ના થાય ત્યાં સુધી આપણે અધૂરા છીએ.

(૨) **પૂ. શાંતીદાસજી મહારાજ-ગોતાકંપા :** ગુરુદેવના ચરણમાં વંદન કરૂ છું. સંતોના ચરણમાં વંદન કરૂ છું. જ્યાં સદ્‌ગુરુનાં ગુણલાં ગવાય છે તે ધરા પવિત્ર થાય છે. જ્યાં ગુરુદેવને સતસંગ કરતા ત્યાં ભક્તજનો ભાવ વિભોર બની જતા.

(૩) **પૂ. સંતશ્રી પ્રેમદાસબાપુ-પંચવટી (અમેરીકા) :** આજે રામનવમીનો પવિત્ર દિવસ. પૂ. રામદાસબાપુ કહેતાં કે શબ્દ એ બ્રહ્મ છે. જે શબ્દ બોલો એ વિચારીને બોલજો. જે શબ્દ બોલવામાં આવે છે તે અખિલ બ્રહ્માંડમાં ફરે છે. પૂ. રામદાસબાપુ અને પૂ. નથ્થુરામબાપાએ મહાપુરુષ થઈ ગયા. માયાઓ તેમના ચરણમાં રહેતી. ભક્તિ કરવી હોય તો તીવ્ર વૈરાગ્ય જોઈએ. આપણે કોણ છીએ. આપણે સતપંથી છીએ. આપણે કોના ગુરુ છીએ. બધાને સુખ શાંતિ અને આનંદ જોઈએ છે. ગુરુએ જે મંત્ર આપ્યો હોય તેનું રટણ કરવું. એટલે ગુરુવાક્યમાં શ્રદ્ધા અને વિશ્વાસના હોય તો મંત્રની શક્તિ મળતી નથી. બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે.

● જીવ જેનું સતત ધ્યાન કરે છે તેની આકૃતિ તેના મુખ ઉપર પડે છે ●

(૪) સંતશ્રી જયરામદાસ મહારાજ-નિષ્કલંકી ધામ, નખત્રાણા : ગુરુદેવ સત્યને વરેલા મહાપુરુષ હતા. ક્ષત્રિય અને બ્રહ્મનિષ્ઠ હતા. એમની પાસે ખોટો 'આડબર' ન હતો. આપણું મન ભ્રાંતિમાં પડી ગયું છે. જેને પ્રેમ ભક્તિમાં પચાવો તે ભક્તિની સાચી લગની લાગે છે.

આત્મા અને પરમાત્મા વચ્ચે ગુરુ માધ્યમ છે. અભ્યાસ કરવાની જરૂર છે. અભ્યાસથી આગળ જવાય છે. નાની ઉંમરથી અભ્યાસ કરવો જોઈએ. સાચો ધર્મ મળ્યો છે. અંતરકણ ઉજળાં હશે તો જ્ઞાન મળશે. આપણા પોતાના દોષ જોવા જોઈએ. બીજાના દોષ ના જુઓ. મહાપુરુષને જીવનચરિત્ર જુઓ. યુવાન વર્ગને વિનંતી છે કે તમે શાસ્ત્રનો અભ્યાસ કરો. પોતાને નિર્ણય કરવો પડશે. તમે કરો પછી બીજાને કહેશો. કાચના વાસણ તુટતાં વાર નથી લાગતી એવો આપણો મનુષ્ય દેહ છે.

(૫) શ્રીસંત મહંતશ્રી શિવરામદાસજી મહારાજ-કુકસ : રામનવમીનો પવિત્ર દિવસ છે ચૈત્રી નવરાત્રીના દિવસમાં નદી સાગરમાં મળે છે નદી મટી જાય છે. ગુરુના ગુણલાં ગાવા આવ્યા છીએ. વ્હાલા ગુરુદેવ ગુણલાં ગાવાના શબ્દો નથી સો ચટનું સોનુ થવું હોય તો સહન કરવું પડે છે ખોરાક મુખ્ય પાયો છે. આહાર સાત્વક હોવો જોઈએ. ગુરુદેવના દર્શન કરવા તીવ્રતા હોવી જોઈએ. ''સંસ્કારનું સિંચન'' ફિલ્મ બનાવી આગામી સમય ખરાબ આવે છે. સંસ્કાર આપણા ઘરમાંથી મળશે. આવતી પેઢી કેમ બચાવશો ? ગર્ભના સંસ્કાર શું છે ? આપણે જાતે વિચારોમાં પરિવર્તન કરવું પડશે :

બપોરના ૧.૦૦ કલાકે પૂ. સંતશ્રી રામદાસાબાપુ શિવમંડળની વાર્ષિક જનરલ સભા કરવામાં આવી. આવતા વર્ષમાં રામનવમી શિષ્યમંડળ સ્નેહમિલનનું લવાડફાર્મ (દહેગામ)નું સ્થળ નક્કી કરવામાં આવેલ.

પછી ૨.૦૦ (બપોરના) વારિયજ્ઞ મહાપુજા કરવામાં આવેલ. દરેક શિષ્યબંધુઓ દહેગામ સતપંથ સમાજ મહેમાનોએ લાભ લીધો.

છેલ્લે આભાર દર્શન - કિરીટભાઈ એ. પટેલ કરેલ. આમંત્રણોને માન આપી સંતો મહંતો શિષ્ય બંધુઓ, સતપંથ સમાજ દહેગામ, મંડપવાળાભાઈ, રસોઈયાભાઈ, સ્વયંસેવક મિત્રો, ફોટોગ્રાફર વગેરેનો આભાર માનવામાં આવેલ હતો.

સતસંગ અને વારિયજ્ઞ મહાપુજાના સફળ સમાપનના આ પ્રસંગ માટે શાંતિભાઈ સાહેબને ખૂબ ખૂબ આભાર આપવામાં આવે છે. અને પૂ. ગુરુદેવની દિવ્ય પ્રતિમા અને સંતોનાં દર્શન મિલન વિધિ કરી પ્રસાદ પૂર્ણ થયેલ.

●●●

લેખકોને નમ્ર નિવેદન

૧. 'સતૂપંથ પ્રકાશ' સતૂપંથ સંપ્રદાયનું ધાર્મિક માસિક મુખપત્ર (પુસ્તિકા) છે તેમાં સંપ્રદાયને તથા સર્વોપયોગી થાય તેવા લેખો, વાર્તાઓ, જીવન વૃતાંત,કાવ્યો, ભજનો વગેરે કૃતિઓ પ્રગટ થાય છે.
૨. કૃતિઓ ફુલસ્કેપ કાગળ ઉપર એક બાજુએ સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. લખાણની તમામ જવાબદારી લેખકની રહે છે. પોસ્ટકાર્ડ કે આંતરદેશીય પત્ર પર લખેલા લેખ રદબાતલ ગણાશે.
૩. પોતાનો લેખ અંકમાં ફરજિયાત પ્રગટ થાય તેવો આગ્રહ રાખવો નહીં. લેખકે અત્રે મોકલેલ લેખની એક નકલ પોતાની પાસે અવશ્ય રાખવી.
૪. 'સતૂપંથ પ્રકાશ'માં પ્રગટ થતા બધા લેખો સાથે સંપાદક હંમેશાં સહમત છે તેમ માનવું નહિ. લેખ પ્રસિધ્ધ કરવો કે નહિ તે સંપાદકને આધીન છે.

ગુરુકૂળ વર્તમાન

- પ્રિ. શાંતિભાઈ સાહેબ, ગુરુકૂળ, પીરાણા

ગુરુકૂળ વિદ્યાવિહાર ઈંગ્લિશ સ્કૂલ તથા જગદ્‌ગુરુશ્રી કરશનદાસજી મહારાજ સંસ્કાર વિદ્યાલય પીરાણામાં ફેબ્રુઆરી માસ દરમિયાન અનેકવિધ સામાજિક, ધાર્મિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું.

તા. ૯/૦૨/૨૦૧૯નાં રોજ અમદાવાદ સ્થિત 'સંવેદના ફાઉન્ડેશન' તથા અમેરિકા સ્થિત 'મનોધરમ' સંસ્થાના સંયુક્ત ઉપક્રમે માન.બી.કે. પટેલ સાહેબના સહયોગથી બંન્ને માધ્યમનાં ધો. કે.જી. થી ધો. ૮ સુધી અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ અંદાજીત ૪,૦૦,૦૦૦ રૂપિયાનાં પુસ્તકોનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બી.કે.પટેલ સાહેબની પેઢીના સહકર્મચારી દિવ્યાંગભાઈ પંચાલ, ડેનિશભાઈ માવાણી તથા પ.પૂ. સંતશ્રી પુરસોત્તમદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

તા. ૧૦/૦૨/૨૦૧૯નાં રોજ આપણા સૌના હૃદયમાં બિરાજમાન પ.પૂ. સંતપંથાચાર્ય જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજની ૮૯મી જન્મદિનની ભવ્ય ઉજવણી સંતો તથા શિષ્યગણ તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવવામાં આવી હતી.

તા. ૧૩/૦૨/૨૦૧૯નાં રોજ બંન્ને માધ્યમનાં ૭૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ઉપરાંત તમામ કર્મચારીઓ નાઝ નિવાસી ફાલ્ગુનભાઈ શાહનાં સૌજન્યથી ૧૪ થી વધારે બસ લઈ ભગવાન રણછોડજીનાં ડાકોર સ્થિત મંદિરે દર્શનાર્થે ગયા હતા તથા ધજારોહણ કાર્યક્રમમાં હાજરી આપી. પીરાણા પરત ફરતા સિદ્ધિ વિનાયક મંદિરના દર્શન કર્યા હતા.

તા. ૨૭/૦૨/૨૦૧૯નાં રોજ સંતશ્રી શ્રી શ્રી રવિશંકર પ્રેરિત યોગ, પ્રાણાયામ તથા ધ આર્ટ ઓફ લિવિંગ અંતર્ગત પ્રશિક્ષક એસ.કે.ઝેના દ્વારા ધો.૧૦ તથા ધો.૧૨નાં વિદ્યાર્થીઓ માટે એક દિવસિય માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.કે.ઝેના દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કરી પ્રેરણા પુરી પાડી હતી.

તા. ૨૮/૦૨/૨૦૧૯ના રોજ બંન્ને માધ્યમમાં ધો.૧૦ તથા ધો.૧૨ સામાન્ય વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદાય તથા પરીક્ષા માટે શુભેચ્છા આપવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે પ.પૂ. સંતશ્રી શામળદાસજી મહારાજ, પ.પૂ. સંતશ્રી પરસોત્તમદાસજી મહારાજ, શ્રી કચ્છ કડવા પાટીદાર સત્‌પંથ સનાતન સમાજ ટ્રસ્ટનાં માન. પ્રમુખશ્રી દેવજીભાઈ (મુંબઈ)મંત્રીશ્રી ચંદુભાઈ પટેલ માન. ખજાનચી રાજાભાઈ, સહમંત્રીશ્રી શાંતિભાઈ ઉપરાંત ટ્રસ્ટીઓ, ઈમામશા બાવા રોઝા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ખિમજી બાપા તથા આચાર્યશ્રી શાંતિલાલ એમ. પટેલ, શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ગુલાબ, પેન, પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજનો શુભેચ્છા સંદેશ અર્પણ કરી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભેચ્છા આપવામાં આવી હતી.

●●●

નમ્ર નિવેદન

આથી ''સત્‌પંથ પ્રકાશ'' માસિકના માનવંતા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે આપનાં સરનામાં બદલવાનાં થાય ત્યારે નવા સરનામા સાથે જુનું સરનામું પીનકોડ નંબર સાથે તેમજ ગ્રાહક નંબર, કોડ નંબર અને આપનો મોબાઈલ નંબર અવશ્ય લખવા.

નોંધ : સરનામાં બદલવા માટેની ઉપર જણાવેલ વિગત રૂબરૂ લેખિતમાં અથવા રજીસ્ટર પોષ્ટ, ઈ-મેઈલ દ્વારા 'સત્‌પંથ પ્રકાશન સમિતિ' કાર્યાલયમાં મોકલવા મહેરબાની કરશો.

●

- સંપાદકશ્રી

 ● સ્વદોષનું વર્ણન કરો અને ભગવદ્‌ ગુણના વખાણ કરો એટલે ભગવાનને તમારી દયા આવશે ●

ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ

શ્રી કચ્છ કડવા પાટીદાર સત્પંથ સનાતન સમાજ ટ્રસ્ટ સંચાલિત

ગુરુકુળ વિદ્યાવિહાર ઈંગ્લિશ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ)

જગદ્‌ગુરુશ્રી કરસનદાસજી મહારાજ સંસ્કાર વિદ્યાલય (ગુજરાતી માધ્યમ)

મુ.પો. પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ, પીન. ૩૮૨૪૨૫

શાળામાં ચાલતાં ધોરણ (અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ)

કે.જી. તથા ધો. ૧ થી ૧૨ (વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ)

સંસ્થાની વિશેષતાઓ :-

૧. સૌથી ઓછી ફી માં વધુ સુવિધા તથા ઉત્તમ પરિણામ આપતી સંસ્થા.
૨. આધુનિક સુવિધાયુક્ત હોસ્ટેલ બિલ્ડીંગ. (અલગ અલગ માધ્યમ પ્રમાણે ભાઈઓ તથા બહેનોને અલગ અલગ રહેવાની સુવિધા)
૩. શિક્ષણની સાથે વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર કરતી સંસ્થા

ફી ની વિગત (વાર્ષિક)

સ્કૂલ ફી તથા હોસ્ટેલ ફી (બંને માધ્યમ)		અપડાઉન સ્કૂલ ફી (બંને માધ્યમ)	
કે.જી. થી. ધો. ૫	- ૨૪,૦૦૦/-	કે.જી. થા. ધો. ૫	- ૧૨,૦૦૦/-
ધો. ૬ થી ધો. ૮	-૨૬,૦૦૦/-	ધો. ૬ થી ધો. ૮	- ૧૩,૦૦૦/-
ધો. ૯ થી ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ)	- ૩૦,૦૦૦/-	ધો. ૯ થી ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ)	- ૧૬,૦૦૦/-
ધો. ૧૧/૧૨ (વિજ્ઞાન પ્રવાહ)	- ૬૪,૦૦૦/-	ધો. ૧૧/૧૨ (વિજ્ઞાન પ્રવાહ)	- ૫૦,૦૦૦/-

નોંધ :-

૧. સ્કૂલ યુનિફોર્મ તથા બૂટ-મોજા માટે ૧૨૦૦/- રૂપિયા અલગથી આપવાના રહેશે.
૨. કચ્છ કડવા પાટીદાર સમાજ તથા સતપંથ સંપ્રદાય સિવાયનાં બાળકો માટે ઉપરોક્ત દર્શાવેલ હોસ્ટેલ ફી માં ૯૦૦૦/ રૂા. વધારાનાં આપવામાનાં રહેશે.
૩. ધો. ૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ માટે એસ.એસ.સી. બોર્ડમાં ૯૦% કે તેથી ઉપર લાવનાર વિદ્યાર્થીને સ્કૂલ ફી માં ૧૦૦% તથા ૮૫% કે તેથી ઉપર લાવનારને સ્કૂલ ફી માં ૫૦% રાહત (પ્રોત્સાહન સ્વરૂપે ફી માફી) આપવામાં આવશે.

પ્રવેશ માટે સૂચના :

૧. કે.જી. તથા ધો. ૧ માટે જન્મ તારીખના દાખલાની નકલ રજૂ કરવી.
૨. નવા પ્રવેશ માટે અગાઉની શાળાના એલ.સી./ ટી.સી. તેમજ અસલ માર્કશીટ તથા ઝેરોક્ષનકલ અને પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ રજૂ કરવા.
૪. અગાઉની શાળાનાં એલ.સી./ટી.સી.માં શાળાનો ગોળ સિક્કો લગાવવો ફરજીયાત છે.
૫. ગુજરાત બહારના વિદ્યાર્થીઓ માટે એલ.સી./ટી.સી. પાછળ સક્ષમ અધિકારીના સહી/સિક્કા (કાઉન્ટર સાઈન) કરાવવાં ફરજીયાત છે.
૭. અગાઉની શાળાના એલ.સી./ટી.સી. પાછળ વિદ્યાર્થીનો ૧૮ અંકનો યુ.આઈ.ડી.નંબર તેમજ શાળાનો ૧૧ અંકનો ડાયસકોડ લખવો ફરજીયાત છે.
૮. વાલીના / વિદ્યાર્થીના બેંક ખાતાની પાસબુક / ચેકબુકની નકલ જોડવી.
૯. નવા પ્રવેશની કાર્યવાહી તા. ૧-૪-૨૦૧૯થી શરૂ કરવામાં આવશે.
૧૦. વેકેશનમાં ઓફીસ સમય સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ નો રહેશે.
૧૧. પ્રવેશ માટે ફોન પર સંપર્ક કરીને જ આવવું.

● પ્રવેશ માટે સંપર્ક ●

શ્રી શાંતિલાલ એમ. પટેલ (આચાર્યશ્રી) ફોન નં. (૦૨૭૧૮) ૨૮૮૩૨૦, મો. ૯૪૨૭૦૨૬૨૫૨

● સુખાવસાને, દુઃખાવસાને, દેહાવસાને ભગવાનની સ્તુતિ કરવી ●

અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)





ગુરુકુળ વર્તમાન



ગુરુકુળ વિદ્યાવિહાર હોસ્ટેલ

ગુરુકુળમાં આવેલ ભંડારાના દાતાશ્રીઓ

એપ્રિલ- ૨૦૧૯ના માસ માટે ભંડારો

નંબર	દાતાનું નામ	ગામનું નામ
૧.	વનરાજ ક્વોરી વર્ક્સ	વડાગામ
૨.	જયમીન ક્વોરી વર્ક્સ	વડાગામ

ઉપર મુજબના દાતાશ્રીના ભંડારાના સહયોગ બદલ આ પુનિત કાર્ય માટે ઈમામશાહ મહારાજ અને જગદ્‌ગુરુ સત્પંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજના શુભાશિષ.

જન કલ્યાણ અર્થે ઉપયોગમાં લેવામાં આવેલ સંપત્તિ પવિત્ર થઈને અનેક ઘણાં સ્વરૂપે પાછી મળે છે. કુદરતનો આ સહજ સિદ્ધાંત અનુસરીને આપશ્રી દ્વારા આ સંસ્થાને આપેલ આર્થિક સહયોગ બદલ સમગ્ર ગુરુકુળ પરિવાર અને પ્રેરણીપીઠ પીરાણા સંસ્થા આપનો હૃદયપુર્વક આભાર માને છે. આપશ્રી આ અન્નદાનનું મહત્ત્વ સમજ્યાં છો, આપની આવનારી પેઢી આવા સુંદર સંસ્કારી કાર્યમાંથી પ્રેરણા લેતી રહેશે એવી શુભકામના સાથે ફરીથી અમારો સમગ્ર ગુરુકુળ પ્રેરણાપીઠ પરિવાર આપનો હૃદયપૂર્વક આભાર માને છે.

જયશ્રી નિષ્કલંકી નારાયણ

દેવજીભાઈ કરશનભાઈ ભાવાણી
પ્રમુખશ્રી ક.ક.પા.સ.સ.સમાજ ટ્રસ્ટ

ચંદુભાઈ ગોપાલભાઈ પટેલ
મંત્રીશ્રી ક.ક.પા.સ.સ.સમાજ ટ્રસ્ટ

શ્રી કચ્છ કડવા પાટીદાર સત્પંથ સનાતન સમાજ ટ્રસ્ટ સંચાલિત વિદ્યાર્થી-છાત્રાલય

બ્રહ્મ ભોજન તિથિના દાતાશ્રીઓ : મે - ૨૦૧૯

સવારના ચા-નાસ્તાની તિથી રકમ-૨૫,૦૦૦/-, બપોરના ભોજનતિથી રકમ-૫૧,૦૦૦/-, સાંજના ભોજનતિથી રકમ-૪૧,૦૦૦/-, (આખા દિવસ માટે તિથી રકમ - ૧,૧૭,૦૦૦/-)

તારીખ	સવાર	બપોર	સાંજ
૧.	સ્વ. અરજણભાઈ શીવજીભાઈ, હ. ચંદુભાઈ એ નરસિંહભાઈ - મુ. લવાડફાર્મ, દહેગામ.		

અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)



અમૃત મહોત્સવ સંઘ મેળો

પ્રેરણાપીઠ પીરાણા (સંવત ૨૦૭૫ ચૈત્રસુદ ૨, રવિવાર તા. ૭-૪-૨૦૧૯)



પ.પૂ. સંત શિરોમણી શ્રી રામદાસબાપુની ૨૬મી પુણ્યતિથીની ઉજવણી

દેવપર (કચ્છ) ખાતે, (તા. ૧૬-૦૫-૨૦૧૯)









શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિ મંદિર ૧૧મો વાર્ષિક પાટોત્સવ

સ્થળ : જીયાપર, તા. નખત્રાણા-કચ્છ, તા. ૧૮-૦૪-૨૦૧૯









જાહેર આમંત્રણ

સતપંથ પ્રેરણાપીઠના એકવીસમા ગાદીપતિ

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની બત્રીસમી પુણ્યતિથિ મહોત્સવ

પ્રેરણાપીઠ - પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ (તા. ૩૦-૦૫-૨૦૧૯)

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ તેમજ ભાવિક ભક્તજનો જોગ



● પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ ●

સહર્ષ જણાવવાનું કે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની કૃપા અને સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણાથી, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની બત્રીસમી પુણ્યતિથિ ઉજવવાનું આયોજન સં. ૨૦૭૫, વૈશાખ વદ-૧૧ને ગુરુવાર તા. ૩૦-૦૫-૨૦૧૯ના દિવસે પ્રેરણાપીઠ-પીરાણા મધ્યે રાખવામાં આવેલ છે. તો સૌ શિષ્યમંડળ તથા ધર્મપ્રેમી ભાવિક ભક્તજનોનો મહોત્સવનો ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

:: કાર્યક્રમ સૂચિ ::

તા. ૨૯-૫-૨૦૧૯ : સાંજે : ૮-૦૦ કલાકે : ભજન-સત્સંગ (ગુરુવર્યની સમાધિ સ્થળે)
બુધવાર

તા. ૩૦-૫-૨૦૧૮ : સવારે : ૬-૦૦ કલાકે : અલ્પાહાર
ગુરુવાર : સવારે : ૭-૦૦ કલાકે : પ.પૂ. બ્રહ્મલીન મહારાજનાં પૂજન-અર્ચન-આરતી
સવારે : ૮-૦૦ કલાકે : પ્રાસંગિક પ્રવચનો અને મંતવ્યો
સવારે : ૯-૦૦ કલાકે : મહાપૂજા, શિષ્યમંડળ પરિચય
બપોરે : ૧૧-૦૦ કલાકે : બ્રહ્મભોજન-મહોત્સવ પૂર્ણાહુતિ

પુણ્યતિથિ મહોત્સવના બ્રહ્મભોજનના દાતા :

શ્રી ડાહ્યાભાઈ માવજીભાઈ પટેલ - પરિવાર-પણસોરા
હ.શ્રી કાંન્તીભાઈ વસરામભાઈ પટેલ
શ્રી અંબાલાલ પચાણભાઈ છાભૈયા
શ્રી જયંતિભાઈ વસરામભાઈ પટેલ
શ્રી જયંતિભાઈ છગનભાઈ છાભૈયા
શ્રી બાબુભાઈ પચાણભાઈ છાભૈયા
મું. ગોટાજલાટ - નડીયાદ

સવારના ચા-નાસ્તાના દાતા

લક્ષ્મી કન્સ્ટ્રક્શન - નાસિક.
હ. ચુનીલાલ હંસરાજભાઈ રૂડાણી - નાસિક

સમાધિ સ્થળે પ્રસાદ :

શ્રી ચુનીલાલ હંસરાજભાઈ રૂડાણી - નાસિક

સંપર્ક

સંપર્ક : શ્રી રમણભાઈ માધાભાઈ પટેલ : મો. ૦૯૮૨૫૦૬૨૬૬૮
શ્રી સુરેશભાઈ મેઘજીભાઈ પટેલ : મો. ૦૯૪૨૬૮૯૦૨૬૨
શ્રી જશુભાઈ દેવશીભાઈ પટેલ : મો. ૦૯૪૨૭૦૮૧૬૮૮

નિમંત્રક
બ્રહ્મલીન પ.પૂ. આચાર્યશ્રી
સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ વતી,
પ.પૂ. મહંતશ્રી રવિદાસજી મહારાજ
- પ્રેરણાપીઠ, પીરાણા.


@ Bill Atladra Road, Vadodara
AAVKAR
BUNGALOWS
3 BHK
Luxury Bungalows
@ Sama Savli Road, Vadodara
AASHIRWAD
RESIDENCY
2-3 BHK FLATS
3-4 BHK PENTHOUSES
SHOPES
a project by
AVADH
GROUP
With Best Compliments From
Mohanbhai Patel : 9825023810
Dineshbhai Patel : 9426549747 | Ramanbhai Patel : 9825019402
Nareshbhai Patel : 7574073548 | Jayantibhai Patel : 9427032051
With Best Compliments From
AADITYA
RESIDENCY - 2
Vadodara
2BHK FLATS
AADITYA
GROUP
Aaditya Residency-2,
Opp. Dream Castle, B/h. Gayatri Party Plot,
Nr. Gotri Old Jakat Naka, Gotri, Vadodara.
M.: 76001 89597 , 94260 75145
•Kitchen •Bedroom •Bathroom •Swimming Pool
With best compliments
from
Homeplus
elements for home
JAY SALES CORPORATION
ARAN
SIEMENS
Built in Appliances
HunterDouglas
PALLADIO
piccolo
BOSCH
smartlife
GF-13, Vardhman Resi-Com. Plaza, Subhanpura Main Road, Subhanpura, Vadodara - 23
Phone : 0265 - 2391230, 2390026 Mail : info@homeplusgroup.in
62

હાર્દિક શુભેચ્છા સહ...

સતપંથ પરિવાર, હરણી, વડોદરા

પટેલ સો મીલ	અશોકભાઈ	9998321051
	મહેશભાઈ	9428881708
સત્યમ પ્લાયવુડ	જગદીશભાઈ	9974385051
	મણીભાઈ	9427592738
પટેલ ટીમ્બર ટ્રેડર્સ	હરીશભાઈ	9428975865
	હિંમતભાઈ	9426054665
પટેલ પ્લાયવુડ	બાબુભાઈ	9428472403
	મેહુલભાઈ	9537374745
જલારામ સો મીલ	રમેશભાઈ	9726732548
	જયંતિભાઈ	9427032051
વિશ્વકર્મા વુડ વર્કસ	દિનેશભાઈ	9825825187
	ચંદ્રેશભાઈ	8796119811
ઈશ્વર પેપર મીલ	યોગેશભાઈ	9909032327
	વેલજીભાઈ	9427538926
Personal IT Consultant	કાન્હાભાઈ	9724735489
	ગૌતમભાઈ	9974013335

॥ सनातन सतपंथ ॥

With Best Compliments From

AADHYA GROUP
VADODARA

Builder & Developers

N.C. Patel	94283 00932
C.V. Patel	94270 32053
A.N. Patel	90999 20195
D.S. Patel	94265 65316
H.C. Patel	75677 10345
B.J. Limbani	97374 83022
J.C. Patel	78745 11311

With Best Compliments From

Orchid Group


ORCHID Calisto
2&3 BHK LUXURIOUS FLATS

3 BHK LUXURIOUS FLATS
ORCHID FLORA

Behind Mc. Donald, Sama Savli Road, Vemali, Vadodara.

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18-05-2012. Registered Under Postal Registration No. GAMC - 1830/2018-2020 By S.S.P. Ahmedabad City DN Valid up to 31st December 2020. Licence to Post without Prepayment No. PMG/HQ/006/2018-2020 valid up to 31-12-2020. Posted on 15th Every Monthy from PSO Patrika Channal Ahmedabad-380002.

દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક



if not delivered please return to :

સત્પંથ પ્રકાશ
સત્પંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

Printed, and Published by **SHANTIBHAI D. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Sunshine Printers**, G-9, Ravi Estate, Rustam Mill Compound, Opp. BRTS Gurudhwara Bus Stop, Dudheswar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHANTIBHAI D. PATEL**